# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

22 MARCH, 2026 SUNDAY



પેજ 2



UCC મુદ્દે ઈદના દિવસે ઓવૈસીની પાર્ટીનું પ્રદર્શન જુમ્મા મસ્જિદ બહાર બેનરો દર્શાવીને કર્યો વિરોધ

પેજ 3



સિવિલ હોસ્પિ.લિકર પરમિટ કૌભાંડ, 5 કર્મચારીની હકાલપટ્ટી

પેજ 7



રાજસમઢીયાળા ગામમાં 20 વર્ષની યુવતીનો ઝેરી દવા પી આપઘાત

પેજ 5



ખોટા દસ્તાવેજ અને બોગસ સહીથી જમીન પચાવી પાડયાના એસ્ટેટ બ્રોકરના આક્ષેપ



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 06 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


UAE, કતાર અને કુવૈતમાં ખુલ્લા મેદાનમાં નમાઝ પર પ્રતિબંધ

## 60 વર્ષમાં પહેલીવાર અલ-અક્સા મસ્જિદ ઈદમાં બંધ:ઈરાનમાં બજાર વેરાન

### 28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન વિરુદ્ધ શરૂ થયેલા યુદ્ધ બાદ, સુરક્ષા કારણોસર ઈઝરાયલી અધિકારીઓએ જેરુસલેમમાં સામાન્ય લોકોની એન્ટ્રી બંધ કરી દીધી છે

• તેલ અવીવ/તેહરાન

જેરુસલેમના ઓલ્ડ સિટીમાં શુક્રવારે એક ઈરાની બેલિસ્ટિક મિસાઈલનો કાટમાળ પડ્યો. આ ટુકડો વેસ્ટર્ન વોલ અને અલ-અક્સા મસ્જિદથી લગભગ 400 ગજ દૂર પડ્યો. દુનિયાભરમાં ઈદનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું છે. મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા 22 દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. આવા સમયે, 60 વર્ષમાં પહેલીવાર ઈઝરાયલના જેરુસલેમમાં અલ-અક્સા મસ્જિદને ઈદની નમાઝ માટે બંધ કરી દેવામાં આવી છે.1967ના આરબ-ઈઝરાયલ યુદ્ધ પછી પહેલીવાર છે, જ્યારે અલ-અક્સાને સંપૂર્ણપણે બંધ કરવામાં આવી છે. આ મુસ્લિમો માટે મક્કા અને મદીના પછી ત્રીજું સૌથી પવિત્ર સ્થળ છે. ઈરાનમાં શુક્રવારે ઈદ મનાવવામાં આવી.આ પ્રસંગે બજારો સુમસામ જોવા મળ્યા. જ્યારે કતાર, UAE અને કુવૈત જેવા ખાડી દેશોમાં આજે ઈદ મનાવવામાં આવી રહી છે. યુદ્ધના કારણે આ દેશોમાં ખુલ્લા મેદાનોમાં નમાઝ પઢવા પર રોક લગાવી દેવામાં આવી છે.

બેલિસ્ટિક મિસાઈલ હુમલા બાદ ઈઝરાયલે અલ-અક્સા મસ્જિદની બહાર તૈનાતી વધારી દીધી. ઈદ-ઉલ-ફિત્રના અવસરે ઈઝરાયલના જેરુસલેમમાં નમાઝ પઢતા લોકો.ઈદ-ઉલ-ફિત્રના અવસરે ઈઝરાયલના જેરુસલેમમાં નમાઝ પઢતા લોકો.28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન વિરુદ્ધ શરૂ થયેલા યુદ્ધ બાદ, સુરક્ષા કારણોસર ઈઝરાયલી અધિકારીઓએ જેરુસલેમમાં સામાન્ય લોકોની એન્ટ્રી બંધ કરી દીધી છે.ફક્ત ત્યાં રહેતા લોકો અથવા દુકાનદારો જ અંદર જઈ શકે છે.

6 માર્ચથી વેસ્ટર્ન વોલ, અલ-અક્સા મસ્જિદ અને ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર જેવા તમામ ધાર્મિક સ્થળો બંધ છે. સમગ્ર દેશમાં ભીડ પર પણ પ્રતિબંધ છે. મસ્જિદની અંદર 100 અને બહાર 50 લોકો સુધી જ



એકઠા થવાની મંજૂરી છે.

જેરુસલેમના જૂના શહેરના ગેટ પર શુક્રવારે ઈદ-ઉલ-ફિત્રની નમાઝ દરમિયાન સેંકડો મુસ્લિમ નમાઝીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. નમાઝીઓ 'અલ્લાહુ અકબર' અને કલમા પઢતા ગેટની અંદર જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ પોલીસે સેંકડો લોકોને બળજબરીથી હટાવ્યા.હમાસ અને ઈસ્લામિક જિહાદના સભ્યો ઈદના અવસરે ગાઝા શહેરમાં નમાઝ માટે એકઠા થયેલા લોકોને મુબારકબાદ આપતા. ઈઝરાયલ સાથે ચાલી રહેલા યુદ્ધ અને આર્થિક સંકટને કારણે સામાન્ય વસ્તુઓ પણ ખૂબ મોંઘી થઈ ગઈ છે. ખાસ કરીને ઈદના સમયે રમકડાં, ફળો અને શાકભાજીના ભાવ ઘણા વધી ગયા છે. શુક્રવારે ઈદની ખરીદી કરતી મહિલાઓ. ઈઝરાયલ સાથે ચાલી રહેલા યુદ્ધ અને આર્થિક સંકટને કારણે સામાન્ય વસ્તુઓ પણ ખૂબ મોંઘી થઈ ગઈ છે. ખાસ કરીને ઈદના સમયે રમકડાં, ફળો અને શાકભાજીના ભાવ ઘણા વધી ગયા છે. શુક્રવારે ઈદની ખરીદી કરતી મહિલાઓ. ઈરાનમાં આ વખતે ઈદ ઉલ ફિતરનો તહેવાર યુદ્ધ અને તણાવના ઓથાર હેઠળ ઉજવવામાં આવ્યો. રમઝાન પૂરો થયા પછી દેશભરમાં લોકોએ મસ્જિદો અને ધાર્મિક સ્થળોએ નમાઝ અદા કરી. યુદ્ધ અને હુમલાઓને કારણે ઘણી જગ્યાએ ઉજવણી સાદગીથી કરવામાં આવી. બજારોમાં પણ રોનક ઓછી રહી અને ઘણી દુકાનો બંધ જોવા મળી.ઈરાનમાં પરિવારોએ ઈદના અવસરે અમેરિકી-ઈઝરાયલી શાળા હુમલામાં માર્યા ગયેલા બાળકોની કબરો પર જઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે. હુમલામાં 170 બાળકો માર્યા ગયા.ઈરાનમાં પરિવારોએ ઈદના અવસરે અમેરિકી-ઈઝરાયલી શાળા હુમલામાં માર્યા ગયેલા બાળકોની કબરો પર જઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે. હુમલામાં 170 બાળકો માર્યા ગયા.UAEમાં ઈદ-ઉલ-ફિત્રના અવસરે શુક્રવારથી સોમવાર સુધી 4 દિવસની રજાની જાહેરાત કરવામાં આવી છે. સમગ્ર દેશમાં બજારો, મોલ અને સાર્વજનિક સ્થળોએ રોશની અને સજાવટ કરવામાં આવી હતી અને લોકોની સારી એવી ભીડ જોવા મળી હતી. જોકે, સુરક્ષા વ્યવસ્થા પહેલા કરતા વધુ કડક કરી દેવામાં આવી છે.અબુ ધાબીમાં શુક્રવારે ઈદના અવસરે લોકો રસ્તા પર ફરતા જોવા મળ્યા.



## સરખેજમાં પોલીસના આશીર્વાદથી નશાનું સામ્રાજ્ય

### 'વહીવટદાર' ના ખિસ્સા ગરમ, જનતાનું જીવવું હરામ!

અમદાવાદ: શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ લાગે છે. ખાસ કરીને સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ધંધાઓએ માઝા મૂકી છે. 'પાક્કો ગુજરાત' દ્વારા કરવામાં આવેલા પર્દાફાશ મુજબ, અહીં માત્ર દારૂ જ નહીં પણ જીવલેણ ડ્રગ્સનું વેચાણ પણ પોલીસની રહેમનજર હેઠળ ચાલી રહ્યું છે.

### વહીવટદારનું 'સમાંતર શાસન'

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, સરખેજ પી.આઈ. એલ.એલ. ચાવડાના કહેવાતા વહીવટદાર, જે હાલ કે-ડિવિઝનમાં ફરજ બજાવે છે, તે સરખેજ અને એરપોર્ટ પોલીસ સ્ટેશનનો વહીવટ સંભાળી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. વિપુલ આહીર નામનો આ શખ્સ ઉચ્ચ અધિકારીઓ (DCP, ACP) અને PCB સ્કોડના નામે માસિક લાખો રૂપિયાના હપ્તા ઉઘરાવતો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

### 'વહીવટદાર' મોડસ ઓપરેન્ડી - ખાખીના નામે લાખોનો ખેલ?

કોણ છે વિપુલ આહીર?

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપુલ આહીર સત્તાવાર રીતે કે-ડિવિઝનમાં ફરજ બજાવે છે, પરંતુ તેનો અસલી 'પાવર' સરખેજ અને એરપોર્ટ પોલીસ સ્ટેશનના સીમાડાઓમાં ફેલાયેલો છે.

હપ્તાનું ગણિત: આરોપ છે કે તે પી.આઈ. (P.I.) ના નામે બુટલેગરો પાસેથી લાખોનો માસિક હપ્તો ઉઘરાવે છે.

PCB સ્કોડના નામે ઉઘરાણું: રેડ પાડવાના ડર બતાવીને જુગારધામ અને દારૂના અડ્ડા ચલાવતા તત્વો પાસેથી 'પ્રોટેક્શન મની' લેવામાં આવે છે.

સવાલ: એક સામાન્ય પોલીસ કર્મચારી આટલા મોટા પાયે 'વહીવટ' કઈ રીતે કરી શકે? શું ઉચ્ચ અધિકારીઓનું તેને પીઠબળ છે?

યુવા પેઢીના લોહીમાં ભળતું એમ.ડી. (MD) ડ્રગ્સ

સરખેજ વિસ્તાર હવે માત્ર દારૂ પૂરતો સીમિત નથી રહ્યો. અહીં ઈરફાન અને આસીફ જેવા તત્વોના માધ્યમથી:

કેમિકલ યુક્ત દેશી દારૂ: લઠ્ઠાકાંડ જેવી હોનારત નોતરી શકે તેવો ઘાતક દારૂ વેચાઈ રહ્યો છે.

હોલસેલ સપ્લાય: આ વિસ્તાર આખા અમદાવાદમાં ઈંગ્લિશ દારૂ સપ્લાય કરવાનું કેન્દ્ર બની ગયું છે.

ડ્રગ્સનું નેટવર્ક: એમ.ડી. ડ્રગ્સની સપ્લાય કરીને ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનોને પાયમાલ કરવામાં આવી રહ્યા છે.

શું પોલીસ કમિશનર આ 'નરક' માંથી સરખેજને બહાર કાઢશે?

'અમને જાનથી મારી નાખવાની ધમકી આપીને અમારો અવાજ દબાવી શકાશે નહીં. 'પાક્કો ગુજરાત' એ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને લેખિત રજૂઆત કરી છે અને પિટિશન ફાઈલ કરી છે. જ્યાં સુધી સરખેજમાંથી આ ભ્રષ્ટ અધિકારીઓ અને નશાના સોદાગરોનો સફાયો નહીં થાય, ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે.'

### 'પાક્કો ગુજરાત' ના તંત્રીને જાનથી મારી નાખવાની ધમકી

જ્યારે આ ભ્રષ્ટાચાર અને ગુનાખોરી વિરુદ્ધ 'પાક્કો ગુજરાત' અખબારે અવાજ ઉઠાવ્યો, ત્યારે ભ્રષ્ટ અધિકારીઓ અને બુટલેગરો દ્વારા તંત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. સત્યને દબાવવા માટે ગુંડાતત્વો હવે પત્રકારત્વ પર હુમલો કરી રહ્યા છે.

ન્યાય માટે હાઈકોર્ટના દ્વારે

આ ગંભીર મામલે 'પાક્કો ગુજરાત' ના તંત્રીએ હાર માન્યા વગર કાયદાકીય લડત શરૂ કરી છે:

1. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ લેખિત રજૂઆત કરી પિટિશન ફાઈલ કરવામાં આવી છે.

2. ACB (એન્ટી કરપ્શન બ્યુરો) ને ભ્રષ્ટ વહીવટદાર વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે.

3. વિરોધ પક્ષના નેતા ને પણ આ મામલે લેખિતમાં વાકેફ કરવામાં આવ્યા છે.

સળગતો સવાલ: શું અમદાવાદ પોલીસ કમિશનર આ ભ્રષ્ટ અધિકારીઓ અને વહીવટદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે? કે પછી 'હપ્તાખોરી' ના આ ખેલમાં જનતાના જીવ સાથે ચેડાં થતા રહેશે?

નોંધ: 'પાક્કો ગુજરાત' હંમેશા પ્રજાના પક્ષે રહેશે અને આવા ભ્રષ્ટાચારીઓનો પર્દાફાશ કરતું રહેશે.

### ગુનેગારોનું ગઠબંધન: ઈરફાન અને આસિફનું નેટવર્ક

સરખેજ વિસ્તારમાં ગુનેગારો બેખોફ છે:

* ઈરફાન: સમગ્ર વિસ્તારમાં મોટું જુગારધામ ચલાવે છે.
* આસિફ: ઈંગ્લિશ દારૂનો હોલસેલ અને રિટેલ વેપાર કરે છે.
* MD Drugs: આ વિસ્તારમાં જીવલેણ કેમિકલયુક્ત ડ્રગ્સ (MD) અને દેશી દારૂનો વેપલો પણ તેજીમાં છે, જે યુવા પેઢીને બરબાદ કરી રહ્યો છે.

પ્રવાસી મજૂરોને 5 કિલોના સિલિન્ડર આપવામાં આવે

## LPG સંકટ: રાજ્યોને 23 માર્ચથી 20% વધુ ગેસ મળશે : કેન્દ્ર સરકાર

• નવી દિલ્હી

કેન્દ્રએ દેશમાં ચાલી રહેલા ગેસ સંકટ વચ્ચે રાજ્યોને LPG સપ્લાય વધારવાનો નિર્દેશ આપ્યો છે. 23 માર્ચથી રાજ્યોને હવે પહેલા કરતા 20% વધુ ગેસ આપવામાં આવશે. આ પછી રાજ્યોને મળતી કુલ સપ્લાય સંકટ પહેલાના સ્તર (પ્રી-ક્રાઈસિસ લેવલ)ના 50% સુધી પહોંચી જશે.પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના સચિવ ડૉ. નીરજ મિત્તલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને તેની જાણકારી આપી. તેમાં કહેવામાં આવ્યું કે સામુદાયિક રસોડા, રેસ્ટોરન્ટ, ઢાબા, હોટલ અને ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીનને પ્રાથમિકતા આપવામાં આવે.આ સાથે જ પ્રવાસી મજૂરોને પ્રાથમિકતાથી 5 કિલોવાળા ફ્રી ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડર ઉપલબ્ધ કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. જ્યારે, ગેસની કાળાબજારી કે ખોટો ઉપયોગ રોકવા માટે પગલાં ભરવાનું પણ કહેવામાં આવ્યું છે.'પ્રી-ક્રાઈસિસ લેવલ'નો અર્થ એ સમયથી છે જ્યારે દેશમાં ગેસ સંકટ શરૂ થયું ન હતું. હાલમાં રાજ્યોને ખૂબ ઓછો પુરવઠો મળી રહ્યો હતો, જેને હવે વધારીને જૂની માગનો અડધો (50%) કરવામાં આવ્યો છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાંથી ક્રૂડ ઓઈલ અને ગેસનો પુરવઠો લગભગ અટકી ગયો છે.આ વધારાનો 20% ગેસ ખાસ સેક્ટરોને પ્રાથમિકતા આપીને આપવામાં આવશે. ડૉ. નીરજ મિત્તલના પત્ર મુજબ, આ સપ્લાય સૌથી પહેલા રેસ્ટોરન્ટ, ઢાબા, હોટલ અને ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીનને મળશે. સરકારનો હેતુ છે કે ખાવા-પીવાની સેવાઓ અને ફૂડ ઈન્ડસ્ટ્રી પર કોઈ પણ પ્રકારની અસર ઓછીમાં ઓછી પડે. ગેસની અછતને કારણે બેંગલુરુના રાજરાજેશ્વરી નગર સ્થિત નમ્માઓરુ કોફી કટ્ટા હોટલમાં ચૂલો સળગાવીને ઈડલી બનાવવી પડી. ગેસના વધારાના પુરવઠાનો લાભ ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ અને ડેરી સેક્ટરને પણ મળશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી સસ્તા દરની કેન્ટીન અને આઉટલેટ્સને પણ આમાં સામેલ કરવામાં આવ્યા છે. કમ્યુનિટી કિચનને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે, જેથી સામાન્ય લોકોને સરળતાથી ભોજન મળતું રહે.મંત્રાલયે પ્રવાસી મજૂરોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે 5 કિલોના FTL ગેસ સિલિન્ડર પ્રવાસી મજૂરોને આપવામાં આવે. સાથે જ, રાજ્યોને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે.

## આરોપીઓના વરઘોડા કાઢવા પર સુપ્રીમ કોર્ટે ઉઠાવ્યા સવાલ

### પોલીસ ફોટો-વીડિયો અપલોડ કરે તે ચિંતાજનક, આ નિષ્પક્ષ સુનાવણી માટે ખતરો

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે મોબાઈલથી શૂટ કરાયેલા વીડિયો-ફોટોને તરત જ સોશિયલ મીડિયા પર અપલોડ કરવાના ટ્રેન્ડ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું- આનાથી નિષ્પક્ષ સુનાવણી પ્રભાવિત થાય છે અને આરોપીઓ વિરુદ્ધ પહેલેથી જ માહોલ બની જાય છે.સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટિસ બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચે શુક્રવારે એક અરજી પર સુનાવણી કરી. તેમાં કહેવામાં આવ્યું છે કે પોલીસ આરોપીઓના વીડિયો અને ફોટો સોશિયલ મીડિયા પર મૂકીને લોકોના મનમાં પૂર્વગ્રહ પેદા કરી રહી છે.આ અરજી હેમેન્દ્ર પટેલે દાખલ કરી છે.

અરજદારે કહ્યું કે પોલીસ આરોપીઓની હાથકડી લગાવેલી, દોરડાથી બાંધેલી કે અપમાનજનક સ્થિતિવાળી તસવીરો સોશિયલ મીડિયા પર મૂકી રહી છે. આનાથી વ્યક્તિની ગરિમાને ઠેસ પહોંચે છે અને જનતામાં પૂર્વગ્રહ બને છે. કોર્ટે આના પર સહમતિ દર્શાવતા તેને ગંભીર ચિંતાનો વિષય માન્યો છે. અરજદારે કહ્યું કે સુપ્રીમ કોર્ટે રાજ્યોને પોલીસ મીડિયા બ્રીફિંગ માટે ગાઈડલાઈન બનાવવા માટે પહેલા પણ કહ્યું છે, જેમાં સોશિયલ મીડિયા પોસ્ટ પણ સામેલ હશે. આજે દરેક મોબાઈલ ફોન રાખનાર વ્યક્તિ પોતાને મીડિયા સમજવા લાગ્યો છે. CJI સૂર્યકાંતે કહ્યું- આ સ્થિતિ ડિજિટલ અરેસ્ટ જેવી બની રહી છે. નાના શહેરોમાં લોકો પોતાને પત્રકાર ગણાવીને ગાડીઓ પર સ્ટીકર લગાવે છે અને તેનો ખોટો ઉપયોગ કરે છે. સુનાવણીમાં એ પણ સામે આવ્યું કે કેટલાક લોકો 'સુપ્રીમ કોર્ટ એડવોકેટ'ના સ્ટીકર લગાવીને ટોલ ટેક્સથી બચવાનો પ્રયાસ કરે છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે તપાસ એજન્સીનું કામ નિષ્પક્ષ રહેવાનું છે, તે ન તો પીડિતના પક્ષમાં હોય છે, ન તો આરોપીના.સુનાવણી દરમિયાન સહારા વિરુદ્ધ સેબી કેસનો ઉલ્લેખ થયો, જેમાં મીડિયા ટ્રાયલના ખતરા પર સુપ્રીમ કોર્ટે પહેલાથી જ ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે આજે સોશિયલ મીડિયાને કારણે આ ખતરો વધુ વધી ગયો છે, જેનાથી કાયદાનું શાસન પ્રભાવિત થઈ શકે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# UCC મુદ્દે ઈદના દિવસે ઓવૈસીની પાર્ટીનું પ્રદર્શન જુમ્મા મસ્જિદ બહાર બેનરો દર્શાવીને કર્યો વિરોધ




• અમદાવાદ

ગુજરાત વિધાનસભામાં UCC બિલ પસાર થવાનું છે ત્યારે આજે રમજાન ઈદના તહેવારના દિવસે અમદાવાદમાં AIMIM પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા શહેરની જુમ્મા મસ્જિદ બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. એક પ્રદર્શનકારીએ કહ્યું કે, આ બિલ લિવ-ઈનને પ્રોત્સાહન આપે છે. AIMIM પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા બેનરો દર્શાવીને વિરોધ કરવામાં આવ્યો હતો. UCC હટાવો દેશ બચાવો, UCC રદ કરો જેવા સૂત્રો લખીને બેનરો દર્શાવીને વિરોધ કરવામાં આવ્યો હતો. પોલીસ પરવાનગી વિના વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.જેને લઈને પોલીસ દ્વારા તમામ લોકોની અટકાયત કરીને લઈ જવામાં આવ્યા હતા.

વિરોધ પ્રદર્શન કરવા માટે આવેલી મહિલાએ જણાવ્યું હતું કે અમે આજે UCCનો વિરોધ કરવા માટે ભેગા થયા છીએ અમારી શરિયત કહેતી નથી. UCC રદ કરવાની સરકારને અમે માંગ કરીએ છીએ. ઉત્તરાખંડમાં UCCનો વિરોધ નથી કરવામાં આવ્યો, પરંતુ અમે ગુજરાતમાં રહીએ છીએ એટલે અમે અહીંયા ગુજરાતમાં તેનો વિરોધ કરીશું તેમ કહ્યું હતું. દેશની સંસ્કૃતિની વિરુદ્ધ છે. UCC નાબુદ થવું જોઈએ એવી માંગ કરવામાં આવી હતી.

# પવિત્ર રમઝાન ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી, ભાઈચારા અને શાંતિ માટે વિશેષ દુઆ કરાઈ

• પંચમહાલ

યાત્રાધામ પાવાગઢની તળેટીમાં વસેલા હાલોલ શહેરમાં શનિવારના રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફિત્ર એટલે કે રમઝાન ઈદની પરંપરાગત આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર શહેરમાં વહેલી સવારથી જ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો, જેમાં નાના ભૂલકાઓથી લઈને વડીલો સુધીના તમામ બિરાદરો નવા વસ્ત્રો સજ્જ થઈ ઈદની નમાઝ માટે ઉમટી પડ્યા હતા. હાલોલ શહેરના પાવાગઢ રોડ પર સ્થિત ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકત્ર થયા હતા. અહીં મૌલાના યાકુબ રઝવી દ્વારા ઈદનું મહત્વ સમજાવતી તકરીર ફરમાવવામાં આવી હતી.

**બેફામ**

માથામાં ગંભીર ઈજા થતા અસ્મિતાનું મોત

# વાડજમાં બેફામ ફરતા ટેન્કરે લીધો 7 વર્ષની બાળકીનો જીવ, એકની હાલત ગંભીર, ડ્રાઈવર ફરાર

**ટેન્કરની જોરદાર ટક્કર વાગતા અસ્મિતાને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું**



• અમદાવાદ

અમદાવાદ શહેરના જૂના વાડજ વિસ્તારમાં શનિવારે(21 માર્ચ) સવારે BRTS કોરિડોર પાસે પૂરઝડપે રિવર્સમાં આવી રહેલા પાણીના ટેન્કરે રમી રહેલા બે માસૂમ બાળકીને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં 7 વર્ષની બાળકીનું ગંભીર ઈજાઓ થવાને કારણે કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક બાળકીને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. નવરંગપુરા ટ્રાફિક પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જૂના વાડજમાં ટેન્કરની અડફેટે એક બાળકીનું મોત

નવરંગપુરા B ડિવિઝન ટ્રાફિક પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત સવારે 8:30 વાગ્યાની આસપાસ હનુમાનપુરાની ચાલી પાસેના નવા બનેલા જાહેર રોડ પર સર્જાયો હતો. સ્થાનિક રહીશ અને મજૂરી કામ કરતા સંજયભાઈ સોલંકીની 7 વર્ષની દીકરી અસ્મિતા અને તેની બહેનપણી પાયલ (ઉં.વ.6) ઘર પાસે રમી રહ્યા હતા. આ દરમિયાન એક પાણીના ટેન્કરના ચાલકે અત્યંત બેદરકારીપૂર્વક અને પૂરઝડપે ટેન્કર રિવર્સમાં લેતા બંને બાળકીઓ ટેન્કર નીચે કચડાઈ ગઈ હતી.ટેન્કરની જોરદાર ટક્કર વાગતા અસ્મિતાને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. જ્યારે પાયલને પણ ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી છે. પોતાની લાડકવાઈ દીકરીને નજર સામે જ ગુમાવતા સોલંકી પરિવારમાં આક્રંદ છવાઈ ગયો છે.

બેદરકાર ડ્રાઈવર વિરુદ્ધ ગુનો દાખલ પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, ટેન્કર ચાલકે જાહેર સુરક્ષાને જોખમાવીને બેફામ રીતે વાહન ચલાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા(BNS)ની કલમો અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર ડ્રાઈવરને ઝડપી લેવા કવાયત શરૂ કરી છે.

રહેણાંક વિસ્તારોમાં ભારે વાહનોનો આતંક? આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહેણાંક વિસ્તારો અને ચાલીઓની આસપાસ પૂરઝડપે પસાર થતા ભારે વાહનો નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યા છે. પોલીસે વાહનચાલકોને અપીલ કરી છે કે ખાસ કરીને રહેણાંક વિસ્તારો અને ગીચ વસ્તીમાં વાહન ચલાવતી વખતે અત્યંત સાવચેતી રાખવી જોઈએ જેથી આવી દુર્ઘટનાઓ ન બને.

ત્રણ રાજ્યોની યુવતીઓનું રેસ્ક્યુ

# વસ્ત્રાપુરના હિમાલયા મોલમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ, મસાજની આડમાં દેહવ્યાપાર

**સ્પાનો માલિક ફરાર** દરોડા દરમિયાન સ્પાનો માલિક હાજર નહોતો અને હાલ પોલીસ પકડથી દૂર છે




• અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા હિમાલયા મોલના એક સ્પા સેન્ટરમાં મસાજની આડમાં ચાલતા દેહવ્યાપારના કૌભાંડને પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસ દ્વારા પાડવામાં આવેલા આ દરોડામાં અલગ-અલગ રાજ્યોની ત્રણ યુવતીઓને મુક્ત કરાવી, જ્યારે આરોપીઓ સામે અનૈતિક ટ્રાફિકિંગ નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નકલી ગ્રાહક મોકલીને પાડ્યો દરોડો મળતી માહિતી અનુસાર, હિમાલયા મોલના બીજા માળે આવેલા એક સ્પામાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીની ચકાસણી કરવા માટે પોલીસે એક નકલી ગ્રાહક તૈયાર કરીને સ્પામાં મોકલ્યો હતો. ત્યાં દેહવ્યાપાર ચાલતો હોવાની પુષ્ટિ થતા જ પોલીસની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

દરોડા દરમિયાન સ્પાની અંદરથી મિઝોરમ, દિલ્હી અને ત્રિપુરાની વતની એવી ત્રણ મહિલાઓ મળી આવી હતી. આ યુવતીઓએ પોલીસને જણાવ્યું કે સ્પા મેનેજમેન્ટ દ્વારા અહીં રાખવામાં આવી હતી અને પ્રતિ ગ્રાહક આશરે એક હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા. આ ઉપરાંત સ્થળ પરથી ઉત્તર પ્રદેશના વતની એવા સ્ટાફ સભ્ય સન્ની સંતોષની અટકાયત કરવામાં આવી છે. આ સ્પા ઈર્શાદ એસ. સૈયદ દ્વારા ચલાવવામાં આવતો હતો, જે બહારના રાજ્યોમાંથી મહિલાઓને લાવીને દેહવ્યાપારને પ્રોત્સાહન આપતો હતો. દરોડા દરમિયાન સ્પાનો માલિક હાજર નહોતો અને હાલ પોલીસ પકડથી દૂર છે. પોલીસે સ્પાના સીસીટીવી ફૂટેજ મેળવવા માટે ડિજિટલ વિડિયો રેકોર્ડર (DVR) અને અન્ય ઈલેક્ટ્રોનિક પુરાવા જપ્ત કર્યા છે. બચાવવામાં આવેલી મહિલાઓને કાનૂની જોગવાઈઓ અનુસાર કાઉન્સેલિંગ માટે મોકલવામાં આવી છે. પોલીસે અનૈતિક ટ્રાફિક (નિવારણ) અધિનિયમ, ૧૯૫૬ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધી ફરાર માલિકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# અનોખો વાહનચોર : એક્ટિવામાં પેટ્રોલ પૂરું થાય એટલે રસ્તામાં જ છોડી દેતો, અંતે આરોપી ઝડપાયો

**ચોરીની ઘટનાઓને ડામવા માટે પોલીસ એક્શન મોડમાં આવી છે**



• અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત વધી રહેલી વાહન ચોરીની ઘટનાઓને ડામવા માટે પોલીસ એક્શન મોડમાં આવી છે. તાજેતરમાં ઝોન-5 LCB દ્વારા એક મહત્વની સફળતા મેળવતા, શહેરના વિવિધ વિસ્તારોમાંથી વાહનોની ચોરી કરતા એક રીઢા આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની આ કાર્યવાહીથી શહેરના કુલ ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા 14 જેટલા વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. વધુમાં ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં આરોપી વિકાસ ત્રિવેદીની ચોરી કરવાની પદ્ધતિ જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપી ખાસ કરીને મેટ્રો સ્ટેશન નીચે પાર્ક કરેલા એક્ટિવાને નિશાન બનાવતો હતો અને લોખંડના સળિયા વડે તેનું લોક તોડી નાખતો હતો.

નવાઈની વાત એ છે કે, આરોપી આ વાહનો વેચવા માટે નહીં પણ માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે ચોરતો હતો. જ્યારે એક્ટિવામાં પેટ્રોલ પૂરું થઈ જાય, ત્યારે તે વાહનને બ્રિજ નીચે કે અવાવરુ જગ્યાએ બિનવારસી હાલતમાં છોડી દઈ બીજા વાહનની ચોરી કરતો હતો.

આરોપીનો ગુનાહિત ઈતિહાસ ખૂબ જ લાંબો છે, જેમાં અગાઉ તેના પર વાહન ચોરીના 8 અને લૂંટનો 1 ગુનો નોંધાયેલો છે. મેટ્રો સ્ટેશનો પર લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં આ કેસમાં આખી કરતુત રેકોર્ડ થઈ હતી. ખાસ કરીને અમરાઈવાડી મેટ્રો સ્ટેશનના ફૂટેજને આધારે પોલીસ આરોપી સુધી પહોંચવામાં સફળ રહી હતી. હાલ પોલીસે કુલ 14 એક્ટિવા રિકવર કર્યા છે અને આરોપીની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# 11મુખી હનુમાન દાદાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ 5 મે થી 9 મે સુધી યોજાશે



• અહેવાલ પ્રધાનજી ઠાકોર

11મુખી હનુમાનજી આશ્રમ ભૂરિયા ખાતે ભૂરિયા, કમાલી, દાંતીયા, ઢાંણી તથા આજુબાજુના ના ગ્રામ જનોની બેઠક યોજાઈ તેમાં ભારત વર્ષની પથ્થરમાથી નિર્મિત 11મુખી હનુમાનજી ની ભારત વર્ષની એકમાત્ર વિરાટ પ્રતિમા ની પંચ દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ તા 5/5/26 થી 9/5/26 સુધી યોજાશે યગ્ન આચાર્ય વિક્રમભાઈ લુણીશંકર દવે રહેશે આ પ્રસંગે નરસેગદાસ રામાનંદી વલાદરવાલા ના કંઠે પંચ દિવસીય હનુમાન કથા નુ પણ આયોજન થયુ સાથે સવા લાખ હનુમાન ચાલીસા પાઠ, પંચ દિવસીય અખંડ રામધૂન, અંખડ રામચરિત માનસ પાઠ નુ પણ આયોજન કરવામાં આવેલ છે પાંચેય દિવસ તમામ ભક્તજનો માટે ભોજન પ્રસાદ નુ આયોજન રહેશે વિશ્વ કલ્યાણ સુંદરકાંડ પાઠ શ્રુંખલા માં સતત 281મા શનિવારે વિક્રમભાઈ દવે ના કંઠે રમેશભાઈ મોદી મુ કુડા જોગમાયા એન્ટર પ્રાઈઝ અમદાવાદ ના સૌજન્યથી ભોજન પ્રસાદ સાથે થયો તેમાં અંદાજે પાંચસો માણસો એ ભાગ લીધેલ

# સતીષણા સિકોતર માતાના મંદિરે આઠમે નવચંડી મહાયજ્ઞ




ચાણોદ પાસે સતીષાણા ખાતે પ્રાચીન સિકોતર માતાનું મંદિર આવેલ છે હાલ ચૈત્રી નવરાત્રી ચાલી રહ્યો હોય અનેક માઈ ભક્તો સિકોતર માતાનું મંદિરે દર્શન માટે ઘસારો જોવા મળી રહ્યો છે અહીં અનેક શ્રદ્ધાળુઓ બાધાઓ રાખતા જોવા મળી રહ્યા છે મંદિરના પુજારી રબારી મૂળજીભાઈ જેસંગભાઈ ના જણાવ્યા પ્રમાણે ચૈત્ર સુદ આઠમ ને ગુરુવાર તારીખ 26 3 ના રોજ નવચંડી મહાયજ્ઞ નું આયોજન કરાયું છે યજ્ઞનો પ્રારંભ 9 કલાકે સવારે શ્રીફળ હોમવાનો સમય સાંજે 5:30 કલાકે તેમજ ભોજન પ્રસાદી સાંજે 6:00 કલાકે તો આ મંગલ અવસરે સર્વ ભાવિ ભક્તો ને દર્શન નો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે

**બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા વગર પાસ-પરમિટ કે આધાર પુરાવા વગરના ગેસ સિલિન્ડર મળી આવ્યા હતા**

# શાપર-વેરાવળમાં ગેસ સિલિન્ડરની સંગ્રહખોરી ઝડપાઈ રાજકોટ SOGએ ૪૨ બાટલા સાથે એકની ધરપકડ કરી



• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત શાપર-વેરાવળ વિસ્તારમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એસ.ઓ.જી. શાખાએ બાતમીના આધારે દરોડો પાડી ગેસ સિલિન્ડરનો ગેરકાયદેસર સંગ્રહ કરનાર શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી લીધો છે.

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પીએસઆઈ પી.બી. મિશ્રા તથા હેડ કોન્સ્ટેબલ નેમીષભાઈ મહેતાને ચોક્કસ બાતમી મળી હતી કે, શાપર ચોકડી પાસે આવેલા 'મહાકાલી પ્રોવિઝન સ્ટોર' માં ગેસના બાટલાઓનો ગેરકાયદેસર સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા વગર પાસ-પરમિટ કે આધાર પુરાવા વગરના ગેસ સિલિન્ડર મળી આવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી અલગ-અલગ વજનના કુલ ૪૨ સિલિન્ડર જપ્ત કર્યા છે, જેમાં ૧૪.૨ કિ.ગ્રા. ના સિલિન્ડરઃ ૧૭ નંગ (કિંમત રૂ.૨૮,૦૫૦/-) ૫ કિ.ગ્રા.ના નાના સિલિન્ડરઃ ૨૫ નંગ (કિંમત રૂ.૨૦,૦૦૦/-) કુલ કિંમતઃ રૂ.૪૮,૦૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ ગુનામાં પોલીસે રંજન ક્ષિતિજચંદ્ર રાય (ઉં.વ. ૪૦), રહે. શેરી નં. ૦૧, ભક્તિધામ સોસાયટી, શાપર (જી. રાજકોટ) ની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશનમાં આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં એસઓજીના પીઆઈ એફ.એ. પારગી, પીએસઆઈ પી.બી. મિશ્રા હેડ કોન્સ્ટેબલ નેમીષભાઈ મહેતા પિયુષભાઈ અઘેરા જોડાયા હતા.

લીકર પરમીટ ઓફિસમાં કૌભાંડ

સવા ત્રણ મહિનામાં 9 લીકર પરમિટધારકોના પરમિટની યુઝર ફી કુલ રૂ. 1.40 લાખ લઈ લીધી હોવાનું સામે આવ્યું હતું

# સિવિલ હોસ્પિ.લિકર પરમિટ કૌભાંડ, 5 કર્મચારીની હકાલપટ્ટી

## આરોગ્યમંત્રીએ 4 આઉટસોર્સિંગ કર્મીને કાઢી મૂક્યા અને ક્લાર્કને સસ્પેન્ડ કર્યા, ત્રણ આરોપીની ધરપકડ

• અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દારૂની પરમિટના નામે આચરવામાં આવેલા આર્થિક કૌભાંડનો પર્દાફાશ થયો છે. આરોગ્ય વિભાગે આ મામલે અત્યંત ગંભીર વલણ અપનાવતા તાત્કાલિક અસરથી પાંચ કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભર્યા છે.

જેમાં ચાર આઉટસોર્સિંગ કર્મચારીઓને ફરજ પરથી બરતરફ કરવામાં આવ્યા છે, જ્યારે એક કાયમી સરકારી ક્લાર્કને સસ્પેન્ડ કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ આ કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર ચલાવી લેવામાં આવશે નહીં.

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં લીકર પરમિટના વિભાગમાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક અને આઉટસોર્સિંગના કર્મચારીઓ દ્વારા પૈસા ઓનલાઈન ખાતામાં જમા કરાવવાની જગ્યાએ રોકડ રકમમાં લઈને અંગત લાભ માટે વાપરી નાખ્યા હતાં.

સવા ત્રણ મહિનામાં 9 લીકર પરમિટધારકોના પરમિટની યુઝર ફી કુલ રૂ. 1.40 લાખ લઈ લીધી હોવાનું સામે આવ્યું હતું. સિવિલ હોસ્પિટલના લીકર પરમિટ વિભાગના ઇન્ચાર્જ ડોક્ટર દ્વારા સમગ્ર મામલે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા શાહીબાગ પોલીસે આ મામલે ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ શહેરની અસારવા સિવિલ હોસ્પિટલમાં ડો. જયંત સોલંકી મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે અને લીકર પરમિટ વિભાગના ઇન્ચાર્જ તરીકે પણ કામગીરી કરે છે. લીકર પરમિટ ઓફિસમાં સિનિયર ક્લાર્ક તરીકે કરસનસિંહ વાઘેલા અને કેશિયર તરીકે આઉટસોર્સિંગના કર્મચારી નવીન ડાભી, અન્ય એક કર્મચારી વસંત નીનામા અને મેહુલભાઈ પીઠે નોકરી કરે છે. લીકર પરમીટના યૂઝર ફીના નવા પરમીટના 25,000 અને પરમીટ રીન્યુ કરવાના 20,000 રૂપિયા ઓનલાઈન રોગી સમિતિના બેન્ક એકાઉન્ટમાં લેવામાં આવે છે. સિવિલ હોસ્પિટલના ઇન્ચાર્જ ડોક્ટરને ઉચાપત થઈ હોવાની ધ્યાને આવ્યું હતું.

એસીપી રીના રાઠવાએ જણાવ્યું હતું કે, જેથી આ બાબતે તપાસ કરતા સિનિયર ક્લાર્ક કરશનસિંહ અને આઉટસોર્સિંગના ત્રણ કર્મચારીઓ દ્વારા ઓનલાઈન ખાતામાં પૈસા જમા કરાવવાની જગ્યાએ રોકડ રકમમાં અરજદારો પાસેથી પૈસા લઈ લેતા હતા. કેસર તરીકે તેઓ દ્વારા પહોંચ પણ ઓનલાઈન ખાતામાં પૈસા જમા થયા હોવાની આપવામાં આવતી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં નવ જેટલા અરજદારોના પૈસા જમા કરાવવામાં આવ્યા નથી. આ અગાઉ પણ અન્ય કોઈ લીકર પરમિટ માટે અરજદારના પૈસાની ઉચાપત કરી છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. લીકર પરમીટ વિભાગના જેટલા પણ રજીસ્ટર તેમજ બેન્ક એકાઉન્ટ છે તેનું વેરિફિકેશન કરી અને સમગ્ર બાબતે આગામી દિવસોમાં તપાસ કરવામાં આવશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્ર મુજબ, લિકર પરમિટ મેળવવા માટે અરજદારે નિયત ફી રોગી કલ્યાણ સમિતિ (RKS) ના ફંડમાં જમા કરાવવાની હોય છે. નવી પરમિટ માટે 25,000 અને જૂની પરમિટના નવીનીકરણ માટે 20,000ની ફી નક્કી કરવામાં આવી છે. આ રકમ સીધી સમિતિના ખાતામાં જમા થાય તે હેતુથી ક્યુઆર (QR) કોડની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જોકે, કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓએ આ સરકારી નાણાં પોતાના અંગત ખિસ્સામાં પધરાવી દઈ સરકારને આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

હોસ્પિટલ વહીવટી તંત્ર દ્વારા



પરમિટ ધારકોની સુવિધા માટે અને પારદર્શિતા જાળવવા માટે ખાસ ક્યુઆર કોડની સુવિધા ઉભી કરવામાં આવી હતી. સૂચના મુજબ કોઈપણ સંજોગોમાં રોકડ રકમ સ્વીકારવાની મનાઈ હતી. આમ છતાં, લિકર પરમિટ ઓફિસમાં રોકડ વ્યવહારો થતા હોવાની ફરિયાદ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટને મળી હતી.

સમિતિના સત્તાવાર ખાતામાં રુપિયા જમા થતા નહોતા તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કર્મચારીઓ અરજદારો પાસેથી રોકડા રૂપિયા લેતા હતા અને રેકોર્ડ પર વ્યવહારને ઓનલાઈન ટ્રાન્સફર તરીકે દર્શાવતા હતા, જે ખરેખર રોગી કલ્યાણ સમિતિના સત્તાવાર ખાતામાં જમા થતા નહોતા.અરજદારોએ રોકડા નાણાં ચૂકવ્યા છતાં રસીદમાં ઓનલાઈન પેમેન્ટ બતાવાયું આ સમગ્ર કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે કેટલાક ફરિયાદકર્તાઓએ પુરાવા રજૂ કર્યા. આ પુરાવાઓમાં રોગી કલ્યાણ સમિતિની રસીદો તો હતી, જેમાં રસીદ નંબર, તારીખ અને સમય સાચા હતા, પરંતુ ટ્રાન્ઝેક્શન મોડ ખોટો દર્શાવ્યો હતો. અરજદારોએ રોકડા નાણાં ચૂકવ્યા હોવા છતાં રસીદમાં ઓનલાઈન પેમેન્ટ બતાવવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં આવા 6 થી વધુ કિસ્સાઓ મળી આવ્યા હતા. જ્યારે સિવિલ ઓફિસ દ્વારા પરમિટ ધારકોનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેઓએ પુષ્ટિ કરી કે તેઓએ ઓફિસમાં રોકડ રકમ જ ચૂકવી છે.કર્મચારીઓની પૂછપરછ અને વહીવટી મડાગાંઠ શંકાસ્પદ ગેરરીતિ જણાતા લિકર પરમિટ ઓફિસમાં કાર્યરત સ્ટાફને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. આ સ્ટાફમાં એક કાયમી ક્લાર્ક અને ત્રણ આઉટસોર્સિંગ ડેટા એન્ટ્રી ઓપરેટરોનો સમાવેશ થતો હતો. અડધા કલાકથી વધુ ચાલેલી સઘન પૂછપરછ છતાં, આ કર્મચારીઓએ મચક આપી નહોતી અને તેઓએ કોઈપણ પ્રકારના રોકડ વ્યવહાર કર્યા હોવાનો સાફ ઇનકાર કર્યો હતો. કર્મચારીઓના અસહકારભર્યા વલણને કારણે વહીવટી તંત્રએ આ મામલે કાયદાકીય માર્ગ અપનાવવાનો અને પોલીસ ફરિયાદ દાખલ કરવાનો મક્કમ નિર્ણય લીધો હતો.

બેઠક યોજાઈ અને પોલીસ ફરિયાદનો નિર્ણય કરાયો પરિસ્થિતિની ગંભીરતાને જોતા મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા એક તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં એડિશનલ MS, સિનિયર પ્રોફેસરો, RMO અને એકાઉન્ટ ઓફિસર સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. લાંબી ચર્ચા-વિચારણા બાદ નિર્ણય લેવાયો કે વહીવટી તંત્રએ વધુ વિલંબ કર્યા વિના પોલીસ ફરિયાદ નોંધાવવી જોઈએ. ત્યારબાદ તુરંત જ સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટરને સિવિલ હોસ્પિટલ બોલાવવામાં આવ્યા હતા. આ સાથે જ ડો. જયંત સોલંકીને પોલીસ ફરિયાદ અને સંબંધિત કાયદાકીય મુદ્દાઓ માટે ઇન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

પાંચ સભ્યોની તપાસ સમિતિની રચના કરાઈ માત્ર પોલીસ કાર્યવાહી જ નહીં, પણ સંસ્થાકીય સ્તરે પણ ઊંડી તપાસ કરવા માટે પાંચ સભ્યોની એક વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે. આ કમિટીએ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે પોતાની પ્રાથમિક તપાસ શરૂ કરી દીધી છે. તપાસ સમિતિએ બાબતની પણ ચકાસણી કરશે કે આ કૌભાંડ કેટલા સમયથી ચાલતું હતું અને તેમાં અન્ય કોઈ મોટા અધિકારીઓની સંડોવણી છે કે કેમ. અત્યાર સુધીના ડેટાના આધારે પોલીસ સ્ટેશનમાં વિધિવત રીતે એફઆઈઆર પણ નોંધાઈ ગઈ છે.

પ્રફુલ પાનસેરીયાએ પાંચ આરોપીની હકાંલપટ્ટી કરી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં દારૂની પરમિટ માટે આવતા પૈસા રોગી કલ્યાણ સમિતિમાં જમા કરાવવાના હોય છે. નવી પરમિટ માટે 25,000 અને જૂની રીન્યુ કરવા માટે 20,000ની ફી QR કોડ દ્વારા જમા કરાવવાની જોગવાઈ છે. કેટલાક કર્મચારીઓ આ પૈસા રોગી કલ્યાણ સમિતિમાં જમા કરાવવાને બદલે પોતાના ખિસ્સામાં મૂકતા હતા. ફરિયાદકર્તાઓએ પૈસા આપ્યા હોવા છતાં તેમના નામ જમા થયેલા પૈસાની યાદીમાં નહોતા.

ડાંગ પોલીસ અધીક્ષક સુશ્રી પૂજા યાદવ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે

# ડાંગ જિલ્લા પોલીસ ના વઘઇ પોલીસની મોટી સફળતા: આંતર રાજ્ય વાહન ચોર ટોળકીના બે સાગરીતો મુદ્દામાલ સાથે ઝડપાયા

સફળતા

સચોટ સમન્વયથી પીક-અપ ચોરી કરનાર રીઢા તસ્કર સહિત બે આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ ડામી દેવા અને વણઉકેલાયેલા ગુનાઓના ભેદ ઉકેલવા માટે સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક શ્રી પ્રેમવીર સિંહ તથા ડાંગ પોલીસ અધીક્ષક સુશ્રી પૂજા યાદવ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સૂચનાના પગલે વઘઈ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.કે. ગઢવી અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના સચોટ સમન્વયથી પીક-અપ ચોરી કરનાર રીઢા તસ્કર સહિત બે આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

ઘટનાની વિગત અને ધરપકડ



તાજેતરમાં વઘઈ ટાઉનમાંથી પીક-અપ વાન (GJ-26-U-1848) ની ચોરી અંગે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે સતર્કતા દાખવી ગણતરીના કલાકોમાં જ ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર પરથી ચોરીના વાહન સાથે બે શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં:

* દેવીદાસ રામજીયાભાઈ ભોયે (ઉ.વ. 42, રહે. નાસિક, મહારાષ્ટ્ર)
* મધુભાઈ રામજીયાભાઈ ભોયે (ઉ.વ. 35, રહે. જામનવિહિર, ડાંગ)

નો સમાવેશ થાય છે.

ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી (M.O.)

મુખ્ય આરોપી દેવીદાસ ભોયે અત્યંત રીઢો ગુનેગાર છે. તેની પૂછપરછમાં બહાર આવ્યું છે કે તે વાહનના શો-રૂમ પર જઈ ટેસ્ટ ડ્રાઈવના બહાને વાહન લઈ ફરાર થઈ જવાની પદ્ધતિ ધરાવે છે. આ ઉપરાંત, છેલ્લા ચાર વર્ષથી તે રાત્રિના સમયે ખેતરો અને વાડીઓમાંથી સબમર્સિબલ પંપ અને મોંઘા ઈલેક્ટ્રિક વાયરોની ચોરી કરવાની પ્રવૃત્તિમાં પણ સક્રિય હતો.

મુદ્દામાલ અને ઉકેલાયેલા ગુના

પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે 9,46,395/- ની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે, જેમાં:

* 8 લાખની પીક-અપ વાન
* ત્રણ મોટર સાયકલ (હોન્ડા સાઈન, સ્પ્લેન્ડર અને યુનિકોર્ન - કિંમત 1.18 લાખ)
* સબમર્સિબલ પંપ, 3 ઈલેક્ટ્રિક સ્ટાર્ટર અને 382 મીટર ઈલેક્ટ્રિક વાયર (કિંમત 28,395/-)

આ ધરપકડથી વઘઈ પોલીસ સ્ટેશનનો 1, આહવા પોલીસ સ્ટેશનનો 1 અને વાંસદા પોલીસ સ્ટેશનના 2 મળી કુલ 4 થી વધુ ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

પોલીસ ટીમની કામગીરી

આ સફળ ઓપરેશનમાં પી.આઈ. વી.કે. ગઢવી સાથે એ.એસ.આઈ. સંતોષભાઈ, ભગીરથસિંહ, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ, મનહરભાઈ અને અશોકભાઈ સહિતના સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરી છે. વઘઈ પોલીસે જનતાને અપીલ કરી છે કે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ કે પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવો.

# ધૂળચોન્ડ ગામે ખેડૂતોના સિંચાઈના વાયરોની ચોરી: પાક સુકાઈ જવાની ભીતિ

ગામના ખેડૂત દ્વારા આહવા પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરવામાં આવી

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ધૂળચોન્ડ ગામે ખેડૂતોના ખેતરમાંથી સિંચાઈ માટે વપરાતા ઈલેક્ટ્રિક વાયરોની ચોરી થવાની ઘટના સામે આવી છે. આ અંગે ગામના ખેડૂત દ્વારા આહવા પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ઘટનાની વિગત મુજબ, તારીખ ૨૦ માર્ચ, ૨૦૨૬ ની રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા તત્વોએ નદી કિનારેથી ખેતર સુધી લંબાવેલા મોટર કનેક્શનના વાયરો કાપીને ચોરી કરી લીધા છે. આ ચોરીમાં માત્ર એક ખેડૂત નહીં, પરંતુ સીતારામભાઈ લાશુભાઈ ગાવિત અને જાનુભાઈ દેબીયાભાઈ ગવળી જેવા અન્ય ખેડૂતો પણ ભોગ બન્યા છે હાલ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખેતીના પાકને પાણીની સખત જરૂરિયાત હોય છે. વાયરની ચોરી થવાથી સિંચાઈ બંધ થઈ ગઈ છે, જેના કારણે ખેડૂતોનો તૈયાર પાક સુકાઈ જવાની અને મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક



ખેડૂતોએ પોલીસ વહીવટીતંત્રને નમ્ર વિનંતી કરી છે કે ધૂળચોન્ડ ગામની સીમમાં સઘન તપાસ કરવામાં આવે અને ચોરી કરનાર શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

# પંચમહાલ જિલ્લામાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

• પંચમહાલ

સમગ્ર જિલ્લામાં પવિત્ર ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ) ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. આ અવસરે મસ્જિદો અને ઈદગાહમાં ઈદની ખાસ નમાજ અદા કરવામાં આવી હતી. જીલ્લાના ગોધરા, હાલોલ,કાલોલ, શહેરા સહિતના નગરોમા રમઝાન ઈદની શાંતિપુર્ણ માહોલમાં ઉજવણી કરવામા આવી હતી.હાલોલ શહેરમાં શનિવારના રોજ રમઝાન ઈદની ઉજવણી આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં થઈ હતી. શહેરના પાવાગઢ રોડ પર આવેલા કબ્રસ્તાન સ્થિત ઈદગાહ અને મોહમંદી સ્ટ્રીટ ખાતેની નૂરાની મસ્જિદમાં વિશેષ નમાજનું આયોજન કરવામાં આવ્યું હતું. મૌલાના યાકુબ રઝવીએ પ્રેરણાદાયી તકરીર (પ્રવચન) ફરમાવી હતી અને સૈયદ ઈલ્યાસબાપુએ ઈદની નમાજ અદા કરાવી હતી. મૌલાના વસીમ મામાજી દ્વારા નમાજ પઢાવવામાં આવી હતી.વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નાના બાળકોથી લઈને વડીલો અવનવા પોશાકમાં સજ્જ થઈ નમાજ અદા કરવા પહોંચ્યા હતા. સમગ્ર વિશ્વમાં શાંતિ, એકતા અને ભાઈચારો સ્થપાય તે માટે વિશેષ દુઆ કરવામાં આવી હતી. તહેવાર દરમિયાન નગરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાલોલ પોલીસ દ્વારા ઠેર-ઠેર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેથી શાંતિપૂર્ણ માહોલમાં ઉત્સવની ઉજવણી સંપન્ન થઈ હતી.

# વડોદરાના શ્રી મહાલક્ષ્મી મંદિરમાં સનાતન સંસ્થા દ્વારા 'વિજયધ્વજ સમાન ગુડી'નું પૂજન સંપન્ન !




વડોદરા, ૧૭ માર્ચ ૨૦૨૬: ગાજરાવાડી, વડોદરા સ્થિત શ્રી મહાલક્ષ્મી મંદિર ખાતે સનાતન સંસ્થા દ્વારા હિંદુ નૂતન વર્ષના પાવન અવસરે વિજયધ્વજ સમાન પવિત્ર 'ગુડીપૂજન' અત્યંત ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યું હતું. હિંદુ સંસ્કૃતિમાં ગુડીપડવાનું વિશેષ મહત્વ છે. 'વિજયધ્વજ' સમાન ગુડી ઊભી કરીને સમાજમાં આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવી એ જ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો

આ ધાર્મિક પૂજન સનાતન સંસ્થાના સાધકો શ્રીમતી પલ્લવી અભ્યંકર અને શ્રીમતી અલકા વઠારકર દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અવસરે ભાવિકોએ ગુડીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ આયોજનમાં શ્રી મહાલક્ષ્મી મંદિરના ટ્રસ્ટીમંડળ તરફથી વિશેષ સહકાર પ્રાપ્ત થયો હતો.

રાત્રીના સુમારે શેરડી ગામના સી.ડી.કાકાને તબેલા ઉપર આવવાની ના પાડતા બબાલ મચી હતી

# ઓલપાડના શેરડી ગામની સીમમાં પશુપાલન કરતા તબેલા માલિક ઉપર ચપ્પુથી હુમલો

• ઓલપાડ,તા.૨૧

ઓલપાડ તાલુકાના શેરડી ગામની સીમમાં પશુપાલન કરતા મહેસાણા જિલ્લા ના તબેલા માલિકે રાત્રીના સુમારે શેરડી ગામના સી.ડી. કાકાને તબેલા ઉપર આવવાની ના પાડતા તેના પિતરાઈ ભાઈના સાઢુભાઈના દિકરાએ જ ચપ્પુથી હુમલો કરી બબાલ મચાવી તબેલા માલિકને હોસ્પિટલ ભેગા કર્યા હોવાની પોલીસ ઘટના પ્રકાશમાં આવી છે. મુળ મહેસાણા જિલ્લાના સામેત્રા ગામના વતની કલ્પેશભાઈ ભગવાનભાઈ પટેલ (ઉ.વ.૪૫) હાલમાં સુરત શહેરમાંપાલનપુર ગામની હદમાં કેનાલ રોડ ઉપર આવેલ નિલકંઠ રેસીડેન્સી ના મ.નં. બી-૨૦૧ માં રહે છે.તેઓ છેલ્લા પાંચ વર્ષથી ઓલપાડ તાલુકાના શેરડી ગામની સીમમાં કાકાના મોટા દિકરા દિનેશ હિરાભાઈ પટેલસાથે ભાગીદારીમાં ગાય અને ભેંસનો પશુ તબેલો ચલાવતા હતા. પરંતુ આ બંન્ને પિતરાઈ ભાઈઓએ છેલ્લા બે મહિના પૂર્વે તબેલો છુટો પાડી અલગથી પશુપાલનનો ધંધો કરતા હતા.તેના પિતરાઈ દિનેશભાઈએ તબેલાની દેખરેખ માટે તેના સાઢુભાઈના દિકરા ભાવેશ ઉર્ફે લાલો વિષ્ણુભાઈ પટેલ (મુળ રહે.ચવેલી તા.જી.પાટણ)ને કામે રાખતા તે ત્યાં જ રહેતો હતો.ગત તા.૧૫ મી માર્ચ ના રોજ રાત્રીના સુમારે શેરડી ગામે રહેતા સી.ડી.કાકા નામનો ઈસમ પશુ તબેલા ઉપર આવ્યો હતો. જેથી કલ્પેશભાઈ એ સી.ડી.કાકાને રાત્રીના સુમારે તબેલા ઉપર આવવાની ના પાડતા બંન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી.આ ઝઘડામાં ભાવેશ પટેલ પણ જોડાયો હતો, પરંતુ તેણે સી.ડી.કાકાને ધમકાવવાના બદલે પોતાના સબંધી કલ્પેશભાઈ સાથે ગંદી ગાળાગાળી અને ઝપાઝપી સાથે લડાઈ-ઝઘડો કરી બબાલ મચાવી હતી.જે દરમ્યાન રાત્રે-૯:૦૦ કલાક ના સુમારે ભાવેશ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને કલ્પેશભાઈ ઉપર ચપ્પુના ઘા મારી હુમલો કર્યો હતો. જે હુમલામાં કલ્પેશભાઈના પેટમાં ડાબી બાજુ તથા ડાબા પગના સાથળના ભાગે ગંભીર ઈજા થતા તે લોહી-લુહાણ થઈ ગયા હતાં. જેથી તેમને સારવાર અર્થે સુરત શહેરના મોરા ભાગળ ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં.જ્યાં ઈજાગ્રસ્તને ગળામાં નળી નાંખતા તેમને બોલવામાં તકલીફ પડતી હોવાથી બબાલની ઘટના મામલે બોલી શકતા ન હતાં.પરંતુ તેઓ સંપૂર્ણ ભાનમાં આવવા છતાં હાલમાં તેમની સારવાર ચાલુ છે. તેમણે હોસ્પિટલના બિછાનેથી આ બબાલની જાણ પોતાના પરિવારને કરી હતી.જો કે આરોપી ભાવેશ ઈજાગ્રસ્તના પિતરાઈ ભાઈના સાઢુભાઈનો દિકરો હોવાથી સમાજના અગ્રણીઓએ બંન્ને વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ સમાધાન માં નિષ્ફળતા મળતા આખરે ઈજાગ્રસ્તના પુત્ર તિર્થ પટેલે ગત તા.૨૦ ના રોજ ઓલપાડ પોલીસ મથકમાં આરોપી ભાવેશ વિષ્ણુ પટેલ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે આરોપી વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડભોઈ વિશ્વ ચકલી દિવસે અનોખી પહેલ, 300થી વધુ ચકલીઘરોનું કરાયું વિતરણ

• ડભોઈ



ડભોઈ આજે જ્યારે સમગ્ર ગુજરાતમાં ચકલીઓની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી છે, ત્યારે વડોદરા જિલ્લાના ડભોઈ ખાતે 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે પક્ષી બચાવો અભિયાન અંતર્ગત એક સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડભોઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર (APMC) અને શિનોર ચોકડી ખાતે યુવાનો દ્વારા ચકલીઓને ફરીથી ઘરઆંગણે બોલાવવા માટે ચકલીઘર વિતરણનો નવો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો માર્ગદર્શન વડોદરા જિલ્લા પ્રમુખ ડો.બી.જે. બ્રહ્મભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતુંઉદ્દેશ્ય ઉનાળાની કાળઝાળ ગરમીમાં લુપ્ત થતી જતી ચકલીઓને આશરો આપવો અને પર્યાવરણનું જતન કરવું વિતરણ અંદાજે 300 જેટલા ચકલીઘરોનું જાહેર જનતાને નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતી

ઉપસ્થિત મહાનુભાવો:

આ સેવાકીય કાર્યમાં જિલ્લાના અગ્રણી નેતાઓ અને કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં મહેશભાઈ પટેલ (દાજી) - જિલ્લા ઉપપ્રમુખ સતીષભાઈ સોલંકી - જિલ્લા ST મોર્ચા મહામંત્રી વિજયભાઈ દેસાઈ બક્ષીપંચ મોર્ચા મહામંત્રી મુન્નાભાઈ ભરવાડ અને વિજયભાઈ રબારી ચકલી એ આપણા ઘર આંગણાનું પક્ષી છે. બદલાતા સમય અને પાકા મકાનોને કારણે તેમને માળો બાંધવાની જગ્યા મળતી નથી. આ નાના પ્રયાસથી અમે લોકોને અપીલ કરીએ છીએ કે તેઓ પોતાના ઘરે આ ચકલીઘર લગાવે જેથી ફરીથી ચકલીઓનો કિલકિલાટ સંભળાય.' -આયોજક ટીમ આ ભગીરથ કાર્યને ડભોઈના નગરજનોએ બિરદાવ્યું હતું અને ઉનાળામાં પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ ચકલીઘર રાખવાના શપથ લીધા હતા.

# આણંદ LCBએ જુગારધામ પર દરોડો પાડ્યો:ફતેપુરામાં 2 ઝડપાયા, 6 ફરાર

• ખંભાત, આણંદ

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ તારાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારધામ પર દરોડો પાડી બે શખ્સોને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીમાં પોલીસે 45,300 રોકડ રકમ જપ્ત કરી છે, જ્યારે અન્ય છ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.મળતી માહિતી મુજબ, LCBના પોલીસ કોન્સ્ટેબલ યશપાલસિંહ જયેન્દ્રસિંહને બાતમી મળી હતી કે તારાપુરના ફતેપુરા-પચેગામ રોડ પર આવેલા મામાદેવ મંદિરના ઓટલા પર કેટલાક ઈસમો પત્તા-પાનાનો જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે LCBની ટીમે સ્થળ પર રેડ કરી હતી. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

**લોકાર્પણ** સરકારે રાજ્યની ૧૮૨ વિધાનસભા માટે ૧૮૨ બસ મંજુર કરતા ઓલપાડને બે બસ મળ્યાનો આનંદ- ધારાસભ્ય મુકેશ પટેલ

# ઓલપાડ એસ. ટી.ડેપોને સરકારે વધુ બે નવી બસની ભેટ આપતાં લોકાપર્ણ કરાયું

## અગાઉના વર્ષોની જેમ તાલુકાના તમામ ગામોને સરકારી એસ.ટી.બસની સુવિધા મળે તે માટે પ્રજાની બુલંદ માંગ

•ઓલપાડ,તા.૨૧

ઓલપાડ એસ. ટી.ડેપોને રાજ્ય સરકારે વધુ બે નવી એસ.ટી.બસની ભેટ આપતાં શનિવાર,તા.૨૧ ના રોજ ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલના જન્મદિવસ નિમિતે બંન્ને બસ પ્રજાની સુવિધા માટે લોકાપર્ણ કરવામાં આવી હતી.



ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ રૂચિકાબેન કાલ્પિકભાઈ પટેલે ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સહિત સરકારમાં રજુઆત કરી હતી કે,ઓલપાડ તાલુકાની પ્રજાને મુસાફરી માટે હજુ વધુ એસ.ટી.બસ ફાળવવામાં આવે. જો કે ગુજરાત સરકારે તાજેતરમાં

રાજ્યની કુલ ૧૮૨ વિધાનસભા મતક્ષેત્રમાં પ્રજાની વધુ સુવિધા માટે કુલ ૧૮૨ નવી એસ.ટી.બસો ફાળવી હતી. જેમાંથી મહિલા સરપંચની રજુઆત નો પડઘો પડતા ૧૫૫-ઓલપાડ વિધાનસભા મત ક્ષેત્રના ઓલપાડ એસ.ટી.ડેપોમાં બે નવી બસ ફાળવવામાં આવી હતી.જે બંન્ને બસનું લોકાપર્ણ શનિવાર, તા.૨૧ ના રોજ ઓલપાડ મહિલા સરપંચ રૂચિકા પટેલની ઉપસ્થિતિ માં કરતા પૂર્વ મંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આભાર માન્યો હતો.આ પ્રસંગે તેમણે વધુ કહ્યું હતું કે, દિવાળી કે હોળીનો તહેવાર હોય,ત્યારે જે લોકો પોતાના વતનના દુરના ગામે જાય,ત્યારે લાંબા રૂટની બસ લોકોની સલામત સવારી માટે સુખાકારી સાબિત થઈ છે. તેમણે વધુ કહ્યું કે,

રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ

મુસાફરો માટે 'હાથ ઊંચો કરો અને બસમાં બેસો' ની સુવિધા ઉપલબ્ધ કરતા

આજે લોકો ગમે ત્યાંથી અધવચ્ચે રસ્તેથી પણ એસ.ટી.બસની સુવિધાનો લાભ લઈ રહ્યા છે.જેથી લાંબા રૂટના પ્રાઈવેટ વાહનોમાં મુસાફરી કરવાના છુટકારામાંથી લોકોને રાહત મળી છે.તેમણે લોકોને એસ.ટી.બસની આરામદાયક મુસાફરી સુવિધાનો લાભ લેવા અપીલ કરી કહ્યું કે, આવનારા દિવસોમાં છેવાડાના ગામના લોકો સુધી આ સુવિધા મળે તે માટે સરકારમાંથી હું વધુ નવી એસ.ટી.બસ મંજૂર કરાવવાની પ્રજાને ખાત્રી આપું છું.

આ પ્રસંગે મુકેશભાઈ પટેલના જન્મદિન નિમિત્તે તાલુકાના ભાજપ નેતાઓ-કાર્યકરો તથા એસ.ટી.ડેપો ના મેનેજર- કર્મચારીઓ સાથે કેક કાપી ઉજવણી કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

જો કે છેલ્લા ઘણા વર્ષોથી તાલુકાના અનેક ગામના રૂટ ઉપર આજે પણ સરકારી એસ.ટી. બસ દોડતી બંધ થઈ જતા લોકોને

ખાનગી વાહનોમાં અસલામત મુસાફરી કરવાની નોબત આવી છે, ત્યારે તાલુકાની પ્રજાએ અગાઉના વર્ષોની જેમ તાલુકાના તમામ રૂટ ઉપર સરકારી એસ.ટી.બસની સુવિધા મળે તે માટે બુલંદ માંગ કરી છે.

## ધો.12નું પેપર નબળું જતા વિદ્યાર્થીએ આપઘાતનો પ્રયાસ કર્યો

# 'હું શંકર ભગવાન પાસે જાઉ છું, મારી મરજીથી મરુ છું' લખી યુવાનનો ખોડિયારપરામાં આપઘાત

**આપઘાત** હવે કામ થતું નથી, જીંદગીથી કંટાળી મિલપરાના નેપાળી યુવાને ઝેરી દવા પીધી

• રાજકોટ

રાજકોટના પારેવડી ચોક નજીક મહાત્મા ગાંધી પ્લોટ પાસે ખોડિયારપરા શેરી નંબર 3માં પ્રતીક કિશોરભાઈ ધોળકિયા (ઉ.વ.31) એ આજે પોતે જ્યાં રૂમ રાખી ભાડે રહે છે ત્યાં લાકડાની ગાડીમાં દોરી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જે કબ્જે કરી બી. ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં યુવાન મુળ શાપર વેરાવળનો વતની હોવાનું અને અહિં પાંચેક દિવસ પહેલા જ રૂમ રાખી રહેવા આવ્યો હોવાનું સામે આવ્યું છે.



મૃતકના ખિસ્સામાંથી મળેલી ચીઠીમાં હું શંકર ભગવાન પાસે જાઉ છું, મારી મરજીથી મંરુ છું લખ્યું હતું જો કે યુવાને ક્યાં કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના ભાવનગર રોડ પર આવેલ થોરાળામાં રહેતો 17 વર્ષીય સગીર ગઈકાલે સાંજે 4 વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતો ત્યારે ફિનાઈલ પી ગયો હતો. પરિવારજનોને જાણ થતા તાત્કાલિક સગીર વિદ્યાર્થીને રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ થતા થોરાળા પોલીસ ટીમ સિવિલ હોસ્પિટલે આવી અને સગીર વિદ્યાર્થીનું નિવેદન લેવા તજવીજ કરી હતી.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, બે બહેનો એકનો એક ભાઈ સગીર વિદ્યાર્થી ધોરણ 12માં અભ્યાસ કરતો હતો. બે દિવસ પહેલા જ તેની બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ તે ટેન્શનમાં રહેતો હતો કારણ કે તેનું ઈતિહાસનું પેપર નબળું ગયું હતું. આ ટેન્શનમાં તેણે ફિનાઈલ પી લીધું હતું. હાલ સગીર રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું હતું.

રમેશ શુભાંગભાઈ વિશ્વકર્મા (ઉ.વ.35) ગઈકાલે સાંજે 7.30 વાગ્યાં આસપાસ જ્યુબેલી ગાર્ડનમાં હતો ત્યારે ઉંદર મારવાની દવા પી જતા રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. રમેશભાઈએ પોલીસને જણાવ્યું કે, તે રેસ્ટોરન્ટમાં પહેલા કામ કરતો પણ અગાઉ શરીરે દાઝી ગયા પછી કામ ધંધો થતો ન હતો જેનાથી કંટાળીને જ્યુબેલી ગાર્ડનમાં દવા પીધી હતી.

ત્યારબાદ પછી ઘરે ગયો હતો ત્યાં ઉલ્ટી કરતા પરિવારે પૂછતાં ઝેરી દવા પીધાનું કહ્યું હતું. પરિવારજનોએ તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા અહીં ઈમર્જન્સી વિભાગમાં તેની સારવાર ચાલુ છે. રમેશ પહેલા ચાઈનીઝ પંજાબી રેસ્ટોરન્ટમાં નોકરી કરતો હાલ તેનાથી કામ થતું ન હોવાથી બેકાર રહેતા પગલું ભર્યું હતું. હાલ પોલીસે તેનું નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ગ્રામ પંચાયતોમાં વગર પગારે સેવા આપતા VCE ભાઈઓની માનવતા ઝળકી - સ્વ.સહકર્મીના પરિવારને 80,000ની મદદ

## ૧૮ વર્ષથી નજીવા કમિશન પર કામ છતાં સહાય માટે એકતા – સરકાર પાસે વેતન અને હક્કની બુલંદ માંગ

• ગોસા(ઘેડ) તા.૨૧

ગુજરાત રાજ્યમાં ઈ-ગ્રામ, વિશ્વગ્રામ સોસાયટી હેઠળ કાર્યરત ૧૪,૦૦૦થી વધુ VCE (વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર) ભાઈઓ લાંબા સમયથી વગર પગારે માત્ર નજીવા કમિશન પર સેવા આપી રહ્યા છે, છતાં તેમની માનવતા અને એકતા આજે પણ જીવંત છે તેવો સ્પર્શક દાખલો બનાસકાંઠા જિલ્લામાં સામે આવ્યો છે.બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના નાંદોત્રા ગામે ગ્રામ પંચાયત ખાતે VCE તરીકે સેવા આપતા સ્વ. સુરેશભાઈ જગાણીના આકસ્મિક અવસાન બાદ તેમના પરિવાર પર આર્થિક સંકટ આવી પડ્યું હતું. આ સંજોગોમાં બનાસકાંઠા જિલ્લા VCE મંડળ દ્વારા સહાનુભૂતિપૂર્વક "ફૂલ નહીં પણ ફૂલની પાંખડી" સ્વરૂપે રૂ. ૮૦,૦૦૦નો ફાળો એકત્રિત કરી તેમના પરિવારને સહાય આપવામાં આવી હતી.વિશેષ વાત એ છે કે પોતે જ મોંઘવારીના સમયમાં મુશ્કેલીથી જીવન ગુજારતા હોવા છતાં VCE ભાઈઓએ પોતાના કમિશનમાંથી સહાય આપી



માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. છેલ્લા ૧૮ વર્ષથી વગર પગારે અને માત્ર નજીવા કમિશન પર સતત ફરજ બજાવતા VCEઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ઈ-ગ્રામ સેન્ટર ચાલુ રાખી લોકો સુધી સરકારની વિવિધ યોજનાઓનો લાભ પહોંચાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવી રહ્યું છે.રાજ્યમાં ડિજિટલ સેવાઓને ગામડાં સુધી પહોંચાડવામાં VCEઓનો મહત્વનો ફાળો હોવા છતાં તેમને યોગ્ય વેતન કે પ્રોત્સાહન મળતું નથી. ૧૫માં નાણાપંચ યોજના હેઠળ ડેટા એન્ટ્રી માટે ઈન્સેન્ટિવ ચૂકવવાનો પરિપત્ર હોવા છતાં ઘણા ગામોમાં હજુ ચુકવણી કરવામાં આવી નથી, જેના કારણે VCEઓમાં અસંતોષ વ્યાપ્યો છે.આ ઘટનાના પગલે VCEઓમાં સરકાર પ્રત્યે એક જ માંગ ઉઠી રહી છે કે, આવા નાના કર્મચારીઓની વ્યાજબી માંગણીઓનો વિચાર કરી તેમને નિયમિત વેતન, પ્રોત્સાહન અને સંકટના સમયમાં સરકારી સહાય આપવામાં આવે.

# 52 લાખના ભ્રષ્ટાચાર કેસમાં ધવલ વઘાસિયાને શરતી જામીન

## કોટડાસાંગાણીના પૂર્વ સરપંચને સેસન્સ કોર્ટે મુક્ત કર્યા, અરવિંદ કેજરીવાલનો કેસને ટાંકવામાં આવ્યો

• ગોંડલ

કોટડાસાંગાણીના પૂર્વ સરપંચ અને ગોંડલના પૂર્વ એન.સી.પી. ધારાસભ્યના પુત્ર ધવલ વઘાસિયાને રૂ. 52 લાખના કથિત ભ્રષ્ટાચાર અને સરકારી નાણાંની ઉચાપતના કેસમાં સેસન્સ કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા છે. ચાર્જશીટ રજૂ થયા બાદ કોર્ટે તેમને રૂ. 1,00,000/- ના બોન્ડ પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.આ કેસની વિગત મુજબ, ફરિયાદી રિધ્ધિબેન જયંતિભાઈ પટેલે 09 નવેમ્બર, 2023ના રોજ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપી ધવલ વઘાસિયાએ સરપંચ તરીકેના કાર્યકાળ દરમિયાન સત્તાનો દુરુપયોગ કર્યો હતો અને ખોટા ઠરાવો કર્યા હતા.

આક્ષેપો અનુસાર, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માટેના મંડપ અને સાઉન્ડના બિલો મામલતદાર કચેરી દ્વારા ચૂકવાયા હોવા છતાં, પંચાયતના રેકોર્ડ પર ફરીથી ખોટા બિલો બનાવી નાણાં મેળવવામાં આવ્યા હતા. 'એટીવીટી' યોજના હેઠળ મંજૂર થયેલા રોડના કામોમાં સી.સી. રોડનું કામ શેડમાં દર્શાવી, બાકીના રોડનું કામ સ્થળ પર કર્યા વગર જ રકમની ઉચાપત કરવામાં આવી હતી વધુમાં, ઈજનેરની ખોટી સહીઓ વાળા પૂર્ણતા પ્રમાણપત્રો રજૂ કરીને સરકારી તંત્ર સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. આ મામલે કોટડાસાંગાણી પોલીસ સ્ટેશનમાં IPC કલમ 409, 420, 465, 467 સહિત ACBની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીની 15 જાન્યુઆરી, 2024ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.આરોપીના બચાવ પક્ષે ગોંડલના વકીલ વિજયરાજસિંહ એસ. જાડેજાએ દલીલ કરી હતી કે આરોપી સામે પ્રથમ દ્રષ્ટિએ લાંચ-રૂશ્વત ધારાની કલમો લાગુ પડતી નથી. તેમણે જણાવ્યું હતું કે કેસમાં કોઈ રિકવરી કે ડિસ્કવરી બાકી નથી અને ગુનાહિત કાવતરા (કલમ 120-બી) હેઠળ અન્ય કોઈ આરોપીની ધરપકડ થઈ નથી.

# ખંભાતમાં ઇદ-ઉલ-ફિત્રની નમાઝ અદા કરાઈ:તાલુકાભરમાં મુસ્લિમ બિરાદરોએ શ્રદ્ધાભેર ઇદની ઉજવણી કરી



• ખંભાત

રમઝાન માસ પૂર્ણ થતાં ખંભાતમાં શુક્રવારે સાંજે ચાંદ દેખાયો હતો. આ સાથે મુસ્લિમ બિરાદરોમાં ખુશીનો માહોલ છવાયો હતો અને સૌએ એકબીજાને ચાંદ મુબારકની શુભેચ્છાઓ પાઠવી હતી. ઈદ-ઉલ-ફિત્ર પર્વ નિમિત્તે ખંભાતના ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકઠા થયા હતા. તેમણે ઈદની નમાઝ અદા કરી હતી અને ત્યારબાદ એકબીજાને ભેટી ઈદ મુબારકની શુભેચ્છાઓ આપી હતી. ઈદ પર્વ નિમિત્તે ખંભાતમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જિલ્લાની એલ.સી.બી., એસ.ઓ.જી. સહિતની ખંભાત પોલીસે સતત પેટ્રોલિંગ કર્યું હતું. પોલીસે કોમી એખલાસ સાથે પર્વ ઉજવવા અપીલ કરી હતી, જેના પગલે રમઝાન ઈદ શાંતિપૂર્ણ રીતે ઉજવાઈ હતી.

## પરિવારનો ડોક્ટર પર બેદરકારીનો આક્ષેપ, તપાસ શરૂ

# ગોંડલ હોસ્પિટલમાં પ્રસૂતિ દરમિયાન માતાનું મોત નવજાત મૃત જન્મ્યુ હોવા છતાં જાણ નહોતી કરાઈ

• ગોંડલ

ગોંડલની શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલમાં પ્રસૂતિ દરમિયાન 30 વર્ષીય માતા અને તેના નવજાત બાળકનું મૃત્યુ થયું છે. પરિવારજનોએ હોસ્પિટલના સ્ટાફ અને ડોકટર પર ગંભીર બેદરકારીનો આક્ષેપ કર્યો છે.વાછરા ગામના રહેવાસી લક્ષ્મીબેન સુનિલભાઈ સોલંકી (ઉંમર 30)ને 20 તારીખે સવારે 10 વાગ્યે શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલના ગાયનેક વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા.



પરિવારના જણાવ્યા મુજબ, ગાયનેકોલોજિસ્ટ ડો. પૂજા પરમારે રિપોર્ટ તપાસી માતા અને બાળક બંને સ્વસ્થ હોવાનું જણાવ્યું હતું. જોકે, આજે વહેલી સવારે 3 વાગ્યે લક્ષ્મીબેનને અસહ્ય દુખાવો ઉપડ્યો ત્યારે સ્થળ પર કોઈ ડોક્ટર હાજર નહોતા. સાસુ સુમિતાબેને સ્ટાફને ડોક્ટર વિશે પૂછતાં, સ્ટાફે ઉતાવળે ડોક્ટરને જાણ કરી હતી.ડિલિવરી રૂમમાં લઈ ગયા બાદ નવજાત બાળક મૃત જન્મ્યું હોવા છતાં પરિવારને સમયસર જાણ કરવામાં આવી નહોતી. ત્યારબાદ માતાની તબિયત લથડતા ટૂંકી સારવાર બાદ તેમનું પણ મૃત્યુ થયું હતું. આ ઘટનાને કારણે 3 વર્ષની દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી છે.

ઘટનાની જાણ થતાં અનુસૂચિત સમાજના અગ્રણીઓ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. પરિવારે ન્યાય ન મળે ત્યાં સુધી પી.એમ. સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા જોતા, માતા અને બાળકના મૃતદેહને ફોરેન્સિક પી.એમ. માટે રાજકોટ ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરિવારનો દાવો છે કે જો ડોક્ટર સમયસર હાજર હોત અને સ્ટાફે બેદરકારી ન દાખવી હોત, તો માતા અને બાળક બંને જીવિત હોત.

જૂના પાદરા રોડ પર લેન્ડ ગ્રેબિંગ:4 સામે FIR

# ખોટા દસ્તાવેજ અને બોગસ સહીથી જમીન પચાવી પાડયાના એસ્ટેટ બ્રોકરના આક્ષેપ

• વડોદરા

વડોદરા શહેરના જૂના પાદરા રોડ વિસ્તારમાં રહેતા એસ્ટેટ બ્રોકરની પિતાની માલિકીની જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવામાં આવી હોવાના ગંભીર આક્ષેપ સાથે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખોટા દસ્તાવેજો રજૂ કરીને વધારાની એફ.એસ.આઈ. તેમજ અન્ય લાભો મેળવવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

આ મામલે શહેરની મેઘ ધનુષ સોસાયટીમાં રહેતા એસ્ટેટ બ્રોકર ભૂપેન્દ્ર મદનલાલ દલવાડીએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના સ્વર્ગસ્થ દાદાના નામે ગોત્રી વિસ્તારમાં આવેલી જમીન અંગે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બાંધકામની મંજૂરી લેવામાં આવી હતી. ત્યારબાદ તેમના પિતા દ્વારા પણ નિયમ મુજબ રજાચિઠ્ઠી મેળવવામાં આવી હતી, જેમાં કોર્પોરેશનને ભવિષ્યમાં ચોક્કસ જમીન આપવાની શરત નક્કી કરવામાં આવી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આ દરમિયાન પ્રવીણ પટેલ અને અરવિંદ પટેલને બાનાખત દ્વારા જમીન આપવાની




પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પરંતુ બાનાખતની મર્યાદા વટાવીને જમીનનો ગેરકાયદેસર ઉપયોગ કરી મેસર્સ કૃષ્ણા એન્ટરપ્રાઈઝના ભાગીદારો તથા કુલમુખત્યાર મનહરસિંહ ઝાલાએ ખોટા દસ્તાવેજો તૈયાર કર્યા હતા. તેમાં કબુલાતનામું તથા કબજા પાવતીમાં ભૂપેન્દ્રના પિતાની નકલી સહી કરવામાં આવી હતી. હેન્ડરાઈટિંગ નિષ્ણાતના પ્રાથમિક અભિપ્રાય મુજબ પણ આ સહીમાં વિસંગતતા જોવા મળી છે.

આ ખોટા દસ્તાવેજોના આધારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમીન સોંપી દેવાનું દર્શાવી વધારાની એફ.એસ.આઈ. તેમજ અન્ય લાભો મેળવવામાં આવ્યા હતા. આ કાવતરામાં પિતાના હકની અંદાજે 295 ચો.મી. જમીન ગેરરીતે કોર્પોરેશનને સોંપી દેવામાં આવી હતી અને તેના બદલામાં ડેવલોપર્સ તથા કુલમુખત્યારે આર્થિક લાભ ઉઠાવ્યો હોવાનો આરોપ છે.ફરિયાદના આધારે ગોત્રી પોલીસે અરવિંદ પટેલ, રવિ પટેલ, પ્રવીણ પટેલ અને મનહરસિંહ ઝાલા સામે ઠગાઈનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ મામલે ગોત્રી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**પ્રારંભ** મહાનગરપાલિકા કમિશનર અને નિષ્ણાતો દ્વારા મિલેટ્સના પૌષ્ટિક મહત્વ અંગે માર્ગદર્શન અપાયું

# વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં પોરબંદરમાં મિલેટ મહોત્સવનો ભવ્ય પ્રારંભ

## જિલ્લા કલેક્ટર સહિતના મહાનુભાવોએ ફૂડ સ્ટોલની મુલાકાત લઈને મિલેટ વાનગીઓનો સ્વાદ માણ્યો

• ગોસા(ઘેડ) તા.૨૧

પોરબંદર શહેરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં બે દિવસીય મિલેટ મહોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહાનગરપાલિકા કમિશનર હસમુખ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ભારત સરકારે વર્ષ ૨૦૧૮ને 'નેશનલ મિલેટ યર' તરીકે જાહેર કર્યું હતું અને ભારતના પ્રયત્નોથી વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય સ્તરે 'ઈન્ટરનેશનલ મિલેટ યર' તરીકે ઉજવવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું કે બાજરી, જુવાર, રાગી, મોરૈયો અને કાંગ જેવા મિલેટ્સમાં પ્રોટીન, વિટામિન્સ, ફાઈબર અને વિવિધ મિનરલ્સ ભરપૂર પ્રમાણમાં હોય છે, જે આરોગ્ય માટે અત્યંત લાભદાયક છે તેમજ ડાયાબિટીસ જેવા રોગોમાં પણ ઉપયોગી સાબિત થાય છે.

વધુમાં તેમણે શહેર અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, ખાસ કરીને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મહોત્સવની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો અને મિલેટ્સના પૌષ્ટિક ફાયદાઓને દૈનિક આહારમાં સામેલ કરવા ભાર મુક્યો હતો. તેમણે ઉમેર્યું કે આવા મહોત્સવો લોકોના આરોગ્યમાં સુધારો લાવવામાં અને કુપોષણ સામે લડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

કાર્યક્રમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાપટના કૃષિ વૈજ્ઞાનિક ડૉ. દિલીપ હડિયાએ મિલેટ્સના મહત્વ, તેમના આરોગ્યલાભો અને પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

અંતમાં જિલ્લા ખેતીવાડી અધિકારી એચ.એ. ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેક્ટર સહિતના મહાનુભાવોએ વિવિધ ફૂડ સ્ટોલની મુલાકાત લઈને મિલેટ્સમાંથી બનેલી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો તેમજ વાનગી સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર એસ.ડી. ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, જિલ્લા શિક્ષણ અધિકારી વિનોદ પરમાર, પોરબંદર શહેર મામલતદાર ભરતભાઈ સંચાણીયા, જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. ચેતનાબેન તિવારી સહિત આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




બાલારામ- અંબાજી અભ્યારણ્ય વિસ્તારમાં જંગલ કટીંગ તથા

# વન્યપ્રાણીઓના રહેઠાણને થયેલ નુકશાન અંગેના ગુનાના કેસમાં જામીન અરજી નામદાર સેસન્સ કોર્ટ, પાલનપુર દ્વારા પણ નામંજુર

અમીરગઢ વન્યજીવ રેન્જ ના બાલારામ-અંબાજી અભ્યારણની સીમામાં આવેલા ખાપા જંગલ વિસ્તારમાં આરોપીઓ દ્વારા ગેરકાયદેસર રીતે અંદાજીત 1000 મીટર ગેરકાયદેસર રીતે રસ્તો બનાવી આશરે 70 જેટલા વૃક્ષો ધરાશાયી કરાયા હતા. આ ઘટનામાં વિવિધ પક્ષીઓના માળા તથા વન્ય પ્રાણીઓના નેસ્ટ-રહેઠાણને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

આ બાબતે અમીરગઢ રેન્જ દ્વારા વન્યજીવ સંરક્ષણ અધિનિયમ-1972 મુજબ ગુનો નોંધી આરોપીઓને પકડવામાં આવેલ હતા. ત્યારબાદ આરોપીઓ દ્વારા મહેરબાન બીજી એડિશનલ ડિસ્ટ્રીક કોર્ટ, પાલનપુર ખાતે જમીન અરજી દાખલ કરવામાં આવી હતી. સરકારશ્રી પક્ષે સરકારી વકીલ શ્રી ડી.એચ. છાપીયા દ્વારા અભ્યારણના સંરક્ષણના હિતમાં



મજબૂત દલીલો તથા રજૂઆત કરવામાં આવી હતી . દ્વિતીય એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ , પાલનપુર ના મહેરબાન ન્યાયાધીશ શ્રી જે.કે. કાનાણી સાહેબે દ્વારા ગુના ની ગંભીરતા ધ્યાને લઈ તારીખ 28/02/2026 ના રોજ આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

નામદાર કોર્ટ તેમના ચુકાદામાં એવી હકીકત નોંધાવે છે કે તે વૈજ્ઞાનિક રીતે સાબિત થાય છે કે વાઈલ્ડ લાઈફ તથા જંગલને પ્રિઝર્વ કરવાથી ઈકોલોજીકલ બેલેન્સ તથા ફૂડ ચેન જળવાઈ રહેશે .કોર્ટ એવું જણાવે છે કે બંધારણના આર્ટિકલ 51(a) (g) પ્રમાણે ભારતના દરેક નાગરિકની પણ પર્યાવરણ તથા વાઈલ્ડ લાઈફનું રક્ષણ કરવાની ફરજ છે .કોર્ટે એવું પણ નોંધાવે છે કે મનુષ્ય પાસે ખોરાક ના વિકલ્પ હોય છે. પરંતુ વાઈલ્ડ લાઈફ પાસે ફૂડ ચેઈન સિવાય કોઈ માર્ગ નથી હોતો જેથી આરોપીઓ દ્વારા જંગલ સફાઈ કરવામાં આવી તેનાથી વાઈલ્ડ લાઈફના નેચરલ , હેબીટાટ ડિસ્ટર્બ થયા છે તેમજ પર્યાવરણના ઈકોલોજીકલ બેલેન્સ ને પણ નુકસાન થયું છે .નામ.કોર્ટે એવું પણ નોંધ્યું છે કે જે રીતે મનુષ્ય ને ડીગ્નિટી થી રહેવા અધિકાર છે તે રીતે વાઈલ્ડ લાઈફને પણ રહેવાનો અધિકાર છે .કોર્ટે એવું નોંધે છે કે વન અધિકારી પોતાની હિંમત તથા કર્તવ્ય દાખવી આવા આરોપી ને પકડી પાડી ફરજ પાલન કરેલ છે. તે અંગે પ્રશંસા પણ પાઠવી છે.વધુમાં કોર્ટ એવુ વિચારી ધ્રુજી ઉઠી છે કે કીડી ,મકોડા, ઉધઈ તથા કરોળિયા જેવા અસંખ્ય નાના નાના જીવજંતુઓ આરોપીઓના આવા નિર્દય કૃત્ય વૃક્ષોને જળમુળ થી ઉખાડવાના કારણે નાશ થયા હશે.....

અત્રે ઉલ્લેખનીય છે કે સદર ચુકાદો બનાસકાંઠા જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માં વન અને વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન કરવાની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેશે..

પૂર્વ કોર્પોરેટરોએ પોલીસકર્મીને પણ ઓળખ આપવી પડી?

# નાયબ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં પ્રથમ હરોળમાં બેઠેલા બે પૂર્વ કોર્પોરેટરોને પોલીસે ઉઠાડ્યા

• વડોદરા

રાજ્યના નાયબ મુખ્યમંત્રી વડોદરા ખાતે વિશ્વાસ 2.0 પ્રોજેક્ટના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તેઓ કાર્યક્રમમાં પહોંચે તે પહેલા બે પૂર્વ કોર્પોરેટરો કે જેઓ 10 દિવસ પહેલા સત્તામાં હતા તેઓ પ્રથમ હરોળમાં બેસી ગયા હતા. જો કે વ્યવસ્થામાં જોડાયેલા પોલીસ કર્મચારીઓ તેઓને કદાચ ઓળખી શક્યા ન હતા જેથી તેઓને પાછળ બેસવા જણાવ્યું હતું. આ બંનેએ પોતાની ઓળખ આપવી પડી હતી અને બાદમાં થોડી વાર પછી પાછળ તેઓની બેઠક વ્યવસ્થા જ્યાં હતી ત્યાં બેસી ગયા હતા.

નાયબ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં બે પૂર્વ કોર્પોરેટરો ધારાસભ્ય સાથે પહોંચ્યા હતા. વોર્ડ-12ના સ્મિત પટેલ અને વોર્ડ-4ના વિનોદ ભરવાડ કાર્યક્રમ શરૂ થાય તે પહેલા પહોંચી ગયા હતા. તેઓ ધારાસભ્ય સાથે પ્રથમ હરોળમાં બેસી ગયા. જોકે, ઉપસ્થિત પોલીસ કર્મચારીઓએ વ્યવસ્થાના ભાગરૂપે ધારાસભ્યને પણ આ બેઠક રિઝર્વ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અન્ય



એક ઉચ્ચ અધિકારી આવી ધારાસભ્યને સ્ટેજ પર લઈ ગયા હતા. બાદમાં આ બંને કોર્પોરેટરોને કદાચ કર્મચારી ઓળખી શક્યા ન હતા. જેથી તેઓને આ રિઝર્વ બેઠક ઉપરથી ઊઠવા જણાવ્યું હતું. જો કે આ બંને કોર્પોરેટરોએ પોતાની ઓળખ આપી બાદમાં અહીંથી ઉઠી જવાની સાંત્વના આપી હતી.આ અંગે કોર્પોરેટર સ્મિત પટેલે જણાવ્યું હતું કે, અમે ધારાસભ્ય સાથે આવ્યા હતા અને આગળ બેઠા હતા. જો કે ધારાસભ્યએ સ્ટેજ ઉપર જવાનું હતું અને આ રિઝર્વ બેઠક હતી એટલે અમે પોલીસ કર્મચારીઓને કહ્યું કે, થોડી વારમાં અમે અહીંથી પાછળ જતા રહીશું. બીજો કોઈ વિવાદ થયો ન હતો.સ્થાનિક પોલીસ કર્મચારીઓ પણ સ્થાનિક નગરસેવકોને ઓળખી શક્યા ન હતા ત્યારે ઉપસ્થિતિમાં પણ એવી ચર્ચા ચાલી હતી કે, શું આ કોર્પોરેટરોને તેમના વોર્ડમાં તો લોકો ઓળખે છે ને? આગામી સમય ચૂંટણીઓનો સમય છે ત્યારે હાલમાં જ કાર્યકાળ પૂર્ણ થતા હવે સૌ કોઈ ચૂંટણીની જાહેરાતની રાહ જોઈ રહ્યું છે.

# રજીસ્ટારથી લઈને ૩૬ પ્રકારના વિવિધ પદો માટે ૧૩૦ જગ્યાઓ અંગે જાહેર કરેલ ભરતી પ્રકિયા સામે મોટાપાયે ગોઠવણ?

• અખબારી યાદી

ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં 'લાગવગ અને ગોઠવણ' એ લાયકાત : મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરે

મહેનત કરીને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા સામાન્ય-મધ્યમ વર્ગના યુવાનોને ક્યારે નોકરીની તક મળશે? : જો પારદર્શિતા સુનિશ્ચિત કરવામા નહીં આવે તો કાયદાકીય કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યની સૌથી જૂની યુનિવર્સિટીમાં ભરતી પ્રકિયામાં મોટાપાયે ગોલમાલ, ગેરરીતિ અને લાયકાતના ધોરણે માત્ર 'લાગવગ' તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિશોના મળતિયા અને ગોઠવવાનો સ્પષ્ટ આરોપ સામે પર્દાફાશ કરતાં એન.એસ.યુ.આઈના પુર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા અગાઉ ૩ વર્ષ પહેલા જાહેર કરેલ ભરતી પ્રકિયા લાંબા વિવાદ બાદ નવેસરથી ડિસેમ્બર -૨૦૨૫માં રજીસ્ટારથી લઈને ૩૬ પ્રકારના વિવિધ પદો માટે ૧૩૦ જગ્યાઓ અંગે જાહેર કરેલ ભરતી પ્રકિયા સામે મોટાપાયે વિવાદ થાય અને લાગતા વળગતાને અગાઉથી જ 'ગોઠવી' દેવાના હોય તે રીતે કાર્યવાહી ચાલી રહી હોય તેવી માહિતી ગુજરાત યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પરથી સ્પષ્ટ જાહેર થાય છે, ત્યારે મહત્વના પદો પર એક પદ પર ચોક્કસ એક જ ઉમેદવારને માન્ય કરીને ભરતી પ્રકિયા માત્ર દેખાવ પૂરતી હોય તેવી ગોઠવણ કોઈપણ સમજી શકે તેમ છે. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિશોને સમગ્ર રાજ્યમાંથી મહત્વના પદો માટે કોઈ લાયકાતવાળો ઉમેદવાર મળતો નથી કે પછી ગોઠવણમાં મુશ્કેલી હોય તેવું જણાય છે. પી એ ટુ રજીસ્ટારના ૩૩ ઉમેદવારોમાંથી ૧ જ, પી એ ટુ વી.સી માટે ૩૩ ઉમેદવારો માંથી માત્ર ૨ જ, ફીઝીકલ એજ્યુકેશન ડાયરેક્ટર માટે ૧૨ ઉમેદવારોમાંથી માત્ર ૧ જ અને યુનિવર્સિટી એન્જિનિયર માટે ૭ ઉમેદવારોમાંથી માત્ર ૧ જ લાયકાત ધરાવતા હોય તે કેટલે અંશે સત્ય હોય શકે? શું આ ગોઠવણનો ભાગ હોય તેમ જણાતું નથી? શું અગાઉથી જ ઉમેદવારોને ખાનગી રીતે 'ચકાસણી - ગોઠવણ' બાદ જ લાયક ગણવામાં આવ્યા છે?

## શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય સાંસદ રાજ્યસભા, રાષ્ટ્રીય પ્રવક્તા એ.આઈ.સી.સી

ઈરાન વિરુદ્ધ ઈઝરાયલ + અમેરિકાના યુદ્ધના કારણે અનેક ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઈરાન અને ઈઝરાયલ ઉપરાંત અબુધાબી, દુબઈ, બહેરીન, કતાર અને અન્ય ગલ્ફ દેશોમાં ડ્રોન હુમલાઓ, મિસાઈલ અને હવાઈ હુમલાના સતત અહેવાલો મળ્યા કરે છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગુજરાતી સમુદાયના સભ્યો રહે છે.ભારત સરકાર અને રાજ્ય સરકારે તેમની સલામતી, સુરક્ષા અને તેમના વ્યવસાયો અને કાર્યસ્થળોના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ જો આપણા સમુદાયના સભ્યો ગુજરાતમાં પાછા ફરવા માંગતા હોય તો ભારત અને ગુજરાતના અધિકારીઓએ સુરક્ષિત ગુજરાત આવવા તેમના માટે મફત વ્યવસ્થા કરવી જોઈએ તેમ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. અમેરિકા અને અન્ય દેશોમાં જઈ રહેલા ગુજરાતીઓની ફલાઈટ દુબઈ, કુવૈત કે અબુધાબીમાં રોકાય તો તેઓ ત્યાં જ ફસાઈ ગયા છે. ગુજરાતના નડિયાદના પ્રિતેશભાઈ પટેલ તથા હીનાબેન પટેલના પરિવારે રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે પ્રિતેશભાઈ અને હીનાબેન અમેરીકા જતા હતા, પરંતુ કુવૈત ખાતે ફસાયા છે. ઉમરા કરવા ગયેલ અનેક ગુજરાતી યાત્રિકો સાઉદી અરેબિયાના એરપોર્ટ પર ફસાયા હોવાની માહિતી મળી છે. આ યાત્રિકોનો મુશ્કેલી વર્ણવતો વિડીયો પણ મળેલ છે.

ગર્ભાશયના કેન્સર સામે લડત રક્ષાકવચ

# વડોદરાની 15 હજારથી વધુ દીકરીઓને HPV રસી અપાશે, સોમવારથી અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી આરંભ થશે

• વડોદરા

મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે, સર્વાઈકલ કેન્સરને જડમૂળથી નાબૂદ કરવાના હેતુથી સરકાર દ્વારા 14 વર્ષની દીકરીઓને મફત એચપીવી રસી આપવાનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. વડોદરા ખાતે સોમવાર તા. 2 માર્ચથી રસીકરણ સત્ર શરુ કરવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકાના સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલભાઇ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, પ્રારંભિક તબક્કામાં શહેરના 40 અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા. 2 માર્ચને સોમવારના રોજ રસીકરણ સત્રો યોજવામાં આવશે. આ કામગીરી માટે 142 એએનએમ




તથા 67 સ્ટાફ નર્સની મદદથી સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા શહેરમાં લગભગ 15,033 કિશોરીઓને આવરી લેઈ રસીકરણ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સોમવારથી રસીકરણની કામગીરી રાબેતા મુજબ તમામ અર્બન પ્રાઈમરી હેલ્થ સેંટર ખાતેથી સવારે 10 વાગ્યાથી પ્રારંભ કરવામાં આવશે.

સ્થાયી સમિતિના અધ્યક્ષ ડૉ. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, હાલમાં વડોદરા શહેરને કુલ 4,647 HPV રસીના ડોઝ પ્રાપ્ત થયા છે. જેમા 1 જાન્યુઆરી, 2011થી 29 ફેબ્રુઆરી, 2012 વચ્ચે જન્મેલી લગભગ 14 વર્ષની કિશોરીઓને આ રસી મુકવામાં આવશે. હેડ કાઉન્ટ સર્વે દ્વારા લાભાર્થીઓની ઓળખ કરવામાં આવશે. રસીકરણ બાદ 30 મિનિટ સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. 24×7 હેલ્પલાઈન નંબર 104 ઉપર ફૉન કરી નાગરીકો માહિતિ મેળવી શકશે. આ અભિયાનનો સમયગાળો 3 મહિના (90 દિવસ) રહેશે. વડોદરા શહેરની તમામ લક્ષિત કિશોરીઓ અને તેમના વાલીઓને આ અભિયાનમાં સક્રિય સહભાગી થાય તેઓ આગ્રહ કરવામાં આવ્યો છે.

**આદિવાસી અધિકાર**

## ગુજરાત ક્રાંતિની ભૂમિ, હવે ગુજરાતના આદિવાસી સમાજના હક્કો અને ન્યાય માટેના નવા પરિવર્તનની શરૂઆત કરશે : વિક્રાંત ભૂરિયા

# રાહુલ ગાંધી આદિવાસી અધિકાર સંવિધાન સંમેલનમાં હાજરી આપશે : અમિત ચાવડા

### આદિવાસી સમાજના મુદ્દે લડત લડતા એક્ટિવિસ્ટ, સામાજિક, રાજકીય અને શિક્ષણ પર કામ કરતા મહિલા અને યુવાનો સાથે શ્રી રાહુલ ગાંધીજી કરશે સંવાદ: અમિત ચાવડા

વડોદરા સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિત ચાવડા સાહેબે એ જણાવ્યું હતું કે, આપ સૌ જાણો છો આજે દેશમાં કેવી રીતે લોકોના સંવિધાનિક અધિકારો દિવસે દિવસે છિનવાઈ રહ્યા છે. દેશના લોકોના સંવિધાનિક અધિકારો પર ચારે તરફથી ચોક્કસ લોકો દ્વારા અતિક્રમણ થઈ રહ્યું છે. એમાં પણ એનું રક્ષણ કરવાની જવાબદારી જે સરકારની છે, પરંતુ આ ડબલ એન્જિનની સરકાર આ અધિકારોનું રક્ષણ કરવાને બદલે એ અધિકારોના છીનવવા માટેના જે પ્રયત્નો થઈ રહ્યા છે એને ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ રીતે સમર્થન કરી રહી છે. એમાં પણ ખાસ કરીને આ દેશના મૂળ નિવાસીઓ આધિવાસી સમાજ એ જેમણે સદીઓથી જળ જંગલ જમીનનું રક્ષણ પણ કર્યું છે, સિંચન પણ કર્યું છે, જતન પણ કર્યું છે અને એના સાથે એમનો આત્મિયતાનો લાગણીનો

અને બધીજ રીતનો નાતો રહેલો છે, છતાં આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના અધિકારો છીનવાઈ રહ્યા છે. આજે વિકાસના નામે આદિવાસી લોકોને તેમની જમીનમાંથી બેદખલ કરવામાં આવે છે, તેમના ઘરો પર બુલડોઝર ફેરવવામાં આવે છે. કોંગ્રેસની સરકારે જંગલ જમીન અધિકારનો કાયદો આપ્યો, પરંતુ ગુજરાતમાં વીસ વર્ષ પછી પણ હજારોની સંખ્યામાં એ દાવાઓ પેન્ડિંગ છે. આદિવાસી વિસ્તારોમાં આજે પણ રસ્તાની સુવિધા નથી, પીવાના પાણીના પ્રશ્નો છે, સિંચાઈની વ્યવસ્થા નથી, શિક્ષણની સુવિધા નથી અને આરોગ્યની વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી. દરેક રીતે આજે પણ તેમની સાથે અન્યાયપૂર્ણ વર્તન થઈ રહ્યું છે. બંધારણે આદિવાસી સમાજ માટે અનુશુચિ 5 મુજબ અધિકારો આપ્યા છે (PESA) એક્ટ નો કાયદો છે જે આદિવાસી સમાજને અનેક મહત્વપૂર્ણ અધિકારો આપે છે, છતાં પણ તેમને તે અધિકારો પ્રાપ્ત થતા નથી. તેમને મળેલા સંરક્ષણનો પણ યોગ્ય રીતે અમલ થતો નથી. આવા સંજોગોમાં વિકાસ માટે ફાળવાતા બજેટમાં પણ મોટો ભેદભાવ થાય છે. વિકાસના નામે ફળવાતા નાણાંમાં પણ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થાય છે. આદિવાસીઓના નામે ફાળવાતા બજેટ જે મનરેગાનું હોય, નળ-સેજલ યોજનાનું હોય કે એસટી વિભાગના બજેટ હોય એ બધામાં ચારે બાજુ ભ્રષ્ટાચાર જોવા મળે છે. આવા સંજોગોમાં ગુજરાતમાં વિવિધ મુદ્દાઓને લઈને આદિવાસી સમાજના લોકો લડત લડી રહ્યા છે. આદિવાસી યુવાનો પણ સંઘર્ષ કરી રહ્યા છે. લોકોના પ્રશ્નો સાંભળવા માટે, અંબાજીથી લઈને ઉમરગામના તમામ આદિવાસી વિસ્તારોમાં જુદા જુદા મુદ્દાઓ પર લડત લડતા યુવાનો, એક્ટિવિસ્ટો અને જાગૃત નાગરિકો અને ખાસ કરીને ભણેલા ગણેલા લોકો, એન્ટરપ્રેન્યોર્સ, પ્રોફેશનલ્સ, એનજીઓમાં કાર્યરત યુવાનો, મહિલાઓ અને કાર્યકર્તાઓ-આ બધા લોકો આદિવાસી સમાજના હક્કો, ઉન્નતિ, પ્રગતિ અને વિકાસ માટે કાર્ય કરી રહ્યા છે. આવા તમામ લોકો સાથે સીધો સંવાદ કરવા માટે, દેશના જનનાયક તરીકે દરેક વ્યક્તિના મન અને હૃદયમાં સ્થાન ધરાવતા લોકસભાના વિરોધ પક્ષના નેતા શ્રી રાહુલ ગાંધીજી વડોદરા, ગુજરાત આવી રહ્યા છે.




ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આદિવાસી વિભાગ અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ આદિવાસી કોંગ્રેસ દ્વારા સંયુક્ત આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતના તમામ આદિવાસી વિસ્તારોમાં કામ કરતા લોકો સાથે ચર્ચા અને સંવાદ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 23મી તારીખે બપોરે એક વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી વડોદરા ખાતે આ સંવાદ યોજાશે. આ કાર્યક્રમ "આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન"ના સ્વરૂપમાં યોજાશે.આ કાર્યક્રમમાં સમગ્ર આદિવાસી વિસ્તારના યુવાનો, મહિલાઓ, કાર્યકર્તાઓ, એક્ટિવિસ્ટો અને જાગૃત નાગરિકો એકત્રિત થશે અને વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થશે. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધીજી પણ જોડાશે અને લગભગ એક કલાક સુધી સંવાદ કરશે. ગુજરાતના આદિવાસી વિસ્તારોના લોકોના પ્રશ્નો, સમસ્યાઓ, પીડા અને આક્રોશ અંગે વિસ્તૃત સંવાદ કરવા માટે રાહુલ ગાંધીજી 23મી તારીખે સોમવારે વડોદરા આવી રહ્યા છે. તે સમયે સમગ્ર વડોદરા કોંગ્રેસ સમિતિ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી તેમનું સ્વાગત કરવા માટે કાર્યકર્તાઓ ઉત્સાહિત છે.

આ કાર્યક્રમમાં ઉઠેલા મુદ્દાઓને આધારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને તેનો આદિવાસી વિભાગ આવનારા સમયમાં લોકો વચ્ચે જઈ તેમના હક્ક અને અધિકારો માટે લડતના કાર્યક્રમો નક્કી કરશે.

આગળ, વિધાન સભામાં વિરોધ પક્ષના નેતા માનનીય શ્રી તુષારભાઈ ચૌધરી જણાવેલ હતું કે,

"આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન" કોઈ એક રાજકીય પક્ષ, ખાસ કરીને કોંગ્રેસ પાર્ટીનું સંમેલન નથી. આ સંમેલનમાં આદિવાસી હકો માટે લડતા સ્વૈચ્છિક સંગઠનો, આદિવાસી સમાજના પોતાના સંગઠનો, એનજીઓ તેમજ આદિવાસીઓના હક્ક અને અધિકારો માટે કાર્યરત દરેક વ્યક્તિને આમંત્રણ આપવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં કોઈ મત કે રાજકીય લાભની ચર્ચા થવાની નથી. પરંતુ ગુજરાતમાં આદિવાસીઓ સાથે થતા અન્યાય સામે કેવી રીતે લડત લડવી અને તેમને ન્યાય કેવી રીતે અપાવવો તે મુદ્દાઓ પર ચર્ચા થશે. આ માટે ગુજરાતભરમાંથી લગભગ હજાર જેટલા લોકોને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમાં ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, નિવૃત્ત અધિકારીઓ, સમાજસેવીઓ, બુદ્ધિજીવીઓ અને અન્ય જાગૃત નાગરિકોનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે ફક્ત આદિવાસી જ નહીં, પરંતુ આદિવાસી હકો માટે લડતા બિન-આદિવાસી લોકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પેનલ બનાવીને ગ્રુપ ડિસ્કશન કરવામાં આવશે. લગભગ 4 થી 5 કલાકની ચર્ચા બાદ જે નિષ્કર્ષ આવશે તે શ્રી રાહુલ ગાંધીજીની સમક્ષ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ તેઓ પોતાના પ્રતિભાવ આપશે અને આવનારા સમયમાં આ મુદ્દાઓ પર ગુજરાત સ્તરે લડત લડવાની દિશામાં માર્ગદર્શન આપશે.

હવે ગુજરાતની પરિસ્થિતિ અંગે વાત કરીએ તો, વર્ષ 2006માં જંગલ જમીન પર વર્ષોથી ખેતી કરતા લોકોને હક આપવા માટે વન અધિકાર અધિનિયમ પસાર કરવામાં આવ્યો અને 2008થી તેની અમલવારી શરૂ થઈ. આજે 2024 સુધીના લગભગ 18 વર્ષ પછી પણ ગુજરાતમાં જંગલ જમીનના દાવાઓમાંથી આશરે 48.5% લોકોને હજુ સુધી હક આપવામાં આવ્યા નથી. એટલે કે માત્ર 51.5% જેટલું કામ જ થયું છે. બાકી રહેલા લોકોને સરકાર તરફથી કોઈ જવાબ કે સહાય મળી રહી નથી, જેના કારણે તેમની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે. ગુજરાત સરકાર દ્વારા વર્ગ-3ની ભરતીમાં અગાઉ 35% કટઓફ મર્યાદા હતી, જેને વધારીને 40% કરવામાં આવી છે. તેના કારણે આદિવાસી સમાજના 50%થી વધુ સ્થાન ખાલી રહી જાય છે અને તેને ઓપન મેરિટમાં પરિવર્તિત કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા આદિવાસીઓના વિકાસ માટે આર્ટિકલ 275(1) હેઠળ દર વર્ષે ફંડ આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારે લગભગ 6600 કરોડનું ફંડ આપ્યું છે, પરંતુ રાજ્ય સરકારે તેનો યોગ્ય ઉપયોગ કર્યો નથી. બજેટમાં મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આદિવાસીઓ માટે ફાળવાયેલ રકમ અન્ય વિભાગોમાં વહેંચાઈ જાય છે અને માત્ર 4000-4500 કરોડ જેટલો જ વાસ્તવિક ખર્ચ થાય છે. તેમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે. વિકાસના મોટા દાવાઓ વચ્ચે આ વાસ્તવિક પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે.

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના આદિવાસી કોંગ્રેસ વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ અને મધ્ય પ્રદેશના ધારાસભ્ય શ્રી વિક્રાંત ભૂરિયાજી એ જણાવ્યું હતું કે,

"આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન"ને ઐતિહાસિક ગણાવતા આજની પ્રેસ વાર્તામાં ગુજરાતમાં આદિવાસી સમાજની પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

છેલ્લા ત્રણ દાયકાથી રાજ્યમાં ભાજપની સરકાર છે અને વડોદરામાં ટ્રિપલ એન્જિન સરકાર હોવા છતાં આદિવાસી સમાજનો સૌથી વધુ શોષણ થઈ રહ્યો છે. રાજ્યની કુલ વસ્તીમાં આશરે 14 ટકા હિસ્સો ધરાવતા આદિવાસી સમાજને વિકાસના નામે હાશિયે ધકેલવામાં આવી રહ્યો છે.તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ક્યારેય વિકાસના વિરોધમાં નથી, પરંતુ વિકાસના નામે આદિવાસીઓના ઘર, જમીન અને રોજગાર છીનવાઈ રહ્યા છે, જે સ્વીકાર્ય નથી. આદિવાસી સમાજના બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવામાં આવી રહ્યું નથી અને તેમને મજૂરી કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. સાચો વિકાસ થતો હોત, તો તેમાં તમામ વર્ગોની સમાન ભાગીદારી હોત અને આદિવાસી સમાજને પણ તેમના હક્કો પ્રાપ્ત થતા.

આવનારી 23મી તારીખે યોજાનાર કાર્યક્રમમાં દેશના વિપક્ષ નેતા શ્રી રાહુલ ગાંધીજી દિલ્હીથી વડોદરા આવી રહ્યા છે. તેઓ એક સ્પષ્ટ સંદેશ આપવા આવી રહ્યા છે કે ગુજરાતમાં આદિવાસીઓ સાથે થતા અન્યાયને હવે વધુ સમય સુધી સહન કરવામાં નહીં આવે. અને સંવિધાનમાં આપવામાં આવેલ અધિકારો અને શક્તિઓનો ઉપયોગ કરીને આદિવાસી સમાજના હક્કો માટે સરકાર સામે મજબૂત લડત લડવામાં આવશે.

આ પત્રકાર વાર્તાલાપ માં વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી ઋત્વિજ જોષી, વિરોધ પક્ષના નેતા શ્રી ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ, પ્રદેશ ઉપપ્રમુખ શ્રી ભીખાભાઇ રબારી, પ્રદેશ ST સેલ ના પ્રમુખ શ્રી રાજુભાઈ પારઘી, પ્રદેશ પ્રવક્તાશ્રીઓ નરેન્દ્ર રાવત અને નિશાંત રાવલ વિશેષ રૂપે હાજર હતા.

# વિધાનસભા ઘેરાવની ચીમકી વચ્ચે આંગણવાડી-આશાવર્કર આંદોલન તેજ

### AAPએ આપ્યું સંપૂર્ણ સમર્થન, માવઠાગ્રસ્ત ખેડૂતો માટે તાત્કાલિક વળતરની માંગ કરી

• ગાંધીનગર

ગુજરાતમાં આંગણવાડી કાર્યકર્તા અને આશા વર્કર બહેનોના વેતન વધારા તથા અન્ય હક્કો માટે ચાલી રહેલું આંદોલન તેજ થઈ ગયું છે. તાજેતરમાં ત્રણ દિવસની હડતાળ બાદ હવે બહેનોએ ગાંધીનગરમાં વિધાનસભા ઘેરાવ કરવાની ચીમકી આપી છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી (AAP)એ સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. AAPના યુવા નેતા પ્રવીણ રામે બહેનોની માંગણીઓને યોગ્ય ગણાવી સરકારને તાત્કાલિક નિર્ણય લેવા અપીલ કરી છે.પ્રવીણ રામે જણાવ્યું કે, 'રાજ્યની આંગણવાડી અને આશા વર્કર બહેનો વર્ષોથી યોગ્ય માનદ વેતન, સુવિધાઓ અને સરકારી કર્મચારી જેવો દરજ્જો મેળવવા માટે લડી રહી છે છતાં સરકાર તરફથી કોઈ સકારાત્મક પગલાં લેવાયા નથી. તાજેતરમાં ત્રણ દિવસની હડતાળમાં 1 લાખથી વધુ બહેનોએ ભાગ લીધો હતો. હવે વિધાનસભા ઘેરાવની ચીમકી સાથે આંદોલન વધુ તીવ્ર બન્યું છે. AAP આ લડતમાં સંપૂર્ણપણે બહેનોની સાથે છે અને જરૂર પડે તો આગામી દિવસોમાં પણ સક્રિય સમર્થન આપશે.'

પાર્ટીએ સરકારને અપીલ કરી છે કે, બહેનોની લાંબા સમયથી લટકતી માંગણીઓ જેમ કે વેતન વધારો, ડિજિટલ કામ માટે સાધનો અને અન્ય સુવિધાઓને તાત્કાલિક માન્યતા આપવામાં આવે. અન્યથા આંદોલન વધુ વિસ્તરશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.આ ઉપરાંત રાજ્યમાં તાજેતરમાં પડેલા માવઠા અને કરા સાથેના કમોસમી વરસાદે ખેડૂતોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. આંબા, કેળા, મકાઈ, ઘઉં, ચણા સહિતના બાગાયતી તેમજ અન્ય પાકોમાં વ્યાપક નુકસાન થયું છે. આ મુદ્દે AAPના નેતા સાગર રબારીએ સરકાર પર આક્ષેપ કર્યો કે ભ્રષ્ટાચાર અને અસરકારક અમલના અભાવે પાક વીમા યોજના નિષ્ફળ રહી છે અને 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' માત્ર જાહેરાત પૂરતી સુધરી છે.સાગર રબારીએ કહ્યું કે, 'ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે.સરકારે તાત્કાલિક નુકસાનનો સર્વે કરી યોગ્ય વળતર ચૂકવવું જોઈએ. સાથે જ પારદર્શક અને મજબૂત પાક વીમા યોજના તૈયાર કરવી જોઈએ જેથી ભવિષ્યમાં કુદરતી આપત્તિઓ સામે ખેડૂતો સુરક્ષિત રહે. વધતા કમોસમી વરસાદને ધ્યાનમાં રાખીને કાયમી સુરક્ષા કવચ બનાવવાની જરૂર છે.' AAPએ બંને મુદ્દાઓ પર સરકારને તાત્કાલિક પગલાં લેવા માટે દબાણ વધાર્યું છે .

# પાટનગરમાં નશાનું નેટવર્ક ઝડપાયું, મધરાત્રે LCBએ ઓપરેશન પાર પાડ્યું

### સેકટર 4માં થરાદના 20 વર્ષીય યુવકે ભાડાના ફ્લેટને ચરસનો અડ્ડો બનાવી દીધો

• ગાંધીનગર

તાજેતરમાં પાટનગરના ગિફ્ટ સિટીના વૈભવી ફ્લેટમાંથી ગાંજાનું ઈન્ટેન્શનલ નેટવર્ક ઝડપાયું હતું. એવામાં શહેરના સેક્ટર-4માં આવેલા સ્વરાજ કોમ્પ્લેક્સમાં ગત મોડી રાત્રે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક સફળ ઓપરેશન પાર પાડીને નશીલા પદાર્થ ચરસના મોટા જથ્થા સાથે થરાદના 20 વર્ષીય યુવકને દબોચી લીધો છે. LCBની આ કાર્યવાહીમાં આશરે 1.05 કિલોથી વધુ ચરસ અને અન્ય મુદ્દામાલ મળી કુલ 3.94 લાખની મત્તા જપ્ત કરવામાં આવી છે.ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે, બનાસકાંઠાનો એક યુવક સેક્ટર-4/એ સ્થિત સ્વરાજ કોમ્પ્લેક્સના ફ્લેટ નંબર એ-102માં ગેરકાયદેસર ચરસનો જથ્થો રાખીને તેનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌધરી અને તેમની ટીમે પંચો અને એફએસએલ અધિકારીને સાથે રાખી રાત્રે દરોડો પાડ્યો હતો.

આ ફ્લેટમાં તપાસ દરમિયાન આરોપી લૈલેશ કુંભાભાઈ ચૌધરી (ઉ.વ. 20, રહે. રાણેસરી, તા. થરાદ) પાસેથી એક સૂટકેસ મળી આવી હતી. જેની અંદરથી 35 ઝીપ લોકવાળી નાની બેગ અને બે લંબચોરસ પાર્સલ મળી આવ્યા હતા. ત્યારે FSL અધિકારી એસ.બી. ચાવડા દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક પરીક્ષણમાં આ પદાર્થ ચરસ હોવાનું પૂરવાર થયું હતું. આ મામલે પોલીસે કુલ 1.05 કિલોગ્રામ ચરસ કબજે કર્યું છે. જેની બજાર કિંમત અંદાજે 3,89,350 રૂપિયા આંકવામાં આવી છે.

આ અંગે LCB પીઆઈ ડી.બી.વાળાએ જણાવ્યું કે, પોલીસ પૂછપરછમાં આરોપી લૈલેશ ચૌધરીએ કબૂલાત કરી હતી કે, આ ચરસનો જથ્થો તેને ગત 17 માર્ચના રોજ થરાદ ખાતે ભુરાભાઈ નામના શખ્સે આપ્યો હતો. લૈલેશ આ જથ્થો લઈ 18 માર્ચના રોજ ગાંધીનગર આવ્યો હતો અને અહીં નાની નાની પડીકીઓ બનાવી ગ્રાહકોને વેચવાની પેરવીમાં હતો. પોલીસે ચરસ ઉપરાંત મોબાઈલ ફોન, આધારકાર્ડ અને સૂટકેસ સહિત કુલ 3,94,350નો મુદ્દામાલ જપ્ત કરી સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાશીફળ (તા.21-03-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજે નવા અવસરો મળશે. તમારો આત્મવિશ્વાસ વધશે અને અટકેલા કામ પૂરા થશે. ક્યાંકથી શુભ સમાચાર મળી શકે છે. |
| વૃષભ (બ.વ.ઉ) | પરિવારમાં સુમેળ રહેશે. ધનલાભના યોગ છે. કોઈ નવા કાર્યની શરૂઆત માટે સમય ઉત્તમ છે. |
| મિથુન (ક.છ.ઘ) | તમારો સંવાદ કૌશલ્ય સહાયરૂપ બનશે. કાર્યક્ષેત્રમાં તમારી યોજનાઓ સફળ થશે. મિત્રો તરફથી સહકાર મળશે. |
| કર્ક (ડ.હ) | ઘર-પરિવારમાં શાંતિ રહેશે. ભાવુક નિર્ણય લેવાનું ટાળો. આરોગ્યનું ધ્યાન રાખો. |
| સિંહ (મ.ટ) | આજે તમારું વ્યક્તિત્વ આકર્ષક રહેશે. નોકરી તથા વ્યવસાયમાં પ્રગતિના સંકેત છે. કોઈ જૂના કામથી લાભ મળી શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો. અનાવશ્યક ખર્ચથી બચો. કોઈ સલાહકારની મદદથી લાભ થશે. |
| તુલા (ર.ત) | માન-સન્માન વધશે. ભાગીદારીમાં કામ કરવાથી લાભ મળશે. પ્રેમ સંબંધોમાં મધુરતા રહેશે. |
| વૃશ્ચિક (ન.ય.) | આજે ગુપ્ત કામોમાં સાવધાની રાખો. કોઈ નવા પ્રોજેક્ટની શરૂઆત ટાળો. પરિવાર તરફથી સહકાર મળશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | મુસાફરીના યોગ છે. પ્રગતિના નવા અવસર મળી શકે છે. વિવાદોથી દૂર રહો. |
| મકર (ખ.જ) | આર્થિક સ્થિતિ મજબૂત બનશે. મહેનતનું ફળ મળશે. પરિવાર સાથે સારું સમય પસાર થશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે તમારો મન સર્જનાત્મક કાર્યોમાં લાગશે. અચાનક ધનલાભ શક્ય છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજે ચિંતા ઓછી થશે. કામકાજમાં ઝડપ આવશે. પ્રેમ અને પરિવારિક જીવન સુખદ રહેશે. |

# અમદાવાદ-મહેસાણા હાઈવે પર આઈસર ટ્રકે કારને અડફેટે લેતાં મહિલાનું મોત

### ટ્રક પલટીને કાર પર ખાબકતા કારમાં સવાર મહિલા ચગદાઈ ગઈ, હાઈવે પર લાંબો ટ્રાફિક જામ

• ગાંધીનગર



અમદાવાદ મહેસાણા હાઈવે હવે જાણે કે મોતના મુખ સમાન બની રહ્યો છે. આજે કલોલના શેરથા બાયપાસ પાસે વધુ એક કમકમાટીભર્યા અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક બેકાબૂ બનેલી આઈસર ટ્રકે કારને અડફેટે લીધી હતી. આઈસર ટ્રક પલટી ખાઈને સીધી બાજુમાં જઈ રહેલી કાર પર ખાબકતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.આ ભયાનક દુર્ઘટનામાં કારમાં સવાર મહિલાનું આઈસર નીચે ચગદાઈ જવાથી ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. અકસ્માતને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનચાલકો તેમજ ગ્રામજનોએ રોડની ખરાબ હાલત અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદથી મહેસાણા તરફ જતા હાઈવે પર શેરથા બાયપાસ નજીક પૂરપાટ ઝડપે જતી આઈસર ટ્રકના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક પલટી મારીને બાજુમાં પસાર થતી કાર પર પડતા કારનો ભૂકો બોલાઈ ગયો હતો.અંદર બેસેલી મહિલાને બહાર કાઢવાની તક મળે તે પહેલા જ ટ્રકના ભારે વજન નીચે દબાઈ જવાથી તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ અકસ્માત બાદ હાઈવે પર બંને બાજુ કિલોમીટરો સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જેના કારણે મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. અકસ્માતની જાણ થતા જ ટોલ રોડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. જોકે અકસ્માતને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.લોકોનો આક્ષેપ છે કે અમદાવાદ મહેસાણા હાઈવે અત્યંત ખખડધજ હાલતમાં છે અને માર્ગ-મકાન વિભાગ તેમજ GRICL કંપની માત્ર ટોલ ઉઘરાવવામાં રસ ધરાવે છે. પરંતુ રોડ સેફટી અને રસ્તાની જાળવણી બાબતે ઘોર બેદરકારી દાખવે છે. રોડની ડિઝાઈન અને સુરક્ષાની અનેક ખામીઓના કારણે નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે. હાલમાં અડાલજ પોલીસ દ્વારા સ્થળ પર પહોંચી ટ્રાફિક ક્લિયર કરાવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મહેસાણા તરફથી આઈસર ટ્રકમાં મોટું મશીન હતું. અડાલજ તરફ જતી વેળાએ શેરથા રામદેવપીર મંદિર નજીકના હાઈવે રોડ પર બમ્પ કૂદતા ટ્રકના ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો. અને ટ્રક પલટીને સીધી કાર પર પડી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર મહિલાનું મોત નીપજ્યું છે. જ્યારે ચાલકને પણ ગંભીર ઈજાઓ થઈ છે. હાલમાં તપાસ ચાલુ છે.મળતી માહિતી મુજબ, આઈસર નો ગાડી નંબર - GJ 01 FT 8467 અને હ્યુન્ડાઈ ઓરા ગાડીનો નંબર - GJ 18 BW 5705 હતો. હ્યુન્ડાઈ ઓરા ગાડી ના વાહન ચાલક નું નામ દીપકભાઈ દિનેશચંદ્ર સંઘવી હતું, જેમની ઉંમર 44 વર્ષ જાણવા મળેલ છે અને એન કે ચોક, બારોટ વાસ, કલોલ, ગાંધીનગર ખાતે રહે છે.

# માછીમારોને મળી મોટી રાહત:બોટના ડીઝલમાં 22.43નો વધારો પાછો ખેંચાયો



• ગુજરાત

ગુજરાતના માછીમારો માટે મહત્વપૂર્ણ રાહતરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. માછીમારી બોટમાં વપરાતા ડીઝલના ભાવમાં લિટર દીઠ કરવામાં આવેલો રૂ. 22.43નો વધારો પાછો ખેંચવામાં આવ્યો છે. હવે રાજ્યના માછીમારોને અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ ઉપલબ્ધ રહેશે. આ મુદ્દે રાજ્યના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. માછીમારો પર વધતા ખર્ચના બોજાને ધ્યાનમાં રાખીને ત્વરિત હસ્તક્ષેપ કરવાની માંગ ઉઠી હતી. રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી.

માછીમારોને ડિસ્કાઉન્ટ દરે ડીઝલ પૂરું પાડવા માટે ગુજરાત ફિશરીઝ કો-ઓપરેટિવ ફેડરેશન દ્વારા ભારત પેટ્રોલિયમ સાથે કરાર કરવામાં આવ્યો હતો. જોકે, તાજેતરમાં કંપનીએ ડીઝલના ભાવમાં વધારો જાહેર કરતા માછીમારોમાં અસંતોષ ફેલાયો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે 'સ્પેશિયલ એક્સેપ્શન' હેઠળ માછીમારોને રાહત આપવા માંગ કરી હતી. કેન્દ્ર સરકારે આ રજૂઆતને માન્ય રાખીને કંપનીને ભાવવધારો પાછો ખેંચવા સૂચના આપી છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણયથી રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં વસતા હજારો માછીમારોને સીધી રાહત મળશે. મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ નિર્ણય બદલ વડાપ્રધાન, મુખ્યમંત્રી તથા કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, રાજ્ય સરકાર હંમેશા માછીમારોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ છે.

રીક્ષા પલ્ટી જતા દિયર સાથે જતાં ભાભીનું મોત

# રાજસમઢીયાળા ગામમાં 20 વર્ષની યુવતીનો ઝેરી દવા પી આપઘાત, એક મહિના પૂર્વે જ સગાઈ થઈ હતી

• રાજકોટ

ઋત્વિ ગિરધરભાઈ દેત્રોજા (ઉ.વ.20) પોતાના ઘરે રહીને જ પડધરીના એક યુવાન સાથે ભાગીદારીમાં ઈમિટેશન જ્વેલરીનું કામ કરતી હતી. રાત્રિના સમયે તે પોતાના ઘરના ઉપરના માળે આવેલા રૂમમાં કામ કરતી હતી ત્યારે કોઈ અગમ્ય કારણોસર તેણે ઝેરી દવા પી લેતા તેને ગંભીર હાલતમાં સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જો કે ટૂંકી સારવાર બાદ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.મૃતક ઋત્વિની એક મહિના પહેલા જ સગાઈ થઈ હતી. ઘરમાં લગ્ન અને નવા જીવનની તૈયારીઓ વચ્ચે દીકરીએ આપઘાત કરી લેતા પરિવારજનોમાં ભારે શોકની લાગણી છવાઈ જવા પામી હતી. બનાવ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા યુવતીએ કયા કારણોસર આપઘાત કર્યો તે જાણવા માટે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોવૈયા ગામે રહેતા ટીનાભાઈ ભાણજીભાઈ સોલંકીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે તેમનો નાનો ભાઈ મનાભાઈ ઉર્ફે મુન્નાભાઈ ભાણજીભાઈ સોલંકી અને મારા પત્ની રેખાબેન છકડો રીક્ષામાં પ્લાસ્ટિકનો ભંગાર લઈ પરત



આવી રહ્યા હતા, ત્યારે જીલરીયા ગામ નજીક વળાંકમાં છકડો રીક્ષા પલટી મારી જતા, રેખાબેનને માથામાં અને શરીરમાં ગંભીર ઈજા થતાં 108 મારફત પડધરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જયા તપાસી તબીબે તેને મૃત જાહેર કરી પડધરી પોલીસને જાણ કરતા પોલીસે રેખાબેનના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.પાણીની મોટર પ્લાસ્ટિકથી ઢાંકવા ગયેલો શ્રમિક દશેક ફૂટની ઊંચાઈએથી ભરડીયામાં ખાબક્યો રાજકોટના બામણબોર પાસે આવેલા 'જયસ્ટોન ક્રશર' (ભરડિયા) માં મજુરી કામ કરતા આરીફભાઈ અરસાદભાઈ મંડલ (ઉં.વ.34) ગંભીર રીતે ઘાયલ થયા છે. મૂળ કોલકાતાના વતની આરીફભાઈ પ્લાન્ટ પર હાજર હતા ત્યારે અચાનક વરસાદ શરૂ થયો હતો જેના કારણે ઈલેક્ટ્રિક મોટર પલળી ન જાય તે હેતુથી તેના પર પ્લાસ્ટિક ઢાંકવા માટે તેઓ આશરે 10 ફૂટની ઊંચાઈએ ચડ્યા હતાં. દરમિયાન પ્લાસ્ટિક ઢાંકતી વખતે અચાનક પગ લપસતા તેઓ સીધા નીચે પટકાયા હતા. 10 ફૂટની ઊંચાઈએથી નીચે પડતા તેમને માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.રાજકોટ નજીક આણંદપર ગામે રહેતા અમીતાબેન વાલજીભાઈ જાદવ (ઉં.વ.60)એ ગઈકાલે સાંજે 7 વાગ્યે પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું બાદમાં તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

**અરજી રદ** રૂ.1500 કરોડના સાઈબર ફ્રોડ કેસમાં આરોપીની જામીન અરજી રદ

# 15થી વધુ આરોપીની ગેંગ ઓનલાઈન ગેમિંગ મારફત સેંકડો લોકોના નાણાની ઉચાપત કરી હોવાની સેશન્સ કોર્ટે નોંધ લીધી

**બચાવ પક્ષે કેસની હકિકતો અંગે દલીલો કરવાનુ ટાળી આરોપીની અટક ગેરકાનુની હોવાથી તેમને જામીન મુકત કરવા રજૂઆત કરવામાં આવી હતી**

• રાજકોટ

અલગ-અલગ નામના ગેમિંગ પોર્ટલ બનાવી સાઈબર ફ્રોડ મારફત અનેક લોકોના કરોડો રૂપિયા વિડ્રો કરી 1500 કરોડના સાઈબર ફ્રોડના ભાગીદાર હિરેન અશ્વિનભાઈ લીંબાસીયા (ઉં.વ.29)ની રેગ્યુલર જામીન અરજી અધિક સેશન્સ જજ ટી.એસ. બ્રહમભટ્ટએ રદ કરી છે.

જય નાદપરા નામના મુખ્ય આરોપીએ પોતાના અલગ-અલગ ખાતાઓમાં જુદા-જુદા ગેમિંગ પોર્ટલો હેઠળ 10થી વધુ સહઆરોપીઓ સાથે મળીને સાઈબર ફ્રોડથી 14.50 કરોડ જેટલી રકમ ગુનાહીત રીતે મેળવી હતી. આ આરોપીની તપાસ દરમિયાન પોલીસની જાણમાં આવ્યું કે, તેમણે પોતાના 10થી વધુ સહઆરોપીઓ મારફત 1500થી વધુ કરોડના ગુનાહીત વ્યવહારો કર્યા છે. આ તપાસ દરમિયાન આરોપી હિરેન લીંબાસીયાએ ઘણા લોકોને આ ગુનાહીત પ્રવૃતિમાં સામેલ કરી 24.50 કરોડ રૂપિયાના સાઈબર ફ્રોડ આચાર્ય છે. તેણે વિવેક ભાલીયા અને કેતન આડેસરા મારફત દુબઈમાં કોન્ટેકટ કરી બહારના દેશો સાથે સાંઠગાંઠ ધરાવતા લોકોનો સાથ-સહકાર મળ્યો હતો. આરોપી હિરેન લિંબાસીયાની



પ્રાથમિક રિમાન્ડ દરમિયાન હકિકતો બહાર આવતા આરોપીની વધુ રિમાન્ડ માટેની અરજી કરવામાં આવી હતી.

બચાવ પક્ષે કેસની હકિકતો અંગે દલીલો કરવાનુ ટાળી આરોપીની અટક ગેરકાનુની હોવાથી તેમને જામીન મુકત કરવા રજૂઆત કરવામાં આવી હતી.આ રજૂઆતના સમર્થનમાં આરોપી વતી જણાવવામાં આવ્યું કે, કાયદાની જોગવાઈ મુજબ આરોપીની ધરપકડના 24 કલાકમાં કોર્ટ સમક્ષ રજૂ કરવાના બદલે આ આરોપીને 36મી કલાકે રજૂ કર્યો હોવાથી તેની ધરપકડ ગેરકાનુની છે, તેથી આ આરોપીને જામીન મુકત કરવા જોઈએ.

જેની સામે સરકાર વતી જિલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજૂઆત કરતા જણાવ્યું હતુ કે, આરોપીની અટક અને આરોપીની ધરપકડ બંને અલગ બાબતો છે. 24 કલાકમાં કોર્ટમાં રજૂ કરવાની જોગવાઈ ધરપકડના સમયથી શરૂ થાય છે. કોઈ વ્યકિતને પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે ઘરેથી લઈ જઈ તેઓ ખરેખર આરોપી છે કે કેમ? તેની ખરાઈ કરવામાં આવે તે સમયગાળાને ધરપકડ કહી શકાય નહીં. આવી વ્યકિતની પૂછપરછ દરમિયાન તેઓ ગુનામાં સામેલ હોવાનુ જણાઈ ત્યારે તેની ધરપકડ કરવામાં આવે છે. હાલનો ગુનો સાઈબર ફ્રોડનો હોવાથી પૂછપરછ દરમિયાન કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવે નહીં, પરંતુ પૂછપરછ દરમિયાન તેઓએ જાહેર કરેલા હકિકતોથી તેઓ ગુનામાં સંકળાયેલ હોવાનુ જણાઈ ત્યારે જ પોલીસ તેની ધરપકડ કરે છે.હાલના કેસમાં આરોપી હિરેનની ધરપકડના 24 કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સમયે આરોપીએ મેજિસ્ટ્રેટ સાહેબ રૂબરૂ ગેરકાનુની ધરપકડનો કોઈ બચાવ લીધો ન હતો. સરકાર તરફેની આ રજૂઆતો અને કેસના ગુણદોષો તથા સાઈબર ફ્રોડની માતબાર રકમ અંગેની રજૂઆતોના અંતે અધિક સેશન્સ જજ ટી.એસ. બ્રહમભટ્ટ સાહેબે આરોપી હિરેન અશ્વિનભાઈ લીંબાસીયાની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે. આ કેસમાં સરકાર વતી જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. અતુલભાઈ જોષી રોકાયેલા હતા.

ઓડિશાના કટકમાં તાજેતરમાં હોસ્પિટલ અગ્નિકાંડની દુર્ઘટના બની હતી

# રાજકોટનાં તબીબી અધિક્ષકે એજન્સીને નોટિસ આપી તાત્કાલિક મેન્ટેનન્સ કરવા આદેશો આપ્યા

**તંત્ર હરકત** સિવિલનાં ઝનાના વોર્ડમાં મહિનાઓથી ફાયર સિસ્ટમ બંધ

• રાજકોટ

ઓડિશાના કટકમાં તાજેતરમાં હોસ્પિટલ અગ્નિકાંડની દુર્ઘટના બની હતી. જેને પગલે રાજકોટ સિવિલનાં તંત્ર દ્વારા પણ ફાયર સેફટી મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં હોસ્પિટલના ઝનાના (ગાયનેક) વોર્ડમાં 5 મહિનાથી ફાયર સિસ્ટમ બંધ હોવાની ચોંકાવનારી જાણકારી સામે આવી હતી. જેને પગલે સિવિલ ખાતે આવતા સૌરાષ્ટ્રભરનાં હજારો દર્દીઓની સલામતી માટે સિવિલ અધિક્ષક ડો. મોનાલી માંકડિયાએ તાત્કાલિક મેન્ટેનન્સની કામગીરી સંભાળતી ગોપાલ એજન્સીને નોટિસ ફટકારી છે. અને તાત્કાલિક ધોરણે મહિનાઓથી બંધ ફાયર સિસ્ટમનું મેન્ટેનન્સ કરવાનાં આદેશો આપ્યા છે.પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ સિવિલ હોસ્પિટલના ઝનાના બિલ્ડિંગમાં સ્થાપિત કરવામાં આવેલી ફાયર સેફટી



પેનલ છેલ્લા 5 મહિનાથી ટેકનિકલ ખામીના કારણે સાવ બંધ હાલતમાં છે. ઝનાના હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં સગર્ભા મહિલાઓ પ્રસૂતિ માટે આવતી હોય છે અને અહીં નવજાત શિશુઓનો અત્યંત સંવેદનશીલ વોર્ડ પણ આવેલો છે. જો આવી જગ્યાએ આગ જેવી કોઈ આકસ્મિક દુર્ઘટના બને, તો ખૂબ મોટી જાનહાનિ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ ગંભીર બેદરકારી સામે આવતા હવે તંત્ર દ્વારા એક્શન મોડમાં કામગીરી શરૂ કરવામાં આવી છે.તાજેતરમાં ઓડિશાના કટકમાં એક હોસ્પિટલમાં લાગેલી ભયાનક આગને કારણે જે કરુણ દ્રશ્યો સર્જાયા હતા, તેનાથી આખા દેશનું આરોગ્ય તંત્ર હચમચી ગયું છે. રાજકોટમાં આવી કોઈ પણ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી સિવિલ અધીક્ષક ડો. મોનાલીએ સક્રિયતા બતાવી છે. તેમણે ફાયર સેફ્ટીનું મેઈન્ટેનન્સ સંભાળતી એજન્સીને તાત્કાલિક નોટિસ પાઠવી છે. આ નોટિસમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, ઝનાના વોર્ડ જેવી અતિ મહત્વની જગ્યાએ ફાયર પેનલ બંધ રહેવી તે અક્ષમ્ય છે અને તેનું તાત્કાલિક સમારકામ કરીને રિપોર્ટ સોંપવો અનિવાર્ય છે.ટેલીફોનિક વાતચીતમાં ડો. મોનાલી માંકડિયાએ જણાવ્યું હતું કે, હોસ્પિટલ તંત્ર દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવતી હોય છે. જેમાં છેલ્લા થોડા મહિનાથી સિવિલ હોસ્પિટલના ઝનાના વોર્ડમાં ફાયર સિસ્ટમ બંધ હોવાનું મારા ધ્યાનમાં આવ્યું છે. દર્દીઓની સુરક્ષા સાથે આ ગંભીર ચેડા હોવાથી આ મામલે ત્વરિત કાર્યવાહી કરવામાં આવી છે. અને અહીં ફાયર સિસ્ટમ મેન્ટેનન્સ કરવાનું કામ સંભાળતી ગોપાલ એજન્સીને ફાયર સિસ્ટમ તાત્કાલિક કાર્યરત કરવા માટે આખરી અલ્ટીમેટમ અપાયું છે. તેમજ પાંચ માસ સુધી સિસ્ટમ બંધ રહેવા માટે ખુલાસો માંગવામાં આવ્યો છે. જો કામગીરીમાં વિલંબ થશે તો નિયમ અનુસાર કડક પગલાં લેવાની ખાતરી પણ તેમણે આપી છે.ઝનાના હોસ્પિટલ એટલે કે સ્ત્રી રોગ વિભાગમાં રોજ હજારો લોકોની અવરજવર હોય છે. અહીં અત્યંત આધુનિક ઓપરેશન થિયેટર, લેબર રૂમ અને NICU (નવજાત શિશુ સઘન સારવાર વિભાગ) જેવા વિભાગો કાર્યરત છે. સિવિલ સર્જનની સૂચના મુજબ, કોઈપણ સંજોગોમાં દર્દીઓની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં.

# ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ સીઝન-2ની મેચ વડોદરા કોટંબી સ્ટેડિયમમાં રમાશે

સચિન તેંડુલકરથી લઈને સંગાકારા જેવા લેજન્ડરી ક્રિકેટરો ફરી રમતા જોવા મળશે

• વડોદરા

ક્રિકેટના જગતના મહાન લેજેન્ડરી ક્રિકેટરો ફરી એકવાર ભારતની ધરતી પર પરત ફરવા માટે તૈયાર છે. ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ (IML) તેની બીજી સીઝન સાથે પરત ફરી રહી છે. શાનદાર ડેબ્યૂ બાદ ફરી આ લીગ 24 ઓક્ટોબરથી 14 નવેમ્બર 2026 દરમિયાન મુંબઈ, વડોદરા અને વિઝાગમાં યોજાશે, જે જૂની યાદો અને વિશ્વ કક્ષાની T20 એક્શનની રોમાંચક ઉજવણી પૂરી પાડશે.IMLએ ભારતમાં બીજી સૌથી વધુ જોવાયેલી મેન્સની T-20 લીગ તરીકે ઉભરી આવી સીઝન-1માં ઈન્ડિયા માસ્ટર્સ ચેમ્પિયન બન્યું હતું, જેમાં સચિન તેંડુલકર, બ્રાયન લારા, શેન વોટસન, યુવરાજ સિંહ, ક્રિસ ગેલ અને કુમાર સંગાકારા જેવા લેજેન્ડરી ક્રિકેટરો જોવા મળ્યા હતા. તે વેગને આગળ ધપાવતા, સીઝન 2 ફરી એકવાર રમત જગતના સૌથી પ્રતિષ્ઠિત ખેલાડઓ રમતા જોવા મળશે. IMLએ તેની પ્રથમ સીઝનમાં નોંધપાત્ર પ્રભાવ પાડ્યો હતો, જે




TV અને OTT પ્લેટફોર્મ પર 246 મિલિયનની પહોંચ સાથે ભારતમાં બીજી સૌથી વધુ જોવાયેલી મેન્સની T-20 લીગ તરીકે ઉભરી આવી હતી.

ટૂર્નામેન્ટના પુનરાગમન વિશે વાત કરતા, લીગ કમિશનર સુનિલ ગાવસ્કરે જણાવ્યું હતું કે: “IMLની સીઝન -1 એ પુષ્ટિ કરી છે કે, ક્રિકેટના મહાન દિગ્ગજોનો જાદુ ચાહકોમાં ઊંડે સુધી ગુંજતો રહે છે. જેમ જેમ આપણે સીઝન 2 માટે પરત ફરી રહ્યા છીએ, તેમ તેમ અમારું ધ્યાન તે અનુભવને વધુ ઊંચાઈ પર લઈ જવા પર છે, જેમાં વધુ સ્પર્ધા, વધુ અવિસ્મરણીય ક્ષણો અને રમત પ્રત્યેનો એ જ અતૂટ જુસ્સો હશે. ચાહકો તેમના હીરોને ફરીથી એક્શનમાં જોવાની આશા રાખી શકે છે .

# ટ્રેન મુસાફરી કરતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો પિતા-પુત્રને ઠગે નશીલો પદાર્થ પીવડાવી બેભાન કર્યા

સિમકાર્ડ-ATM લઈ 1.22 લાખની ઠગાઈ આચરી

• વડોદરા

વડોદરામાં ટ્રેનમાં નશીલો પદાર્થ ભેળવેલું પાણી પીવડાવી પિતા-પુત્રને બેભાન કરી રૂપિયા 1.22 લખાની ચોરી કરવાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે સુરતના રહેવાસી યુવકે રેલવે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે હોશમાં આવ્યા ત્યારે જાણવા મળ્યું કે, આરોપીએ તેમના મોબાઈલમાંથી બંને સિમકાર્ડ કાઢી લીધા હતા અને પેન્ટના ખિસ્સામાંથી પર્સ ચોરી લીધું હતું.પર્સમાંથી રોકડ તથા એટીએમ કાર્ડ લઈ લીધા હતા. આરોપીએ એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને તેમજ ઓનલાઈન ટ્રાન્જેક્શન દ્વારા બેંક ખાતામાંથી 1.20 લાખ ઉપાડી લીધા હતા. આરોપીએ કુલ રૂપિયા 1.22 લાખાની ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. રેલવે પોલીસે આ ઘટનાની તપાસ હાથ ધરી છે અને આરોપીની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે.

મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ સુરતમાં રહેતા સીરાજુલ ઈસ્લામ શેખ પોતાના પિતાને વતન મોકલવા માટે વડોદરા રેલવે સ્ટેશનથી અમદાવાદ-હાવડા એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. ટ્રેન ઉપડ્યા બાદ થોડા જ સમયમાં એક અજાણ્યો વ્યક્તિ તેમની સામેની સીટ પર આવી બેઠો અને વાતચીત શરૂ કરીને વાતોમાં ભોળવી પિતા-પુત્રનો વિશ્વાસ કેળવ્યો હતો. થોડીવાર બાદ આરોપીએ પિતાને પાણી પીવા માટે બોટલ આપી હતી. પિતાએ પાણી પીધા બાદ સીરાજુલે પણ થોડું પી લીધું હતું. પાણી પીધા બાદ બંનેને ચક્કર આવ્યા અને તેઓ બેભાન થઈ ગયા હતા. જ્યારે હોશમાં આવ્યા ત્યારે જાણવા મળ્યું કે, આરોપીએ તેમના મોબાઈલમાંથી બંને સિમકાર્ડ કાઢી લીધા હતા અને પેન્ટના ખિસ્સામાંથી પર્સ ચોરી લીધું હતું.પર્સમાંથી રોકડ તથા એટીએમ કાર્ડ લઈ લીધા હતા. આરોપીએ એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને તેમજ ઓનલાઈન ટ્રાન્જેક્શન દ્વારા બેંક ખાતામાંથી 1.20 લાખ ઉપાડી લીધા હતા. આરોપીએ કુલ રૂપિયા 1.22 લાખાની ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. રેલવે પોલીસે આ ઘટનાની તપાસ હાથ ધરી છે અને આરોપીની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે.

# આણંદમાં ત્રણ ફ્લેટમાંથી રૂા.1.76 લાખની ચોરીમાં કામવાળી પર શંકા

• આણંદ

આણંદ શહેરમાં ટાઉન હોલ પાછળ આવેલા એપાર્ટમેન્ટમાંથી છેલ્લાં છ મહિનામાં કુલ ત્રણ ચોરીમાં કામવાળી મહિલા શંકાના દાયરામાં હોવાથી શહેર પોલીસે અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી છે. નોંધનીય બાબત તો છે કે 3 ફ્લેટમાંથી તબક્કાવાર સોના-ચાંદીના ઘરેણા અને રોકડ સહિત કુલ રૂપિયા 1.76 લાખની મતાની ચોરી થઈ હતી. આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આણંદ શહેરના ટાઉન હોલ પાછળ આવેલા કમલા પાર્ક મેરેજ હોલની પાસેના આકૃતિ એપાર્ટમેન્ટમાં મહેન્દ્રભાઈ શાહ રહે છે, જેઓ વેપારી છે. ગત 1 માર્ચના રોજ રાત્રિના સમયે તેઓ ઘરે આવ્યા હતા અને રોકડા રૂપિયા 7 હજાર તેમજ કેટલાંક તેમની દુકાનના બિલ ભરેલું પર્સ મુખ્ય દરવાજાની પાસેના કબાટ પર મુકી તેઓ ગાયને રોટલો નાંખવા ગયા હતા. એ સમયે તકનો લાભ લઈને એક શખસ તેમનું પર્સ ચોરી ગયો હતો. એ સમયે તેમણે તપાસ કરી હતી. પરંતુ પર્સ મળ્યું નહોતું. જોકે, તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ પર્સ ઉપરાંત લાકડાના કબાટમાં મુકેલી રૂપિયા 20 હજારની કિંમતની સોનાની ચેન પણ ચોરાઈ હતી.આ અંગેની એપાર્ટમેન્ટમાં રહેતા કેટલાંક લોકો સાથે ચર્ચા કરતા હતા ત્યારે જાણવા મળ્યું હતું કે છેલ્લાં કેટલાંય સમયથી તેમના એપાર્ટમેન્ટમાં ચોરીનું પ્રમાણ વધ્યું હતું.

બસ સ્ટેશનમાં પોસ્ટર લાગ્યા - ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિ માન્ય નથી

# વડીલોનું સાંજે મૃત્યુ થાય તો ડેથ સર્ટિ મળવામાં મૂશ્કેલી રાજકોટમા વિજ પોલ ઉપાડવા જતા ગેસ લાઈન ઉખડી

• રાજકોટ

મનપામાં હવે ચૂંટાયેલી બોડી નથી ત્યારે 60 વર્ષ ઉપરના લોકોના મૃત્યુના કેસમાં આરોગ્ય કેન્દ્રમાંથી દાખલો આપવાની વ્યવસ્થા મનપાએ કરી છે પરંતુ તેનો સમય વધારીને સવારે 7 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધીનો કરવાની રજુઆત કમિશનરને કરવામાં આવી છે જેના પરથી કમિશનરે લોકો હેરાન ન થાય તેવી વ્યવસ્થા કરવા મેડીકલ ઓફિસર્સને સુચના આપી છે.

આજે 20 માર્ચના ભાજપના પૂર્વ કોર્પોરેટર નિલેશ જલુએ કમિશનરને પત્રથી રૂબરૂ રજુઆત કરતા જણાવ્યું હતું કે, સિનિયર સીટીઝનના મૃત્યુ સમયે અગ્નિદાહ માટે જે તે વિસ્તારનાં કોર્પોરેટરના દાખલાના આધારે ફાયર વિભાગ દ્વારા અગ્નિદાહની મંજુરી મળે છે પરંતુ ગત તા.11નાં રોજ મનપાની



ચુંટાયેલ પાંખની મુદત પૂર્ણ થતાં કોર્પોરેટરની તમામ સત્તાઓ પૂર્ણ થઈ ગઈ છે.જેથી દાખલા માટે મનપાએ તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે સુવિધા શરૂ કરી હતી.જેના પ્રથમ દિવસે જ દેકારો બોલી ગયો છે. કારણકે સાંજે 6 વાગ્યા બાદ આરોગ્ય કેન્દ્ર બંધ થઈ જતાં હોય અને સવારે 9 વાગ્યે ખુલતાં હોવાથી આ વચ્ચેના સમય દરમિયાન કોઈનું મૃત્યુ થાય ત્યારે સ્વજનોએ 15 કલાક મૃતદેહ ઘરમાં સાચવી રાખવા મજબૂર બનવું પડી રહ્યું છે.આ મુદ્દે સત્વરે ઘટતુ કરવાની જરૂર છે.પ્રથમ દિવસે જ એક વિસ્તારમાં સાંજે 6 વાગ્યા બાદ એક સિનિયર સિટીઝનનું મૃત્યુ થતાં સ્વજનો આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા ત્યાં તાળુ હોવાથી પરત ફર્યા હતા અને મૃતદેહ 15 કલાક ઘરે રાખ્યા બાદ સવારે 9 વાગ્યે મરણનો દાખલો મળ્યો હતો. જેથી સવારે 7 થી રાત્રીના 9 વાગ્યા સુધીનો સમય કરવા રજુઆત કરવામાં આવી છે.કૃષ્ણનગર રોડ પર વૃક્ષ - વીજ પોલ ઉપાડવા જતા ગેસ લાઈન ઉખડતા ઉહાપોહ શહેરમાં 19 માર્ચના સાંજે એકાએક મીની વાવાઝોડા સાથે દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. આ દરમ્યાન વોર્ડ નં.13માં વોર્ડ ઓફિસ સામેના કૃષ્ણનગર મેઈન રોડ પર વૃક્ષ બાદ વીજ થાંભલો પડતા આ થાંભલો ઉપાડવાની કામગીરી દરમ્યાન ગેસ લાઈન ઉખડી જતા દોડધામ થઈ પડી હતી.ગેસ કંપનીના સ્ટાફે મુખ્ય લાઈન બંધ કર્યા બાદ આજે 20 માર્ચના રીપેરીંગ કામ હાથ ધર્યુ હતું જે કારણે કલાકો સુધી અડધો ડઝન વિસ્તારમાં ગેસ પુરવઠો બંધ રહેતા ગૃહિણીઓ રસોઈ ન કરી શકતા ઉહાપોહ મચી ગયો હતો.

**વિશ્વભરમાં યુદ્ધ**

**મિલો બંધ રહેવાના નિર્ણયથી શ્રમિકોના વેતન અને આજીવિકા પર સીધી અસર પડશે**

# યુદ્ધની અસરે 400થી વધુ મિલમાં વિકમાં બે દિવસ 'સ્વૈચ્છિક લોકડાઉન'

## 10-20 દિવસ ચાલે તેટલો જ કોલસો, ભોજનાલયો શરૂ; સુરતમાં સિલિન્ડરની અછતથી શ્રમિકોએ વતનની વાટ પકડી

• સુરત

વિશ્વભરમાં યુદ્ધની અસરો હવે સુરતના ધમધમતા કાપડ ઉદ્યોગ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે ટેક્સટાઈલ સેક્ટરમાં વપરાતી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશનના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય અસ્થિરતાને કારણે કાચા માલની સપ્લાય ચેઈન ખોરવાઈ છે. જેને પગલે સ્થાનિક ઉત્પાદન ખર્ચમાં અસહ્ય વધારો થતા મિલ માલિકો હવે મિલોના પૈડાં થંભાવી દેવા મજબૂર બન્યા છે અને ઉદ્યોગ જગતમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે.છેલ્લા ઘણા દિવસોથી યાર્નના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે, જેની સાથે પ્રોસેસિંગમાં મહત્વના એવા કોલસાના ભાવમાં પણ મોટો ઉછાળો આવ્યો છે. મિલ સંચાલકો પાસે અત્યારે માત્ર 10થી 20 દિવસ ચાલે તેટલો જ કોલસાનો સ્ટોક ઉપલબ્ધ છે. જો આ રીતે જ વપરાશ ચાલુ રહેશે તો આગામી સમયમાં ઉર્જાનું મોટું સંકટ ઊભું થઈ શકે તેમ છે. આ કપરી પરિસ્થિતિમાં ખર્ચને પહોંચી વળવા અને સંસાધનો બચાવવા માટે એસોસિયેશને અઠવાડિયામાં બે દિવસ મિલો બંધ રાખવાનો મહત્વનો અને કડક નિર્ણય લેવાની ફરજ પડી છે.સુરતમાં અંદાજે 400થી વધુ કાપડની મિલો આવેલી છે, જે હજારો પરિવારોનું ગુજરાન ચલાવે છે. એસોસિયેશનના પ્રમુખ જીતુ વખારીયાના જણાવ્યા અનુસાર, ગ્રે કાપડના ભાવ વધવાને કારણે માર્કેટની પાર્ટીઓ અત્યારે મિલોમાં પ્રોસેસિંગ માટે માલ આપી રહી નથી. આ સંજોગોમાં મિલો ચાલુ રાખવી આર્થિક રીતે નુકસાનકારક સાબિત થઈ રહી છે. પરિણામે, આગામી સપ્તાહથી અઠવાડિયામાં બે દિવસ મિલો બંધ રાખવામાં આવશે. આ બે દિવસ કયા હશે તે અંગે સોમવારે સાંજે 4 વાગ્યે મળનારી મહત્વની બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવશે અને તમામ સભ્યોને જાણ કરવામાં આવશે. શ્રમિકોના વેતન અને આજીવિકા પર સીધી અસર પડશે.અઢી લાખ શ્રમિકોના જીવનનિર્વાહ અને પલાયનનો મોટો પ્રશ્નસુરતની આ ટેક્સટાઈલ મિલો સાથે સીધી રીતે અઢી લાખ જેટલા શ્રમિકો જોડાયેલા છે. મિલો બંધ રહેવાના નિર્ણયથી આ શ્રમિકોના વેતન અને આજીવિકા પર સીધી અસર પડશે. એક તરફ કામ ઓછું થઈ રહ્યું છે અને બીજી તરફ શ્રમિકોનું પલાયન પણ અટકી રહ્યું નથી. દરરોજ હજારોની સંખ્યામાં કામદારો સુરત છોડીને વતન ભણી રવાના થઈ રહ્યા છે. જો આ પરિસ્થિતિ લાંબો સમય ચાલશે



તો આગામી સિઝનમાં ઉદ્યોગને લેબરની ભારે અછતનો સામનો કરવો પડી શકે છે, જે સુરતના અર્થતંત્ર માટે નુકસાનકારક રહેશે. શ્રમિકો માટે જમવાનું બનાવવું પણ મુશ્કેલ બન્યું.મોંઘવારી અને સિલિન્ડરની અછતથી શ્રમિકો વતન ઉપડ્યા. શ્રમિકો માત્ર રોજગાર જ નહીં, પરંતુ પાયાની જરૂરિયાતો માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે. હાલમાં શ્રમિકોને ઘરેલુ ગેસ સિલિન્ડર મેળવવામાં ભારે હાલાકી પડી રહી છે. જે શ્રમિકો ભાડાના રૂમમાં રહે છે, ત્યાં મકાન માલિકો સુરક્ષાના કારણોસર રૂમની અંદર ગેસ ઈન્ડક્શન વાપરવાની મનાઈ કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં શ્રમિકો માટે જમવાનું બનાવવું પણ મુશ્કેલ બન્યું છે. જીવનજરૂરી ચીજોના વધતા ભાવ અને સુવિધાઓના અભાવે સામાન્ય મજૂર વર્ગ અત્યારે બેવડી મુશ્કેલીમાં ફસાયો છે, જેના કારણે તેઓ શહેરમાં રહેવાને બદલે વતનમાં જવાનું વધુ પસંદ કરી રહ્યા છે. ઉર્જાના દરોમાં વધારો અને વૈશ્વિક અસ્થિરતા લાંબી ખેંચાય તો ઉદ્યોગને મોટું નુકસાન થઈ શકે છે. અત્યારે લેવાયેલું બે દિવસ મિલ બંધ રાખવાનું પગલું એ ખૂબ જ વિચારપૂર્વકનું અને ભવિષ્યના મોટા સંકટને ટાળવા માટેનું આયોજન છે. માલિકો, કામદારો અને સપ્લાયર્સ વચ્ચેનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે એસોસિયેશન સતત કાર્યરત છે. આગામી સોમવારની મીટિંગ બાદ નવી રણનીતિ સ્પષ્ટ થશે જે સુરતના આ આર્થિક કરોડરજ્જુ સમાન ઉદ્યોગને ટકાવી રાખવા માટે નિર્ણાયક સાબિત થશે. વૈશ્વિક અસ્થિરતા લાંબી ખેંચાય તો ઉદ્યોગને મોટું નુકસાન થઈ શકે છે. શ્રમિકોનું પલાયન અટકાવવા માટે સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશન દ્વારા સરાહનીય પગલાં લેવામાં આવ્યા છે. જીતુ વખારીયાએ જણાવ્યું કે, શ્રમિકોને સુરતમાં જ રોકી રાખવા માટે વિવિધ મિલોમાં ભોજનાલયો શરૂ કરવામાં આવ્યા છે. જ્યાં શ્રમિકોને રહેવા અને જમવાની પૂરતી વ્યવસ્થા કરી આપવામાં આવી રહી છે. આપત્તિકાળના આ સમયમાં કામદારોને કોઈ તકલીફ ન પડે તે માટે ઈન્ડસ્ટ્રીના માલિકો પૂરતો સહયોગ આપી રહ્યા છે. ઉદ્યોગપતિઓનો ઉદ્દેશ્ય કામદારોનો વિશ્વાસ જીતી રાખવાનો છે જેથી ભવિષ્યમાં જ્યારે કામ વધે ત્યારે માનવબળની અછત ન સર્જાય.મિલ માલિકોના જણાવ્યા મુજબ, જ્યાં સુધી કાચા માલના ભાવ સ્થિર નહીં થાય ત્યાં સુધી બજારમાં તેજી આવવાની શક્યતા ઓછી છે. આ અનિશ્ચિતતાને કારણે જ મોટાભાગના એકમોએ કામકાજના કલાકો ઘટાડવા અથવા અઠવાડિયામાં રજાઓ વધારવાનો નિર્ણય લેવો પડ્યો છે.ટેક્સટાઈલ ઉદ્યોગના અગ્રણીઓ માની રહ્યા છે કે આવનારો સમય હજુ પણ વધુ પડકારજનક હોઈ શકે છે. ઉર્જાના દરોમાં વધારો અને વૈશ્વિક અસ્થિરતા લાંબી ખેંચાય તો ઉદ્યોગને મોટું નુકસાન થઈ શકે છે. અત્યારે લેવાયેલું બે દિવસ મિલ બંધ રાખવાનું પગલું એ ખૂબ જ વિચારપૂર્વકનું અને ભવિષ્યના મોટા સંકટને ટાળવા માટેનું આયોજન છે. માલિકો, કામદારો અને સપ્લાયર્સ વચ્ચેનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે એસોસિયેશન સતત કાર્યરત છે. આગામી સોમવારની મીટિંગ બાદ નવી રણનીતિ સ્પષ્ટ થશે જે સુરતના આ આર્થિક કરોડરજ્જુ સમાન ઉદ્યોગને ટકાવી રાખવા માટે નિર્ણાયક સાબિત થશે.

---

**ઈદગાહમાં હજારો બિરાદરોએ નમાજ અદા કરી**

# રાંદેર ઈદગાહ મેદાન અને નજીકના વિસ્તારોમાં આસ્થાનું ઘોડાપૂર, લોકોએ એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' પાઠવી

**ઈદ-ઉલ-ફિત્ર**

**સુરતના ઐતિહાસિક રાંદેર વિસ્તારમાં આજે ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી**

• સુરત

સુરતના ઐતિહાસિક રાંદેર વિસ્તારમાં આજે ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાંદેરના ઈદગાહ અને તેની આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. હજારોની સંખ્યામાં લોકોએ એકસાથે પંક્તિબદ્ધ થઈને નમાજ અદા કરી હતી. આ પવિત્ર અવસરે લોકોએ એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' પાઠવી ભાઈચારાનો સંદેશ વહેતો કર્યો હતો. સમગ્ર વિસ્તારમાં તહેવારની ભારે રોનક જોવા મળી હતી અને લોકો નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ખુશીઓ મનાવતા નજરે પડ્યા હતા.



ઈદની નમાજ દરમિયાન રાંદેર વિસ્તારમાં ડ્રોન દ્વારા ખાસ શૂટિંગ કરવામાં આવ્યું હતું. ડ્રોન શોટમાં જોઈ શકાય છે કે, હજારોની સંખ્યામાં શિસ્તબદ્ધ રીતે નમાજ અદા કરતા મુસ્લિમ બિરાદરોનો નજારો ખૂબ જ અદભૂત અને પ્રભાવશાળી લાગતો હતો. ઉપરથી લેવાયેલા આ દૃશ્યોમાં એકતા અને શિસ્તની ભવ્યતા દેખાઈ આવતી હતી. માત્ર રાંદેર જ નહીં, પરંતુ લિંબાયત, ઉન અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં પણ મોટી સંખ્યામાં બિરાદરો એકત્રિત થયા હતા. આ ડ્રોન સર્વેલન્સ દ્વારા સુરક્ષા વ્યવસ્થાની સાથે સાથે કાર્યક્રમની ભવ્યતાને પણ ડિજિટલ માધ્યમથી સુંદર રીતે કવર કરવામાં આવી હતી.શાંતિના પર્વ પર કોઈ પણ અપ્રિય ઘટના ન બને તે માટે સુરત શહેર પોલીસ દ્વારા સુરક્ષાના કડક પ્રબંધો કરવામાં આવ્યા હતા. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ડ્રોન સર્વેલન્સથી સતત નજર રાખવામાં આવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પણ સ્થળની મુલાકાત લીધી હતી જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. લોકો કોઈપણ ડર વગર તહેવારની ઉજવણી કરી શકે તે માટે પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરાયું હતું.પવિત્ર રમઝાન માસ દરમિયાન મુસ્લિમ સમાજના લોકોએ કઠોર રોજા (ઉપવાસ) રાખ્યા હતા. 29 કે 30 દિવસના રોજા પૂર્ણ થયા બાદ આકાશમાં ચાંદના દર્શન થતાં જ ઈદની ઉજવણી શરૂ થઈ હતી. મુસ્લિમ બિરાદરોએ અલ્લાહનો આભાર માન્યો હતો કે તેમને પવિત્ર રમઝાન માસ ફરી નસીબ થયો અને રોજા રાખવાની શક્તિ મળી. નમાજ બાદ સૌએ દેશમાં અમન અને શાંતિ જળવાઈ રહે તે માટે ખાસ દુઆઓ માગી હતી.ઈદની ઉજવણીમાં દાનનું વિશેષ મહત્વ છે. ઈદની નમાજ પહેલાં 'સદકા એ ફિત્ર' આપવાની પરંપરા નિભાવવામાં આવી હતી, જેથી ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પણ તહેવારની ખુશીઓમાં સામેલ થઈ શકે. નમાજ પૂર્ણ થયા બાદ ઘરોમાં શીરખુરમા, સેવૈયા અને વિવિધ મીઠાઈઓ જેવી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

---

# રાહુલ ગાંધી 23 માર્ચે વડોદરામાં આદિવાસી અધિકારના કાર્યક્રમમાં હાજરી આપશે

**ચૂંટણી પહેલા આદિવાસીઓને રીઝવવાના પ્રયાસો, અમિત ચાવડા આજે પ્રેસ કોન્ફરન્સ સંબોધશે**

• વડોદરા

રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે હવે રાજકીય પક્ષો દ્વારા ગુજરાત તરફ નજર કરવામાં આવી છે. સોમવારે કોંગ્રેસના આગેવાન અને લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી વડોદરા ખાતે આદિવાસી અધિકાર કાર્યક્રમમાં હાજરી આપશે. ગુજરાતમાં ચૂંટણીઓ પહેલા કોંગ્રેસના કાર્યકરોમાં જોમ ભરવાનું કર્યું આ કાર્યક્રમ થકી થશે. રાહુલ ગાંધી વડોદરાના આજવા રોડ ઉપર આવેલા પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં આદિવાસી વિસ્તારમાં કામ કરતી એનજીઓ, આદિવાસી આગેવાનો અને સેવાભાવી સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહેશે. ઉપરાંત આદિવાસીઓના અધિકારો તેમજ તેઓ સામેના અન્યાય અંગેના મુદ્દાઓ ઉપર સભા સંબોધિત કરશે. ચૂંટણી પહેલા કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ ભરવા માટેનો આ પ્રયાસ છે.



કોંગ્રેસના શહેર પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી સોમવારે બપોરે આજવા રોડ ઉપર પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે આવશે. આદિવાસી ક્ષેત્રમાં કામ કરી રહેલી વિવિધ સંસ્થાઓ સાથે તેઓ વાર્તાલાપ કરશે. સમગ્ર કાર્યક્રમની માહિતી આપવા માટે આજે 21 માર્ચે શનિવારે ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા પ્રેસ કોન્ફરન્સ સંબોધિત કરશે.

આગામી ચૂંટણીમાં હવે તમામ રાજકીય પક્ષોનું આદિવાસી વિસ્તાર ઉપર ફોકસ વધ્યું છે. ખાસ કરીને પંચમહાલ, ગોધરા, નર્મદા, અને ભરૂચ જિલ્લામાં વસતા આદિવાસો ઉપર દરેક રાજકીય પક્ષ ફોકસ કરી રહ્યું છે. આપના આદિવાસી ધારાસભ્ય ચૈતર વસવાનું દિવસે ને દિવસે કદ વધી રહ્યું છે તેની સામે તાજેતરમાં જ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ થોડા જ સમયમાં ચૈતર વસાવાના ગઢમાં બે સભાઓ સંબોધિત કરી હતી. ત્યારે હવે કોંગ્રેસ પણ તે જ દિશામાં આગળ વધી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.આગામી એક બે મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાશે. નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં મતદારોનો ઝોક કઈ તરફ છે તે અંદાજ આવી જશે. આગામી 2027માં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વિધાનસભાની ચૂંટણીઓની સેમિફાઈનલ ગણવામાં આવી રહી છે.

---

# વડોદરાવાસીઓ પાણી ભરી રાખજો:શહેરની બે મુખ્ય ટાંકીઓ હેઠળના 1 લાખ ઘરોમાં 2 દિવસ પાણીકાપ

• વડોદરા

વડોદરા શહેરમાં અલગ અલગ વિસ્તારમાં બે દિવસ પાણીનો કાપ આપવામાં આવ્યો છે. પાણીની નલિકાઓના જોડાણની કામગીરીના કારણે બે દિવસ બે અલગ અલગ ટાંકીઓ ઉપરથી આપવામાં આવતો પાણી પુરવઠો બંધ રહેશે. જેની અસર શહેરના અંદાજે 1 લાખથી વધુ મકાનોને થવાની શકયતા છે.વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા શાખા દ્વારા કપુરાઈ ટાંકી ખાતે હયાત 600 મી.મી. ડીલીવરી પાણીની નળીકા સાથે જોડાણની કામગીરી તા. 23 માર્ચ, સોમવારના રોજ હાથ ધરવામાં આવશે. જેના પગેલ કપુરાઈ ટાંકી પરથી પાણી મેળવતા વિસ્તારોમાં તા 23 માર્ચે સાંજનું પાણી વિતરણ કરવામાં આવશે નહીં તથા તા. 24 માર્ચ, મંગળવારના રોજ સવારનું પાણી વિતરણ નિયત સમય કરતા વિલંબથી, હળવા દબાણથી તેમજ ઓછા સમય માટે કરવામાં આવશે, જેથી લોકોએ પાણીનો સંગ્રહ કરી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.પાણી પુરવઠા શાખા હસ્તકની ગાયત્રીનગર પાણીની ટાંકી ખાતે 450 મી.મી. વ્યાસની મુખ્ય ફીડર નળીકામાં ફ્લોમીટર બેસાડવાની કામગીરી તા. 23 માર્ચના રોજ સવારના પાણી વિતરણ બાદ હાથ ધરવામાં આવશે. જેથી ગાયત્રીનગર પાણીની ટાંકી ખાતેથી પાણી મેળવતા વિસ્તારોમાં તા. 23 માર્ચના રોજ સાંજના તમામ ઝોનમાં વિલંબથી, ઓછા દબાણથી તથા ઓછા સમય માટે પાણી વિતરણ કરી શકાશે. જેથી આ વિસ્તારના તમામ નાગરિકોએ પાણીનો પૂરતો જથ્થો સંગ્રહ કરી લેવો.વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં આમેય પૂરતા પ્રમાણમાં અને પૂરતા પ્રેશર સાથે પાણી પહોંચતું નથી. કેટલાય વિસ્તારમાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણી માટે કકળાટ શરુ થઈ ગયો હતો તેવામાં હવે વિવિધ વિસ્તાર બે દિવસ પાણી નહીં મળતા લોકોએ હવે ખરીદીને પાણી મંગાવવું પડે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

---

## દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માત

# ટ્રકની પાછળ અથડાતા આઇસરનો કચ્ચરઘાણ

• વડોદરા

વડોદરા નજીક હાંડોદ ગામ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરત તરફ જતાં ઠંડા પાણી ભરેલો આઈશર ટ્રક અન્ય ટ્રક પાછળ ધડાકાભેર અથડાયો હતો. એક્સપ્રેસ વે પર સર્જાયેલો આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ટક્કર થતા જ આઈસર ટ્રકનું કેબિન આગળની તરફ નમી ગયું હતું અને ડ્રાઈવરની બોડી લટકતી હાલતમાં જોવા મળી હતી. ડ્રાઈવર કેબિનમાં ફસાઈ જતા ફાયર વિભાગે કેબિન કાપી તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.આ ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં આધુનિક હોલમેટ્રો કટીંગ ટૂલ્સનો ઉપયોગ કરીને કેબિનના પતરાં કાપીને ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો. આ કામગીરી કરતા ફાયર વિભાગને દોઢ કલાકની ભારે જહેમત ઉઠાવી હતી પરંતુ ડ્રાઈવરનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું. આ અકસ્માતની ઘટનામાં મૃતક ડ્રાઈવરની ઓળખ ભરત હરમાનભાઈ પરમાર (ઉ.વ. 46) (રહે. સોખડા ગામ, ઉગમણું ફળીયું, તાલુકો-માતર, જિલ્લો-ખેડા) તરીકે થઈ છે. તેઓ વ્યવસાયે ડ્રાઈવર હતા. કરજણ પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**મધ્યપ્રદેશની મહિલાને ખેંચ આવતા સિક્કો દાંત વચ્ચે મૂકતા ગળામાં ફસાયો**

# સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

• વડોદરા

વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલમાં મધ્યપ્રદેશની એક મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. મહિલાને ખેચ આવતા તેના દાંત ખોલવા ચલણી સિક્કા વડે મોઢું ખોલવા જતા સિક્કો ગળામાં ફસાઈ ગયો હતો. જેનું સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત થતા પોસ્ટમોર્ટમ બાદ પરિવારને મૃતદેહ સોંપવામાં આવ્યો હતો. મૃતક ગંગાબેનના સસરા દિનેશ રોકડે એ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી બીમાર હતા. તેને ગઠિયા નામનો રોગ હતો જેનાથી જમવાનું જામતું ન હતું અને ઊલટીઓ થતી હતી, સાથે કિડનીમાં ઈન્ફેક્શન થઈ ગયું હતું. તેની કરોડરજ્જુમાં પાણી ભરાઈ ગયું હતું. તે પાણી પણ કાઢવામાં આવ્યું ન હતું અને તેને બ્રેઈન હેમરેજ જેવું થઈ ગયું હતું.વધુમાં કહ્યું કે, તેને ખેંચ આવ્યા પછી અમે ખરગોન સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં ડોકટરે કહ્યું કે સ્થિતિ ગંભીર છે અને કિડનીમાં ઈન્ફેક્શન છે એટલે તમે તેને ઈન્દોર કે બીજે કયાંય બહાર લઈ જાવ. બાદમાં અમે સયાજી હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. તેઓ સિક્કો મોઢામાં રાખતા ઉતરી ગયો હતો. મૃતક મહિલાને પાંચ વર્ષની દીકરી છે જેને માતાની છત્રછાયા ગુમાવી છે.

મળતી માહિતી અનુસાર, મધ્યપ્રદેશની ગંગા આકાશ રોકડે ( ઉંમર વર્ષ 29)ને ખેચ આવતા દાંત ખોલવા માટે ચલણી સિક્કાની મદદ લેવામાં આવી હતી. જો કે સિક્કો સીધો મોઢામાંથી ગળાના ભાગમાં ફસાઈ ગયો હતો, જેના કારણે તેને ગંભીર તકલીફ પડી હતી. શરૂઆતમાં તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેની સ્થિતિમાં સુધારો ન થતા ત્રણ દિવસ પહેલાં તેને સયાજી હોસ્પિટલના મેડિસિન વિભાગમાં ખસેડવામાં આવી હતી.સયાજી હોસ્પિટલમાં ત્રણ દિવસ સુધી સારવાર ચાલુ રહી, તેમ છતાં મહિલાનું મોત થઈ ગયું હતું. જો કે પરિવારજનોનું કહેવું છે કે તેને અગાઉ બીમારી પણ હતી. આ મામલે હાલમાં મહિલાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. બાદમાં મહિલાના મોતનું સાચું કારણ જાણવા મળશે.મૃતક ગંગાબેનના સસરા દિનેશ રોકડે એ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી બીમાર હતા. તેને ગઠિયા નામનો રોગ હતો જેનાથી જમવાનું જામતું ન હતું અને ઊલટીઓ થતી હતી, સાથે કિડનીમાં ઈન્ફેક્શન થઈ ગયું હતું. તેની કરોડરજ્જુમાં પાણી ભરાઈ ગયું હતું. તે પાણી પણ કાઢવામાં આવ્યું ન હતું અને તેને બ્રેઈન હેમરેજ જેવું થઈ ગયું હતું.વધુમાં કહ્યું કે, તેને ખેંચ આવ્યા પછી અમે ખરગોન સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં ડોકટરે કહ્યું કે સ્થિતિ ગંભીર છે અને કિડનીમાં ઈન્ફેક્શન છે એટલે તમે તેને ઈન્દોર કે બીજે ક્યાંય બહાર લઈ જાવ. બાદમાં અમે સયાજી હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. તેઓ સિક્કો મોઢામાં રાખતા ઉતરી ગયો હતો. મૃતક મહિલાને પાંચ વર્ષની દીકરી છે જેને માતાની છત્રછાયા ગુમાવી છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# અગરકરે 2027 વર્લ્ડકપ સુધી કરાર વધારવાની માગ કરી:BCCIને વિનંતી કરી

## 2023માં પદ સંભાળ્યું હતું; પહેલા પણ એક્સટેન્શન મળી ચૂક્યું છે




અગરકરના કાર્યકાળમાં ટીમ ઈન્ડિયા 2024 અને આ વર્ષે T20 વર્લ્ડ કપ તેમજ ગયા વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર અજીત અગરકરે પોતાના કોન્ટ્રાક્ટને 2027 વન-ડે વર્લ્ડ કપ સુધી લંબાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે આ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) પાસેથી એક્સટેન્શન માગ્યું છે.

અગરકરનો વર્તમાન કાર્યકાળ પહેલાથી જ લંબાવવામાં આવ્યો છે. 2025 IPL પહેલા BCCIએ તેમનો કોન્ટ્રાક્ટ એક વર્ષ માટે વધારીને જૂન 2026 સુધીનો કરી દીધો હતો. પૂર્વ ઝડપી બોલર અગરકરને જુલાઈ 2023માં ટીમ ઈન્ડિયાની સિલેક્શન કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. અગરકરના કાર્યકાળમાં ટીમ ઈન્ડિયાએ 2024માં T20 વર્લ્ડ કપ અને ગયા વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. આ ઉપરાંત, ટીમ ઈન્ડિયા 2023ના વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પણ પહોંચી હતી. જ્યાં તેને ઓસ્ટ્રેલિયાના હાથે હાર મળી હતી. આ ઉપરાંત ટીમે તાજેતરમાં T20 વર્લ્ડ કપનો ટાઈટલ પણ ડિફેન્ડ કર્યો.રિપોર્ટ અનુસાર, આ મુદ્દે પહેલાથી જ ચર્ચા થઈ ચૂકી છે. હવે જોવાનું એ છે કે શું BCCI અગરકરની વિનંતીને મંજૂરી આપે છે કે નહીં. જોકે હાલમાં, બોર્ડ પાસે આ પદ માટે કોઈ મજબૂત વિકલ્પ નથી. ભારતીય ટીમ માટે આગામી પડકાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને વનડે વર્લ્ડ કપ છે.ગયા વર્ષે એક રિપોર્ટ આવ્યો હતો તે મુજબ, અગરકરનો કરાર ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025 પહેલા રિન્યુ કરવામાં આવ્યો હતો. એક BCCI અધિકારીએ જણાવ્યું કે, તેમના કાર્યકાળમાં ભારતીય ટીમે ખિતાબ જીત્યા અને બદલાવ (ટેસ્ટ અને T20માં) પણ જોયો. BCCIએ તેમનો કરાર જૂન 2026 સુધી લંબાવ્યો હતો અને તેમણે કેટલાક મહિના પહેલા આ પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો.અગરકર કારકિર્દીમાં 349 આંતરરાષ્ટ્રીય વિકેટ લઈ ચૂક્યા છે. તેમણે ટેસ્ટમાં 58, વન-ડેમાં 288 અને T20 આંતરરાષ્ટ્રીયમાં 3 વિકેટ લીધી છે. જુઓ તેમના 3 રેકોર્ડ્સ...T20 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો ભાગ રહ્યા:અજીત અગરકર 2007માં T20 વર્લ્ડ કપ જીતનાર ટીમ ઈન્ડિયાનો ભાગ રહ્યા હતા. તેમણે ટુર્નામેન્ટની 2 મેચમાં 15 રન બનાવવાની સાથે એક વિકેટ પણ લીધી હતી. સાઉથ આફ્રિકામાં યોજાયેલી ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવીને વર્લ્ડ કપ જીત્યો હતો.વન-ડેમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર ભારતીય:અજીત અગરકર વન-ડેમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર ભારતીય બેટર છે. તેમણે વર્ષ 2000માં ઝિમ્બાબ્વે સામે 21 બોલમાં અડધી સદી ફટકારી હતી.સૌથી ઝડપી 50 વિકેટ લીધી: અગરકરે ભારત માટે વન-ડેમાં સૌથી ઝડપી 50 વિકેટ પૂરી કરી છે. તેમણે 23 મેચમાં આ કારનામું કર્યું હતું.

AI

ફેન્સે AI ફોટો બનાવી ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડી

# ગોલ્ડન ટેમ્પલમાં યુવરાજ સિંહ-હાર્દિક પંડ્યાને ખુલ્લા માથે બતાવ્યા:બાકીના ક્રિકેટર-એક્ટરના માથા ઢાંકેલા બતાવ્યા

## એક ક્રિકેટ ફેન પેજે ગોલ્ડન ટેમ્પલમાં ક્રિકેટરો અને બોલિવૂડ સ્ટાર્સની ફોટો ફેસબુક પર શેર કરી છે

ગોલ્ડન ટેમ્પલ, અમૃતસરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)થી વીડિયો-ફોટો બનાવીને ધાર્મિક લાગણી દુભાવતો નવો મામલો સામે આવ્યો છે. એક ક્રિકેટ ફેન પેજે ગોલ્ડન ટેમ્પલમાં ક્રિકેટરો અને બોલિવૂડ સ્ટાર્સની ફોટો ફેસબુક પર શેર કરી છે.પહેલા ફોટોમાં તેમણે ક્રિકેટર યુવરાજ સિંહને તો બીજા ફોટોમાં ક્રિકેટર હાર્દિક પંડ્યાને ખુલ્લા માથે બતાવ્યા છે.જ્યારે ગોલ્ડન ટેમ્પલમાં જવા માટે શીખ ધર્મ અનુસાર માથું ઢાંકવું જરૂરી છે. આના થોડા દિવસો પહેલા જ એક કંકાલની ગોલ્ડન ટેમ્પલની પરિક્રમા અને લંગર હોલમાં જૂતા પહેરેલાં AI વીડિયો શેર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એક વ્યક્તિને જીપ લઈને પરિક્રમામાં બતાવવામાં આવ્યો હતો. શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી (SGPC) એ આ અંગે સખત વાંધો ઉઠાવ્યો છે પરંતુ બેઅદબીનો સિલસિલો અટકતો નથી.

હવે નવા ફોટો પર પણ SGPCએ સખત વાંધો ઉઠાવતા કહ્યું કે આ મામલે હવે કેન્દ્ર અને રાજ્ય સરકારે સખત કાયદો બનાવવો જોઈએ જેથી આવા આરોપીઓ પર સખત કાર્યવાહી થાય અને ભવિષ્યમાં કોઈ આ પ્રકારની બેઅદબી ન કરી શકે.



આમાં ક્રિકેટર યુવરાજ સિંહ, અર્શદીપ સિંહ, અભિષેક શર્મા અને તેમની માતાને દર્શાવવામાં આવ્યા છે. આમાં અર્શદીપે પાઘડી પહેરી છે જ્યારે અભિષેકનું માથું પણ કપડાથી ઢંકાયેલું છે. તેમની માતાનું માથું પણ ચુન્નીથી ઢંકાયેલું છે પરંતુ યુવરાજ સિંહને ખુલ્લા માથે દર્શાવવામાં આવ્યા છે.પાછળ ગોલ્ડન ટેમ્પલ દેખાઈ રહ્યું છે.

બીજો ફોટો: આ જ ફેસબુક એકાઉન્ટ પરથી જારી કરાયેલા બીજા ફોટોમાં ક્રિકેટર હાર્દિક પંડ્યા, વિરાટ કોહલી, મહેન્દ્ર સિંહ ધોની અને બોલિવૂડ સ્ટાર રણવીર સિંહને દર્શાવવામાં આવ્યા છે. આમાં પણ પહેલા ફોટોની જેમ જ અપમાનજનક કૃત્ય કરવામાં આવ્યું છે. ફોટોમાં વિરાટ, ધોની અને રણવીરનું માથું ઢાંકેલું છે પરંતુ હાર્દિક પંડ્યાને ખુલ્લા માથે દર્શાવવામાં આવ્યા છે.પાછળ ગોલ્ડન ટેમ્પલ પણ દેખાઈ રહ્યું છે.

આ ફોટો ક્રિક એન્ટરટેઈનમેન્ટ પેજ પરથી વાઈરલ કરવામાં આવી રહ્યો છે. આ પેજ પર 2.38 લાખ ફોલોઅર્સ છે. જોકે, ફોટો અપલોડ કરતી વખતે લખવામાં આવ્યું છે કે આ AI જનરેટેડ ઈમેજ છે. આનાથી સવાલો ઉઠી રહ્યા છે કે શું જાણી જોઈને આવું કરવામાં આવ્યું છે. તે એટલા માટે કારણ કે આ ફોટામાં માત્ર એક-એક ક્રિકેટરને જ ખુલ્લા માથે બતાવવામાં આવ્યા છે. અન્યનાં માથા ઢાંકેલા છે. જોકે, કોમેન્ટમાં લોકોએ ફોટો જનરેટ કરનારાઓને ખૂબ ઠપકો પણ આપ્યો છે પરંતુ તેમણે ફોટો હટાવ્યો નથી.

આ અંગે SGPCના એડવોકેટ અમનબીર સિંહ સિયાલીએ જણાવ્યું હતું કે સતત વાઈરલ થઈ રહેલી આ તસવીરોને લઈને શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટી (SGPC) દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અંગે સંબંધિત અધિકારીઓને ફરિયાદો પણ સોંપવામાં આવી રહી છે.

1. કંકાલને પાઘડી પહેરાવી, બૂટ પહેરીને પરિક્રમા-લંગર હોલમાં બતાવ્યું 3 દિવસ પહેલાં અમૃતસરના ગોલ્ડન ટેમ્પલ સાથે જોડાયેલો બેઅદબીનો AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) વીડિયો સામે આવ્યો હતો. તેમાં એક કંકાલને પાઘડી પહેરાવીને ગોલ્ડન ટેમ્પલની પરિક્રમામાં બતાવવામાં આવ્યું હતું. જેમાં તેણે બૂટ પહેર્યા હતા. એટલું જ નહીં, તે લંગર હોલમાં પણ બૂટ સાથે જ લંગર ખાઈ રહ્યો હતો.

ગંભીર AIના દુરુપયોગ સામે દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યો

# ડીપફેક અને નકલી વીડિયો પર રોક લગાવવાની માગ કરી, રૂપિયા 2.5 કરોડનો દાવો દાખલ કર્યો

## ગંભીરે કહ્યું, મારી ઓળખ, મારું નામ, મારો ચહેરો, મારો અવાજ ખોટી માહિતી ફેલાવવા અને પૈસા કમાવવા માટે હથિયાર તરીકે ઉપયોગમાં લેવાયા છે

ભારતના પૂર્વ ખેલાડી અને વર્તમાન હેડ કોચ ગૌતમ ગંભીરે AI વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. ગંભીરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા બનેલા ડીપફેક, નકલી વીડિયો અને તેની મંજૂરી વિના તેના નામ-ચહેરાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. આ માટે 16 પક્ષકારો વિરુદ્ધ અરજી દાખલ કરીને 2.5 કરોડ રૂપિયાના વળતરની પણ માગ કરી છે. ગંભીરે કહ્યું, મારી ઓળખ, મારું નામ, મારો ચહેરો, મારો અવાજ ખોટી માહિતી ફેલાવવા અને પૈસા કમાવવા માટે હથિયાર તરીકે ઉપયોગમાં લેવાયા છે.

ફરિયાદમાં જણાવાયું છે કે 2025ના અંતથી ઈન્સ્ટાગ્રામ, X, યુટ્યુબ અને ફેસબુક જેવા પ્લેટફોર્મ પર નકલી સામગ્રીમાં ભારે વધારો થયો છે. આમાં સૌથી વધુ વાયરલ થયેલો એક મનઘડંત રાજીનામાનો વીડિયો હતો, જેને 29 લાખથી વધુ વખત જોવામાં આવ્યો. એક બીજો વીડિયો જેમાં તેને સિનિયર ક્રિકેટરોએ વર્લ્ડ કપમાં ભાગ લેવા અંગે ટિપ્પણી કરતા ખોટી રીતે દર્શાવ્યા હતા, જેને 17 લાખથી વધુ વખત જોવામાં આવ્યો.

ગૌતમ ગંભીર ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન હેડ કોચ છે. ગંભીર અને સૂર્યકુમાર યાદવનો આ ફોટો 8 માર્ચનો છે, જ્યારે ટીમે સતત બીજી વખત T20 વર્લ્ડકપ જીત્યો હતો. ગૌતમ ગંભીર ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન હેડ કોચ છે.ગંભીર અને સૂર્યકુમાર યાદવનો આ ફોટો 8 માર્ચનો છે, જ્યારે ટીમે સતત બીજી વખત



T20 વર્લ્ડકપ જીત્યો હતો.

આ કેસમાં એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર તેમના નામ અને ચહેરાનો ઉપયોગ કરીને મંજૂરી વગર સામાન વેચવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. કુલ 16 લોકો/સંસ્થાઓને આરોપી બનાવવામાં આવ્યા છે, જેમાં સોશિયલ મીડિયા એકાઉન્ટથી લઈને મેટા પ્લેટફોર્મ્સ, એક્સ, યુટ્યુબ અને ગૂગલ જેવા પ્લેટફોર્મ્સનો સમાવેશ થાય છે.આ સાથે IT મંત્રાલય અને દૂરસંચાર વિભાગને પણ સામેલ કરવામાં આવ્યા છે.

બે વર્ષ પહેલાં બોલિવૂડ અભિનેત્રી રશ્મિકા મંદાના અને કાજોલનો ડીપફેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ઝારા પટેલ નામની એક છોકરીના ચહેરાને બદલીને રશ્મિકાનો ચહેરો લગાવી દેવામાં આવ્યો હતો. રશ્મિકા મંદાનાના ડીપફેક વીડિયો પર અમિતાભ બચ્ચનથી લઈને ખુદ રશ્મિકા મંદાના સુધીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.રશ્મિકા મંદાનાનો ડીપફેક વીડિયો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આજના ડિજિટલ યુગમાં ઘણીવાર ખોટા સમાચાર અને ભ્રામક માહિતીઓ ઈન્ટરનેટની મદદથી લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. આવા જ વીડિયો પણ પહોંચાડવામાં આવે છે. આને ડીપફેક કહેવાય છે. આમાં અસલી અને નકલીની ઓળખ કરવી ખૂબ મુશ્કેલ હોય છે. આમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી (AI) અને મશીન લર્નિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે.

આનો ઉપયોગ કરીને મીડિયા ફાઈલો જેવી કે ફોટો, ઓડિયો અને વીડિયોની બદલાયેલી કોપી તૈયાર કરવામાં આવે છે, જે વાસ્તવિક ફાઈલ જેવી જ દેખાય છે. સરળ ભાષામાં કહીએ તો ડીપફેક, મોર્ફ વીડિયોનું જ એડવાન્સ સ્વરૂપ છે.

# ભારત 2028માં વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિ.ની યજમાની કરશે:એશિયાનો ચોથો દેશ બનશે



કલિંગા ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ 2028 વર્લ્ડ એથ્લેટિક્સ ઈન્ડોર ચેમ્પિયનશિપની યજમાની કરશે. આ દક્ષિણ એશિયાનું સૌથી મોટું ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ છે. ભારતને 2028 વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની મળી છે. ભુવનેશ્વર આ ટુર્નામેન્ટનું યજમાન શહેર હશે. આ પહેલીવાર હશે જ્યારે આ આયોજન ભારતમાં કરવામાં આવશે. ભારતની યજમાનીવાળી બોલીને વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલે પોલેન્ડના ટોરુનમાં યોજાયેલી બેઠકમાં મંજૂરી આપી. આ પહેલા જાન્યુઆરીમાં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું.જાન્યુઆરીમાં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું. ભારત આ ચેમ્પિયનશિપની યજમાની કરનાર એશિયાનો ચોથો દેશ બનશે. આ પહેલા જાપાન, કતાર અને ચીન આ ટુર્નામેન્ટની યજમાની કરી ચૂક્યા છે. આ ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાય છે અને તેની શરૂઆત 1985માં પેરિસથી થઈ હતી. 2028માં યોજાનારું આ તેનું 22મું સંસ્કરણ હશે.2026નું સંસ્કરણ ટોરુન (પોલેન્ડ)માં શરૂ થવા જઈ રહ્યું છે, પરંતુ તેમાં કોઈ ભારતીય ખેલાડી ભાગ લેશે નહીં. ભારત અત્યાર સુધી આ સ્પર્ધામાં એક પણ મેડલ જીતી શક્યું નથી, જ્યારે અમેરિકા 270 મેડલ સાથે સૌથી સફળ દેશ છે.

ભારત 2030માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની પણ કરશે. 26 નવેમ્બર 2025ના રોજ સ્કોટલેન્ડના ગ્લાસગોમાં કોમનવેલ્થ સ્પોર્ટ્સ એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક બાદ અમદાવાદને યજમાન શહેર જાહેર કરવામાં આવ્યું.

ભારત 15 વર્ષ પછી કોમનવેલ્થ ગેમ્સ (CWG)ની યજમાની કરી રહ્યું છે. આ પહેલા 2010માં નવી દિલ્હીમાં આ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ભારતીય ખેલાડીઓએ 38 ગોલ્ડ સહિત 101 મેડલ જીત્યા હતા.

# મેસ્સીએ 900 ગોલનો આંકડો સ્પર્શ્યો:રોનાલ્ડોના ક્લબમાં સામેલ, 1142 મેચમાં સિદ્ધિ હાંસલ કરી

આર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબોલર અને ઈન્ટર મિયામીના કેપ્ટન લિયોનેલ મેસ્સી સત્તાવાર મેચોમાં 900 ગોલ કરનાર વિશ્વનો બીજો મેન્સ ફૂટબોલર બની ગયા છે. તેણે આ સિદ્ધિ નેશવિલ એસસી સામે કોન્કાકેફ (CONCACAF) ચેમ્પિયન્સ કપના બીજા લેગમાં હાંસલ કરી.જોકે, મેસ્સીના આ ગોલ છતાં ઈન્ટર મિયામીની સફર ટુર્નામેન્ટમાં આગળ વધી શકી નહીં. મુકાબલો 1-1 થી ડ્રો રહ્યો, જેમાં નેશવિલ માટે ક્રિસ્ટિયન એસ્પિનોઝાએ ગોલ કર્યો.પ્રથમ લેગ નેશવિલના ઘરઆંગણે રમાયો હતો, જે 0-0 થી ડ્રો રહ્યો. આ પછી બીજો લેગ ઈન્ટર મિયામીના હોમ ગ્રાઉન્ડ પર રમાયો, જ્યાં બંને ટીમે એક-એક ગોલ કર્યો અને મેચ 1-1 થી બરાબરી પર સમાપ્ત થઈ.

બંને લેગ પછી કુલ સ્કોર બરાબર રહેતા 'અવે ગોલ' નિયમ લાગુ કરવામાં આવ્યો. આ નિયમ હેઠળ જે ટીમ વિરોધી મેદાન પર વધુ ગોલ કરે છે, તેને લીડ મળે છે. આ જ આધારે નેશવિલ એસસી આગલા રાઉન્ડમાં પહોંચી ગયું, જ્યારે ઈન્ટર મિયામી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ.

ઈન્ટર મિયામીના ફોરવર્ડ લિયોનેલ મેસ્સીએ પોતાના ડાબા પગથી કારકિર્દીનો 900મો ગોલ કર્યો. મેચ પછી ઈન્ટર મિયામીના કોચ ઝેવિયર માસ્કેરાનોએ હારની જવાબદારી પોતે લીધી. તેણે કહ્યું, 'આ નિરાશાજનક રાત છે. અમે લીડ બનાવી હતી અને પહેલા હાફમાં ઘણી તકો પણ બનાવી હતી, પરંતુ અમે તેને ગોલમાં ફેરવી શક્યા નહીં.'તેમણે કહ્યું કે ટીમે પૂરી કોશિશ કરી, પરંતુ અંતે પરિણામ તેમના પક્ષમાં ન આવ્યું. જ્યારે, નેશવિલના કોચ બીજે કેલાઘને મેસ્સીની પ્રશંસા કરતા કહ્યું, '900 ગોલ, તેને અભિનંદન. તે સૌથી શ્રેષ્ઠ છે.'મેસ્સી હવે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સાથે 900 ગોલ કરનારા ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે. રોનાલ્ડોએ આ સિદ્ધિ સપ્ટેમ્બર 2024માં હાંસલ કરી હતી અને તેના નામે હાલમાં 965 ગોલ છે.

# આયર્લેન્ડના જોન મૂની DCના ફિલ્ડિંગ કોચ બન્યા:ત્રણ વન-ડે વર્લ્ડ કપ રમી ચૂક્યા છે, દિલ્હીને પ્રથમ ટાઇટલની રાહ

IPL ટીમ દિલ્હી કેપિટલ્સે આયર્લેન્ડના પૂર્વ ઓલરાઉન્ડર જોન મૂનીને ટીમના નવા ફિલ્ડિંગ કોચ બનાવ્યા છે. રિપોર્ટ અનુસાર, મૂની ટૂંક સમયમાં ભારત આવીને ટીમ સાથે જોડાશે અને આગામી સિઝનની તૈયારીઓમાં ભાગ લેશે. મૂનીએ એન્ટોન રૂક્સ અને જ્ઞાનેશ્વર રાવનું સ્થાન લીધું છે. 44 વર્ષીય મૂની વન-ડે અને T20 ફોર્મેટમાં આયર્લેન્ડ માટે 90થી વધુ મેચ રમ્યા હતા. તેમણે પોતાની છેલ્લી મેચ વર્ષ 2015માં રમી હતી. ત્યારબાદ, તેમણે વર્ષ 2018 થી 2019 સુધી અફઘાનિસ્તાન ટીમ માટે ફિલ્ડિંગ કોચ તરીકેની જવાબદારી નિભાવી હતી, તે પછી વર્ષ 2019માં મૂનીએ થોડા સમય માટે વેસ્ટ ઈન્ડીઝ ટીમ માટે પણ કામ કર્યું હતું. IPLમાં મૂનીને પહેલીવાર કોઈ ટીમ સાથે કામ કરવાની તક મળી રહી છે.દિલ્હી કેપિટલ્સ પ્રથમ તબક્કાના શેડ્યૂલમાં તેની પ્રથમ મેચ 1 એપ્રિલે લખનૌ સુપર જાયન્ટ્સ સામે લખનઉમાં રમશે. IPLના બીજા તબક્કાનું શેડ્યૂલ 5 રાજ્યોમાં યોજાનારી ચૂંટણીની તારીખોને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવશે. 2008માં IPL શરૂ થયા પછી જ્યારે પણ દેશમાં સામાન્ય ચૂંટણીઓ (2009, 2014, 2019 અને 2024) અથવા કોઈ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ છે, ત્યારે ટુર્નામેન્ટનું શેડ્યૂલ બે ભાગમાં જાહેર કરવામાં આવ્યું છે. DC પ્રથમ સીઝન 2008થી IPLમાં ભાગ લઈ રહી છે. ટીમને પ્રથમ ખિતાબની શોધ છે.

લિવરપૂલ 2022 પછી ચેમ્પિયન્સ લીગના ક્વાર્ટર ફાઈનલમાં

# ગેલેટસરાયને હરાવ્યું; મોહમ્મદ સલાહ 50 ગોલ કરનાર પ્રથમ આફ્રિકન ખેલાડી બન્યો

લિવરપૂલે 2022 પછી પહેલીવાર ચેમ્પિયન્સ લીગ ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. બુધવારે એનફિલ્ડના મેદાન પર રમાયેલી પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં તુર્કી ક્લબ ગાલાતાસરાયને 4-0થી હરાવ્યું. આનાથી કુલ મળીને 4-1થી લિવરપૂલ આગળ વધી ગયું. પહેલા લેગમાં ગાલાતાસરાય 1-0થી જીત્યું હતું.ડોમિનિક સ્ઝોબોસ્લાઈએ પહેલો ગોલ કરીને લિવરપૂલને મેચમાં લીડ અપાવી અને કુલ સ્કોર (એગ્રીગેટ) બરાબર કરી દીધો. મોહમ્મદ સલાહ ચેમ્પિયન્સ લીગમાં 50 ગોલ કરનાર પ્રથમ આફ્રિકન બન્યોમેચના હીરો ફરી એકવાર મોહમ્મદ સલાહ રહ્યો. તેણે શરૂઆતમાં એક પેનલ્ટી



ચૂકી ગયો હતો, પરંતુ બાદમાં શાનદાર વાપસી કરતા એક ગોલ કર્યો અને એક આસિસ્ટ પણ આપ્યો.આ પ્રદર્શન સાથે તે ચેમ્પિયન્સ લીગમાં 50 ગોલ કરનાર પ્રથમ આફ્રિકન ખેલાડી બન્યો.આ ઉપરાંત, તે એન્ફિલ્ડમાં લિવરપૂલ માટે 201 ગોલમાં યોગદાન આપનાર ખેલાડી પણ બન્યો છે.એન્ફિલ્ડ લિવરપૂલનું ઘરઆંગણાનું મેદાન છે. અહીં સલાહે 211 મેચ રમ્યા છે, જેમાં તેણે 140 ગોલ કર્યા અને 61 આસિસ્ટ આપ્યા છે.હાફ-ટાઈમ સુધી ચર્ચા સલાહની તે પેનલ્ટીને લઈને હતી, જેને તે ગોલમાં બદલી શક્યા નહોતો. સલાહ જેવા ખેલાડી માટે આ એક નબળો પ્રયાસ હતો. જોકે, મેનેજર અર્ને સ્લોટે તેની માનસિક મજબૂતીની પ્રશંસા કરતા કહ્યું કે, 'પેનલ્ટી ચૂકી જવી એક મુશ્કેલ ક્ષણ હતી, પરંતુ બીજા હાફમાં તેણે જે રીતે વાપસી કરી, એક શાનદાર આસિસ્ટ આપ્યો અને પછી પોતાનો ટ્રેડમાર્ક ગોલ કર્યો, તે તેની મેન્ટલ સ્ટ્રેન્થ દર્શાવે છે.'સલાહે મેચની 74મી મિનિટે ઈજાની આશંકાને કારણે પોતાને સબસ્ટીટ્યુટ કરવા કહ્યું, જેનાથી ચાહકો થોડી ચિંતામાં દેખાયો. લિવરપૂલે મેચની શરૂઆતથી જ ગેલેટસારાયને સંભાળવાનો કોઈ મોકો આપ્યો નહીં.

લેક્મે ફેશન વીક 2026ની શરૂઆત

# મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં 'લેક્મે ફેશન વીક 2026' (LFW)ની શરૂઆત

## ઈવેન્ટમાં શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન, અનન્યા પાંડે, ડેઝી શાહ, કુબ્રા સૈત અને રાધિકા મદન જેવા સેલેબ્સ હાજર રહ્યા







મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં 'લેક્મે ફેશન વીક 2026' (LFW) ની શરૂઆત થઈ ગઈ છે. 19 માર્ચથી શરૂ થયેલા આ પાંચ દિવસીય ફેશન ઈવેન્ટના પહેલા દિવસે ઘણા મોટા ડિઝાઈનર્સે પોતાનું લેટેસ્ટ કલેક્શન રજૂ કર્યું. ઈવેન્ટમાં શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન, અનન્યા પાંડે, ડેઝી શાહ, કુબ્રા સૈત અને રાધિકા મદન જેવા સેલેબ્સ હાજર રહ્યા. જ્યારે એક્ટર સિદ્ધાર્થ અને હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ અને મોડલ માહિકા શર્મા પણ ફોકસમાં રહ્યા.

પહેલા દિવસે 'ધ બોયઝ ક્લબ' થી લઈને અનામિકા ખન્નાના 'AK|OK' લેબલ સુધી, રેમ્પ પર ટ્રેડિશનલ અને મોડર્ન સ્ટાઈલનું શાનદાર ફ્યુઝન જોવા મળ્યું. ડિઝાઈનર વિવેક કરુણાકરણ માટે સાઉથ અને બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ શોસ્ટોપર બન્યો. તેણે બ્રાઉન સિલ્ક કોટ સાથે ડ્રેપ્ડ ધોતી પેન્ટ પહેર્યું હતું. તેના આ 'અર્થી ટોન' (માટી જેવા રંગ) વાળા લુકને દર્શકોએ ખૂબ પસંદ કર્યો.સિદ્ધાર્થ ઉપરાંત 'ધ બોયઝ ક્લબ' સેગમેન્ટમાં કન્ટ્રીમેડ, ધ્રુવ વૈશ અને સાહિલ અનેજા જેવા ડિઝાઈનર્સે પુરુષો માટે નવા જમાનાના ફેશન ટ્રેન્ડ્સ બતાવ્યા.'જય હો' ફેમ એક્ટ્રેસ ડેઝી શાહ લેકમે ફેશન વીકમાં સામેલ થઈ હતી. 'સન ઓફ સરદાર 2' ફેમ એક્ટ્રેસ કુબ્રા સૈત વ્હાઈટ આઉટફિટમાં જોવા મળી.

'સન ઓફ સરદાર 2' ફેમ એક્ટ્રેસ કુબ્રા સૈત વ્હાઈટ આઉટફિટમાં જોવા મળી. સિંગર પપોન પત્ની સાથે ઈવેન્ટમાં સામેલ થયો. સિંગર પપોન પત્ની સાથે ઈવેન્ટમાં સામેલ થયો.

અનન્યા પાંડેએ ફેશન વીકમાં રેમ્પ વોક કરી. ઈવેન્ટમાં રાધિકા મદાને રેમ્પ વોક કરી.ઈવેન્ટમાં રાધિકા મદાને રેમ્પ વોક કરી.ફેશન વીકમાં શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન પણ સામેલ થઈ. અનામિકા ખન્નાના આઉટફિટમાં પહોંચી માહિકા શર્મા

પહેલા દિવસનું સમાપન જાણીતા ડિઝાઈનર અનામિકા ખન્નાના શો સાથે થયો. તેણે પોતાના લેબલ 'AK|OK' હેઠળ વર્સેટાઈલ અને ગ્લેમરસ આઉટફિટ્સ રજૂ કર્યા. મોડલ માહિકા શર્મા અનામિકા ખન્નાના ખાસ આઉટફિટમાં રેમ્પ પર ઉતરી.

આ કલેકશનમાં ધોતી પેન્ટ, રફલ્ડ ટોપ, કો-ઓર્ડ સેટ્સ અને ફ્લોર લેન્થ ગાઉન્સ પર ફોકસ કરવામાં આવ્યું હતું. અનામિકાનું આ કલેક્શન 'ઈઝ ઓફ શેપ' એટલે કે આરામદાયક અને સ્ટાઈલિશ કપડાં માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું.

ક્રિકેટર હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ માહિકા શર્માએ પણ રેમ્પ વોક કરી.સિદ્ધાર્થનો 'દેશી' લુક અને મેન્સવેરનો જલવો

ડિઝાઈનર વિવેક કરુણાકરણ માટે સાઉથ અને બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ શોસ્ટોપર બન્યો. તેણે બ્રાઉન સિલ્ક કોટ સાથે ડ્રેપ્ડ ધોતી પેન્ટ પહેર્યું હતું. તેના આ 'અર્થી ટોન' (માટી જેવા રંગ) વાળા લુકને દર્શકોએ ખૂબ પસંદ કર્યો.સિદ્ધાર્થ ઉપરાંત 'ધ બોયઝ ક્લબ' સેગમેન્ટમાં કન્ટ્રીમેડ, ધ્રુવ વૈશ અને સાહિલ અનેજા જેવા ડિઝાઈનર્સે પુરુષો માટે નવા જમાનાના ફેશન ટ્રેન્ડ્સ બતાવ્યા.

એક્ટર સિદ્ધાર્થ ડિઝાઈનર વિવેક કરુણાકરણ માટે શો-સ્ટોપર બન્યો હતો. સાડી અને મોડર્ન ડિઝાઈનનો તાલમેલ

ડિઝાઈનર જોડી અબ્રાહમ એન્ડ ઠાકુરે ફ્રેન્ચ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ 'L'Atelier 1664' સાથે મળીને 'સાડી-ટોરિયલ' કલેક્શન લોન્ચ કર્યું. જેમાં ભારતીય સાડીને મોર્ડન ફ્રેન્ચ ટચ સાથે રજૂ કરવામાં આવી. જ્યારે, 'ચોલા' બ્રાન્ડે 'એકોસ ઈન મોનોક્રોમ' પ્રેઝન્ટેશન દ્વારા માત્ર બ્લેક અને વ્હાઈટ રંગોમાં બોલ્ડ અને સ્ટ્રક્ચર્ડ ડિઝાઈન દર્શાવી.

## દીપિકા પાદુકોણનું સાસરિયા સાથેનું ખાસ બોન્ડિંગ

# પતિ રણવીરની 'ધુરંધર 2'ની પાર્ટીમાં જવાને બદલે સાસુ અને નણંદ સાથે કોન્સર્ટમાં પહોંચી



રણવીર સિંહ સ્ટારર 'ધુરંધરઃ ધ રિવેન્જ' રિલીઝ થતાં જ દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મે પહેલાં દિવસે જ 100 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી હતી. સાથે જ પેઈડ પ્રીવ્યૂ અને બીજા દિવસની કમાણી મળીને 200 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કરી લીધું છે. ફિલ્મને મળેલા શાનદાર પ્રતિસાદને લઈને શુક્રવારે મુંબઈમાં એક આફ્ટર પાર્ટી યોજાઈ, જેમાં રણવીર સિંહ ફિલ્મના કલાકારો અને ક્રૂ સાથે નજર આવ્યા હતા. જો કે, તેની પત્ની દીપિકા પાદુકોણ તેની સાથે જોવા મળી નહોતી. પરંતુ તે જ દિવસે દીપિકાએ, રણવીરની બહેન રિતિકા ભવનાની અને માતા અંજુ ભવનાની સાથે સિતારવાદક ઋષભ શર્માના કોન્સર્ટમાં હાજરી આપી હતી.સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં કોન્સર્ટ દરમિયાન દીપિકા હસતી અને એન્જોય કરતી જોવા મળી. અન્ય એક વીડિયોમાં તે પરિવાર સાથે બેસીને વાતચીત કરતી જોવા મળી. આ ઈવેન્ટ ઋષભ શર્માના 'સિતાર ફોર મેન્ટલ હેલ્થ ઈન્ડિયા ટૂર 2026'નો એક ભાગ છે. મુંબઈ પછી આ ટૂર પુણે, હૈદરાબાદ, જયપુર, ચેન્નઈ, અમદાવાદ, ચંદીગઢ, કોલકાતા અને દિલ્હીમાં જશે. નોંધનીય છે કે, દીપિકાએ અત્યાર સુધી ફિલ્મ 'ધુરંધર 2'ને લઈને સોશિયલ મીડિયા પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. ફિલ્મમાં રણવીર સિંહની એક્ટિંગને તેના કરિયરનું શ્રેષ્ઠ પરફોર્મન્સ ગણાવવામાં આવી રહ્યુ છે. સાઉથ સ્ટાર્સ અલ્લુ અર્જુન, મહેશ બાબુ સહિત અનેક સેલિબ્રિટીઝે પણ આ ફિલ્મ અને રણવીરની એક્ટિંગના વખાણ કર્યા છે.રણવીર સિંહ અને સંજય દત્ત અભિનીત 'ધુરંધર 2' એ રિલીઝના પહેલા જ દિવસે 100 કરોડથી વધુની કમાણી કરી લીધી છે. આ સફળતા બાદ ડિરેક્ટર આદિત્ય ધરે મુંબઈમાં એક ભવ્ય આફ્ટર-પાર્ટી આપી છે. જેમાં યામી ગૌતમ, અર્જુન રામપાલ અને રણવીર સિંહ સહિતની આખી સ્ટારકાસ્ટ હાજર રહી હતી. સોશિયલ મીડિયા પર પાર્ટીના ઘણા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં રણવીર સિંહ રહેમાન ડકૈતના એન્ટ્રી સોંગ પર ડાન્સ કરતો જોવા મળી રહ્યો છે. રણવીર સિંહ સ્ટારર 'ધુરંધરઃ ધ રિવેન્જ' રિલીઝ થતાં જ દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મે પહેલાં દિવસે જ 100 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી હતી. સાથે જ પેઈડ પ્રીવ્યૂ અને બીજા દિવસની કમાણી મળીને 200 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કરી લીધું છે. ફિલ્મને મળેલા શાનદાર પ્રતિસાદને લઈને શુક્રવારે મુંબઈમાં એક આફ્ટર પાર્ટી યોજાઈ, જેમાં રણવીર સિંહ ફિલ્મના કલાકારો અને ક્રૂ સાથે નજર આવ્યા હતા. જો કે, તેની પત્ની દીપિકા પાદુકોણ તેની સાથે જોવા મળી નહોતી. પરંતુ તે જ દિવસે દીપિકાએ, રણવીરની બહેન રિતિકા ભવનાની અને માતા અંજુ ભવનાની સાથે સિતારવાદક ઋષભ શર્માના કોન્સર્ટમાં હાજરી આપી હતી.સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં કોન્સર્ટ દરમિયાન દીપિકા હસતી અને એન્જોય કરતી જોવા મળી. અન્ય એક વીડિયોમાં તે પરિવાર સાથે બેસીને વાતચીત કરતી જોવા મળી. આ ઈવેન્ટ ઋષભ શર્માના 'સિતાર ફોર મેન્ટલ હેલ્થ ઈન્ડિયા ટૂર 2026'નો એક ભાગ છે. મુંબઈ પછી આ ટૂર પુણે, હૈદરાબાદ, જયપુર, ચેન્નઈ, અમદાવાદ, ચંદીગઢ, કોલકાતા અને દિલ્હીમાં જશે. નોંધનીય છે કે, દીપિકાએ અત્યાર સુધી ફિલ્મ 'ધુરંધર 2'ને લઈને સોશિયલ મીડિયા પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. ફિલ્મમાં રણવીર સિંહની એક્ટિંગને તેના કરિયરનું શ્રેષ્ઠ પરફોર્મન્સ ગણાવવામાં આવી રહ્યુ છે. સાઉથ સ્ટાર્સ અલ્લુ અર્જુન, મહેશ બાબુ સહિત અનેક સેલિબ્રિટીઝે પણ આ ફિલ્મ અને રણવીરની એક્ટિંગના વખાણ કર્યા છે.રણવીર સિંહ અને સંજય દત્ત અભિનીત 'ધુરંધર 2' એ રિલીઝના પહેલા જ દિવસે 100 કરોડથી વધુની કમાણી કરી લીધી છે. આ સફળતા બાદ ડિરેક્ટર આદિત્ય ધરે મુંબઈમાં એક ભવ્ય આફ્ટર-પાર્ટી આપી છે. જેમાં યામી ગૌતમ, અર્જુન રામપાલ અને રણવીર સિંહ સહિતની આખી સ્ટારકાસ્ટ હાજર રહી હતી. સોશિયલ મીડિયા પર પાર્ટીના ઘણા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં રણવીર સિંહ રહેમાન ડકૈતના એન્ટ્રી સોંગ પર ડાન્સ કરતો જોવા મળી રહ્યો છે.

## પહેલાં નામ બદલાયું, હવે રિલીઝ ડેટ ટળી

# સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ'ના મહત્ત્વપૂર્ણ સીનનું શૂટિંગ બાકી હોવાની ચર્ચા



સલમાન ખાનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'માતૃભૂમિ' (અગાઉ બેટલ ઓફ ગલવાન)ની રિલીઝ હાલ પૂરતી ટાળી દેવામાં આવી છે. સ્ક્રિપ્ટમાં કેટલાક ફેરફારોને કારણે ફિલ્મની રિલીઝ ડેટ પાછળ ઠેલાવવામાં આવી હોવાનો દાવો કરાયો છે. તાજેતરમાં 'ઈન્ડિયા ટુડે'ના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, વિલંબનું એક મોટું કારણ સિંગર-એક્ટર પ્રશાંત તામાંગનું અવસાન પણ છે. જોકે, હજુ સુધી મેકર્સે સત્તાવાર રીતે ફિલ્મની રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. નોંધનીય છે કે, અગાઉ ફિલ્મની રિલીઝ 17 એપ્રિલે નક્કી કરવામાં આવી હતી. રિપોર્ટમાં ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રના હવાલેથી જણાવવામાં આવ્યું કે, 'ઈન્ડિયન આઈડલ 3'ના વિજેતા અને એક્ટર પ્રશાંત તામાંગને મુખ્ય વિલનના રોલ માટે સાઈન કરવામાં આવ્યો હતો અને તેણે ઘણા મહત્ત્વના સીનની શૂટિંગ પણ પૂરી કરી લીધી હતી. જોકે, આ વર્ષે જાન્યુઆરીમાં તેના નિધન પહેલા કેટલાક મહત્ત્વના સીનની શૂટિંગ બાકી હતી. સૂત્રએ જણાવ્યું કે, 'ટીમના કેટલાક શેડ્યૂલ નક્કી હતા, જેમાં પ્રશાંતને ખૂબ જ મહત્વપૂર્ણ સીન શૂટ કરવાના હતા. તેના ગયા પછી ટીમ ઊંડા સંકટમાં છે.' જોકે, મેકર્સે શરૂઆતમાં તેના સીન રીશૂટ કરવાનું વિચાર્યું હતું, પરંતુ હાલમાં તે શક્ય લાગતું નથી. સૂત્રએ કહ્યું, 'ક્લોઝ-અપ શોટ્સ મેનેજ કરી શકાય છે, પરંતુ તે એક મોટા એક્શન સિક્વન્સનો પણ ભાગ હતો. આ માત્ર આર્થિક રીતે જ મુશ્કેલ નહીં હોય પરંતુ લોજિસ્ટિક્સની દૃષ્ટિએ પણ મુશ્કેલ હશે.' આ ઉપરાંત સૂત્રએ જણાવ્યું કે, સલમાન ખાનની તારીખો ઉપલબ્ધ નથી અને તેના લુકની સાતત્યતા પણ મુશ્કેલીઓ વધારી રહી છે, જેના કારણે ટીમ માટે પરિસ્થિતિઓ વધુ પડકારજનક બની રહી છે. એક સમયે, ટીમ કાં તો આ ભૂમિકા માટે અન્ય કોઈ એક્ટરને કાસ્ટ કરવાનું વિચારી રહી હતી અથવા AI અને VFX નો ઉપયોગ કરીને બાકીના દ્રશ્યોમાં પ્રશાંતનો ચહેરો ઉમેરવાનું વિચારી રહી હતી. જોકે, આ માટે તેમના પરિવારની મંજૂરી જરૂરી રહેશે. સૂત્રએ આગળ જણાવ્યું, 'આ મહિનાના અંત સુધીમાં નિર્ણય લેવાઈ જશે, કારણ કે ફિલ્મને પૂરી કરવી અને પોસ્ટ-પ્રોડક્શન શરૂ કરવું જરૂરી છે. રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી, પરંતુ વિષયને જોતાં, તેને સ્વતંત્રતા દિવસે રિલીઝ કરી શકાય છે.' નોંધનીય છે કે, પહેલા આ ફિલ્મનું નામ 'બેટલ ઓફ ગલવાન' હતું, જેને હવે બદલીને 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ' કરી દેવામાં આવ્યું છે. આ બદલાવ ફિલ્મની વાર્તાના ઊંડા ભાવ અને યુદ્ધ વચ્ચે માનવતાના સંદેશને દર્શાવવા માટે કરવામાં આવ્યો છે. ફિલ્મને સલમાન ખાન ફિલ્મ્સના બેનર હેઠળ સલમા ખાને પ્રોડ્યુસ કરી છે, જ્યારે અપૂર્વ લાખિયા તેના ડિરેકટર છે.આ ઉપરાંત સૂત્રએ જણાવ્યું કે, સલમાન ખાનની તારીખો ઉપલબ્ધ નથી અને તેના લુકની સાતત્યતા પણ મુશ્કેલીઓ વધારી રહી છે, જેના કારણે ટીમ માટે પરિસ્થિતિઓ વધુ પડકારજનક બની રહી છે. એક સમયે, ટીમ કાં તો આ ભૂમિકા માટે અન્ય કોઈ એક્ટરને કાસ્ટ કરવાનું વિચારી રહી હતી અથવા AI અને VFX નો ઉપયોગ કરીને બાકીના દ્રશ્યોમાં પ્રશાંતનો ચહેરો ઉમેરવાનું વિચારી રહી હતી. જોકે, આ માટે તેમના પરિવારની મંજૂરી જરૂરી રહેશે. સૂત્રએ આગળ જણાવ્યું, 'આ મહિનાના અંત સુધીમાં નિર્ણય લેવાઈ જશે, કારણ કે ફિલ્મને પૂરી કરવી અને પોસ્ટ-પ્રોડક્શન શરૂ કરવું જરૂરી છે. રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી, પરંતુ વિષયને જોતાં, તેને સ્વતંત્રતા દિવસે રિલીઝ કરી શકાય છે.'નોંધનીય છે કે, પહેલા આ ફિલ્મનું નામ 'બેટલ ઓફ ગલવાન' હતું, જેને હવે બદલીને 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ' કરી દેવામાં આવ્યું છે. આ બદલાવ ફિલ્મની વાર્તાના ઊંડા ભાવ અને યુદ્ધ વચ્ચે માનવતાના સંદેશને દર્શાવવા માટે કરવામાં આવ્યો છે. ફિલ્મને સલમાન ખાન ફિલ્મ્સના બેનર હેઠળ સલમા ખાને પ્રોડ્યુસ કરી છે.

## , રણવીર સિંહની એક્ટિંગની પણ પ્રશંસા કરી

# મહેશ બાબુએ 'ધુરંધર 2'ના વખાણ કર્યા એકદમ શાનદાર રીતે બનાવેલી ધમાકેદાર ફિલ્મ



સાઉથ એક્ટર મહેશ બાબુએ ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ'ના ખૂબ વખાણ કરતા તેને શાનદાર ફિલ્મ ગણાવી. સાથે જ આદિત્ય ધરના ડિરેક્શન, રણવીર સિંહ અને આર. માધવનની એક્ટિંગ અને ફિલ્મના સંગીતની પ્રશંસા કરી. ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફિલ્મને લઈને તેણે લખ્યું, 'ધુરંધરઃ ધ રિવેન્જ' એકદમ શાનદાર રીતે બનાવેલી ધમાકેદાર ફિલ્મ છે! રણવીરનું અત્યાર સુધીનું સૌથી શાનદાર રૂપ જોવા મળ્યું છે. આદિત્ય ધરે તેને જે રીતે વિચાર્યું અને રજૂ કર્યું છે, તે ખરેખર પ્રશંસનીય છે. આર. માધવનની એક્ટિંગ અને શાશ્વત સચદેવનું સંગીત ખાસ કરીને શાનદાર છે. આ ફિલ્મ જોવા અને ઉજવણી કરવા લાયક છે. આખી ટીમને અભિનંદન.' આદિત્ય ધરે મહેશ બાબુના ટ્વીટનો જવાબ આપતા લખ્યું- 'તમારા શબ્દો માટે આભારી છું, મહેશ ગરુ. ધુરંધર (ધ રિવેન્જ) ને આટલો પ્રેમ અને સ્નેહ આપવા બદલ આભાર.' સાઉથ એક્ટર અલ્લુ અર્જુને ફિલ્મ 'ધુરંધર 2' જોયા પછી તેની પ્રશંસા કરી. તેણે કહ્યું કે આ દરેક ભારતીયને ગર્વ અનુભવ કરાવશે. તેણે રણવીર સિંહ અને આર. માધવન સહિત ફિલ્મના સમગ્ર સ્ટાર કાસ્ટના પ્રદર્શનની પણ પ્રશંસા કરી.બુધવારે અલ્લુ અર્જુને ટ્વીટ કરતા ફિલ્મ વિશે લખ્યું, 'હમણાં જ ધુરંધર 2 જોઈ - દેશભક્તિ સાથે જબરદસ્ત સ્વૅગ છે. આ એક એવી ફિલ્મ છે જે દરેક દેશભક્તને ગર્વ અનુભવ કરાવશે. ઘણી એવી ક્ષણો છે, જ્યાં તમે તાળીઓ પાડવાથી પોતાને રોકી શકશો નહીં. સંપૂર્ણ ધમાકો! આખી ટીમને અભિનંદન.' તેણે આગળ લખ્યું, 'આર. માધવન અને બધા કલાકારોનું શાનદાર પ્રદર્શન છે. ટેકનિકલ સ્તરે પણ ફિલ્મ કમાલની છે. મને ગર્વ છે કે આપણા દેશમાં મારા ભાઈ રણવીર સિંહ જેવા ઉત્તમ અને મલ્ટિટેલેન્ટેડ એક્ટર છે. રણવીર સિંહ ફાયર છે. આદિત્ય ધરે કમાલ કરી દીધો, તે સંપૂર્ણપણે છવાઈ ગયા. આપણા દેશમાં તેમના જેવા શાનદાર ફિલ્મમેકર્સ હોવા ગર્વની વાત છે. એક ભારતીય વાર્તા ઈન્ટરનેશનલ સ્વૅગ સાથે! જય હિંદ.' તે જ સમયે, અલ્લુ અર્જુનનો આભાર માનતા આર. માધવને ટ્વીટના જવાબમાં લખ્યું- 'હું ખૂબ જ નમ્ર, ભાવુક અને ખૂબ જ પ્રેરિત અનુભવી રહ્યો છું. તમારા તરફથી આ સાંભળવું મારા માટે ખૂબ જ મહત્વનું છે.' આગળ તેમણે લખ્યું, 'મેં તમારી બધી ફિલ્મો તમારી ક્ષમતા પ્રત્યે ઊંડા આદર અને આશ્ચર્ય સાથે જોઈ છે.

## વહુને સ્ટેજ પર જોઈ સાસુની આંખો ખુશીઓથી ભરાઈ આવી

# માંગમાં સિંદૂર અને ગળામાં મંગળસૂત્ર! લગ્ન પછી રશ્મિકા મંદાનાનો પહેલો બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ



સાઉથ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ 'તેલંગાણા ગદર ફિલ્મ એવોર્ડ્સ 2025'માં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ પોતાના નામે કર્યો છે. 26 ફેબ્રુઆરીએ વિજય દેવરકોંડા સાથે લગ્નના બંધનમાં બંધાયા પછી આ રશ્મિકાનો પહેલો મોટો પબ્લિક અપિયરન્સ હતો. આ પ્રસંગે તે સાસુ માધવી દેવરકોંડા સાથે જોવા મળી હતી. એવોર્ડ સમારોહનું આયોજન 19 માર્ચે 'ઉગાડી'ના અવસરે કરવામાં આવ્યું હતું, જેમાં તેલુગુ સિનેમાના ઘણા મોટા સેલેબ્સે હાજરી આપી હતી.એક્ટર રામ ચરણે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની હાજરીમાં રશ્મિકાને આ ટ્રોફી સુપરત કરી. ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' માટે મળ્યું સન્માન રશ્મિકા મંદાનાને તેમની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'માં 'ભૂમા દેવી'ના પાત્ર માટે બેસ્ટ એક્ટ્રેસ તરીકે પસંદ કરવામાં આવી. અભિનેતા રામ ચરણે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની હાજરીમાં રશ્મિકાને આ ટ્રોફી આપી. લગ્ન પછી આ રશ્મિકાનો પહેલો મોટો એવોર્ડ છે. આ પ્રસંગે તેઓ તેમની સાસુ માધવી દેવરકોંડા સાથે જોવા મળ્યા. સ્ટેજ પર એવોર્ડ લેતી વખતે રશ્મિકા ખૂબ જ ભાવુક દેખાઈ. તેણે પોતાની સ્પીચમાં સંઘર્ષના દિવસોને યાદ કરતા કહ્યું, 'શરૂઆતમાં લોકોએ મારા પર્ફોર્મન્સને ખૂબ ટ્રોલ કર્યું હતું, પરંતુ આજે તે જ કામ માટે રાજ્યએ મને આ એવોર્ડ આપ્યો છે. મેં અહીં સુધી પહોંચવા માટે લાંબી સફર ખેડી છે.' રેડ કાર્પેટ પર રશ્મિકા પોતાની સાસુ માધવી દેવરકોંડા સાથે પહોંચી હતી. લુકની વાત કરીએ તો, રશ્મિકાએ આઈવરી કલરની સિલ્ક સાડી પહેરી હતી. તેણે માંગમાં સિંદૂર, ગળામાં ગોલ્ડ મંગળસૂત્ર અને વાળમાં ગજરો લગાવીને પોતાનો ટ્રેડિશનલ લુક પૂરો કર્યો હતો. એવોર્ડ ફંક્શનમાં કમલ હાસન અને ચિરંજીવી પણ સામેલ થયા.સમારોહમાં ફિલ્મ 'થંડલ' માટે નાગ ચૈતન્યને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો. જ્યારે, ફિલ્મ જગતમાં યોગદાન માટે દિગ્ગજ એક્ટર કમલ હાસનને 'પેડી જયરાજ ફિલ્મ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. 'રાજુ વેડ્સ રંબાઈ' માટે સેલુ કંપતિને બેસ્ટ ડિરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા.

રેડ કાર્પેટ પર રશ્મિકા પોતાની સાસુ માધવી દેવરકોંડા સાથે પહોંચી હતી. લુકની વાત કરીએ તો, રશ્મિકાએ આઈવરી કલરની સિલ્ક સાડી પહેરી હતી. તેણે માંગમાં સિંદૂર, ગળામાં ગોલ્ડ મંગળસૂત્ર અને વાળમાં ગજરો લગાવીને પોતાનો ટ્રેડિશનલ લુક પૂરો કર્યો હતો. એવોર્ડ ફંક્શનમાં કમલ હાસન અને ચિરંજીવી પણ સામેલ થયા. સમારોહમાં ફિલ્મ 'થંડલ' માટે નાગ ચૈતન્યને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો. જ્યારે, ફિલ્મ જગતમાં યોગદાન માટે દિગ્ગજ એક્ટર કમલ હાસનને 'પેડી જયરાજ ફિલ્મ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. 'રાજુ વેડ્સ રંબાઈ' માટે સેલુ કંપતિને બેસ્ટ ડિરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા.